તંત્રી · બચુભાઈ રાવત
જૂન · ૧૯૪૫ ૨૫૮




દાદીનો લાડકો (ફોટો · જગન્નાથ મહેતા)

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનું અગ્રણી માસિક



'દિલ્હી દેખો; બંબઈ દેખો....'

ચિત્રલેખા: અવંતિકાબ્હેન આલમૌલા
(ગુજરાત કલાસંઘ ચિત્રશાળા)

કુમાર

જૂન ૧૯૪૫

અંક ૨૫૮

પ્રકાશન તા. ૧૫-૬-૧૯૪૫

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો તથા પ્રકીર્ણ

લેખકોને

કાગળ-કરકસર-કાનૂનને કારણે લેખો અત્યંત ટૂંકા અને મુદ્દાસર હોય એ જરૂરી છે. તેમજ પોતાના લેખ માટે ઉત્તર કે અસ્વીકૃત લેખ પાછો મેળવવા ઇચ્છા હોય તો લેખ સાથે પોસ્ટેજ મોકલવું પણ આવશ્યક છે. તે વિના ઉત્તર આપવાનું બની શકશે નહિ.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂા. ૬; પરદેશમાં શિ. ૧૨; છુટક દસ આના. બહારગામમાં લવાજમ ભરવાનાં સ્થળ : મુંબાઈમાં (૧) આર. આર. શેઠની કં. (૨) એન એમ. ત્રિપાઠી લિમિટેડ તથા (૩) રાવળ બ્રધર્સ, પ્રિન્સેસ સ્ટ્રીટ. વડોદરામાં પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. રાવપુરા; કલકત્તામાં એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલા સ્ટ્રીટ; કરાચીમાં ભારત ભંડાર, પ્રિન્સેસ સ્ટ્રીટ.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યૂરો, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ–૧; અમદાવાદમાં મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ.





માનવીની મોટામાં મોટી શોધ લેખનકળા : તેનાં સાધનોનો વિકાસ



આ અંકમાં પૃ. ૬૬૨ પર આપેલા લેખની પૂર્તિરૂપ આ આલેખનમાં, ગુફામાં રહેતો માનવી હાડકાં ને પત્થરો પર વાંકાચૂંકાં ચિત્રો આલેખતો થયો ત્યારથી માંડીને આજના ટાઈપરાઈટર સુધીનાં લેખનકળાનાં સાધનોની પદ્ધતિ અને વિકાસ સમજાવવામાં આવ્યાં છે. ચિત્રો દ્વારા વિચારો આલેખવાની ગુફા-માનવીની કઢંગી રીત સંસ્કાર પામીને મિસરી લોકોની ચિત્રલિપિ હાયરોગ્લિફનું રૂપ પામી. તેઓ શરૂમાં ભીંતો પર અને પછી પેપીરસ (નાઈલ નદીમાં થતા છોડવામાંથી બનાવેલા કાગળ) પર લખતા. બૅબિલોનિયાના લોકો ફાચર આકારના ખીલા વડે કાચી ઈંટો પર પોતાની ક્યુનિફૉર્મ લિપિ છાપી તેને પકવતા. હિંદમાં લીલાં તાડપત્રો પર ખીલા વડે અને સૂકાં તાડપત્રો તથા ભોજપત્રો પર શાહી વડે લખવાની શોધ તો ઘણી પ્રાચીન છે. રોમનો મીણ-પાટી પર સ્ટાઈલસ નામના અણીવાળા ખીલાથી લખતા, જેનો પાછલો છેડો ચપટો હોવાથી, લખતાં થએલી ભૂલને તે વડે દબાવી સપાટ કરી લેતા. બરુની કલમ પ્રાચીન હિંદ, મિસર અને ગ્રીસમાં વપરાતી તે મધ્યયુગ સુધી ખ્રિસ્તી સાધુઓ વાપરતા. તે પછી પંખીનાં પીછાંની કલમ ત્યાં શોધાઈ અને અંતે આજના યુગમાં, બાળકોની પત્થરપાટી તથા પત્થરપેનથી માંડી, પેન્સિલ, ટાંક, ફાઉન્ટનપેન અને ટાઈપરાઈટરના રૂપમાં થએલો લેખન-સાધનનો વિકાસ તો જાણીતો છે.

સ્વપ્નો બને સજીવ · વસંતતિલકા ·

સ્વપ્ને છકેલ બસ પાગલ જિન્દગાની,
ને જાગતી પ્રગલ મસ્તીભરી જવાની;
તેજે પ્રપૂર્ણ નભમાં શશી પૂર્ણિમાએ
સાતે સમુદ્ર ગરજે, પછી શી મણા રૂહે?

આયુષ્યના અખૂટ સાજ સજાવી, ઘેલા
અશ્વે પરાક્રમતણા, નિત પાણીપન્થે,
બાંધી રકાબ મહીં તો જયને જ પ્હેલા,
સ્વારી અમારી ઉપડે પથ દિગ્દિગન્તે.

નિઃસીમમાં ભમવું એ દિગ-અન્તરાલે
આ લોકલોક મહીં રેલવી અમૃતોને;
સંવાદ જે રચત મંગલ સર્વ કાલે,
એ પામવાં વિશદ વિશ્વભર્યાં ઋતોને.

સ્વપ્નો બને સજીવ, શી પછી રૂહે કમીના?
પાશે જવાની નિત ઘૂંટ જગે અમીના.

પિનાકિન્ ઠાકોર

કવિને · પૃથ્વી ·

જરૂર પડઘો પડે ઘુમટને તળે જો જઈ
મનુષ્ય ઉરના, ઉપાડ તુજ ગાનને ઓ કવિ!
પરંતુ ફરતો રહે ઘુમટઆજુબાજુ અને
કર્યા જ કર ગાન, ને નવ મળે પ્રતિશબ્દ જો
જરી ય નવ દોષ એ ઘુમટનો શકે તું ગણી.

પછી વિફળતા મહીં વિચરતો રહે વ્યર્થ તું,
દલીલ બહુ શોધતો દિલતણા દિલાસા તણી,
કહે 'ગરજતા રહે દિવસ રાત આ સાગરો
અને વરસતાં રહે નિજ ઋતુ મહીં વાદળો
થતાં ઉભય ધન્ય ધન્ય નિજ કામ પૂરૂં કરી.'

કદાચ તુજ આ કદી કુદરતે હશે ધન્યતા,
પરંતુ તુજ ગાનની ય કદિ એમ ના લેખતો.
ન ગાન તુજ કાજ માત્ર; ઉર અન્ય એ ઝીલશે
હમેશ નવ ઇચ્છતો? વણઝીલ્યું પછી જો રહે
હમેશ, કઈ ધન્યતા કવિ! પછી ય તે સાંપડે?

પ્રહ્લાદ પારેખ

શરો મારાં નિત્યે તુજ પણછગુંજાર વરજો.

ભૂ.

ફૂટેલી નૌકા

મુંબાઈ યુનિવર્સિટીનું મૅટ્રિક્યુલેશનની પરીક્ષાનું આ વર્ષનું પરિણામ ફક્ત ૩૭ ટકા જાહેર થયું છે. ૬૩ હજારમાંથી એક્તાળીસ–બાવીસ હજાર કિશોરોના શ્વાસ રુંધાઈ ગયા છે. . . . સાતસાત વર્ષો સુધી કષ્ટો વેઠતી, વાર્ષિક, છમાસિક, ત્રૈમાસિક, માસિક ને અઠવાડિક કસોટીઓમાંથી પાર ઊતરી, છેલ્લે પ્રીલિમિનરી ને યુનિવર્સિટીની પરીક્ષા પાછળ પોતાનાં બધાં હીર બાળી નાખી બેઠેલા વિદ્યાર્થીઓ, પોતાના પુરુષાર્થ અને માબાપોના પૈસા પર એક પ્રભાતે પાણી ફરી વળેલું નિહાળે ત્યારે તેમની માનસિક દશા કેવી બને એ વિચારવા જેવું છે.

બીજો વિચાર ઊપડે છે: આ કેળવણી તે કેવી? એના ઘડનારા કેવા? એ કેળવણીની ફૂટેલી નૌકા બનીને ભરદરિયે આ હજારોને ડુબાડી દેતી યુનિવર્સિટી કેવી? આ પરીક્ષા-પદ્ધતિ એ તો પ્રજાદેહ પર નીકળેલું ગૂમડું છે. ગૂમડું દુઃખે છે, એટલે પોકાર કરીએ છીએ. પણ રોગ તો ઊંડો છે. શિક્ષણની પદ્ધતિ એ જ મૂળ રોગ છે. અભ્યાસક્રમમાં જ રોગની જિવાત છે. ભણવાના વિષયો વધે છે, વિષયોની રચના જટિલ ને વધુ જટિલ બને છે, વિષયો ભણાવનારા તકલાદી બન્યા છે, શાળાઓ હાટડીઓ બની છે, વિદ્યાના પ્રદાન તેમજ સંપાદનમાંથી રસ ચૂસાઈ ગયો છે.

એમાં પાછી વિદ્યાર્થી-માનસમાં દ્વિધા જન્મી છે. કેળવણી પ્રત્યે સાવકી મા જેવો ભાવ પોષાયો છે. રાષ્ટ્રપુરુષો કંઈક કહે છે, કેળવણીકારો કંઈક કહે છે. એકાગ્રતાને વિક્ષેપ પમાડતા ઉથામાની આંધીઓ ચડે છે. દેશનો યુવાન શ્રદ્ધા ખુતાડીને એકલક્ષી વિદ્યોપાસના કરી શકતો નથી. એનું ચિત્ત કેળવણીમાં ચોંટતું નથી, એ પણ વેઠ ખેંચે છે.

વિચાર ખાલે બંધાય છે: કે આ કેળવણી આપણી પોતાની નથી, આપણા આપ્તજનશ્રેષ્ઠોની રચેલી નથી, આપણા ભૂમિગત સ્વભાવ-સંસ્કારની દ્યોતક નથી, ગુજરાતનાં બાળકોને ઘડતી શિક્ષણપ્રણાલી ગુજરાતે જ પ્રયોજવી પડશે. મુંબાઈ યુનિવર્સિટી એ તો અત્યારે જટિલ ભુલભુલામણી બનેલ છે. એમાં ભિન્નભિન્ન વર્ગહિતો પ્રાંતહિતોનું સંઘર્ષણ ચાલે છે. એમાં ગુજરાતનાં બાળકનો વિવેકભર્યો વિચાર કરવાને અવકાશ નથી.

આ કંઈ એ યુનિવર્સિટીનો દોષ નથી. એને માટે જે પ્રગતિ નિર્માઈ હતી તે પ્રગતિના સીમાચિહ્ન સુધી પહોંચ્યા પછી એ બાપડી શું કરે? એની સ્થિતિચુસ્તતા એ જ એનું પ્રાણતત્ત્વ છે. એ કંઈ સાપની કાંચળી નથી કે ઉતારીને કોરે મૂકી શકે. એ તો એનું કલેવર જ છે. માટે એણે નષ્ટ જ થવું જોઈએ. આપણે એ મૂઈ માને ક્યાં સુધી ધાવશું? (કુલછાબ)

મુંબાઈ યુનિવર્સિટીનો વિસ્તાર

૧,૯૬,૫૯૪ ચોરસમાઈલના વિસ્તારના વિદ્યાર્થીઓને આવરી લેતી મુંબાઈ યુનિવર્સિટી હિંદભરમાં મોટામાં મોટી છે. તેની પરીક્ષામાં બેસનારા સિંધી, મરાઠી, ગુજરાતી, કાનડી, ઉર્દૂ, અંગ્રેજી ને હિંદી એટલી વિવિધ માતૃભાષા ધરાવનારા છે. નીચેના આંકડા વિશેષ ખ્યાલ આપશે:

સાલ	મૅટ્રિકમાં બેઠેલા	કૉલેજસંખ્યા	સાલ	કૉલેજિયનોની સંખ્યા
૧૯૩૨	૧૫,૫૦૦	૨૬	૧૯૨૬	૧૨,૦૦૦
૧૯૪૫	૬૪,૦૦૦	૬૬	૧૯૪૬	૫૦,૦૦૦

બેકાબૂ ગણાય એવડો આ જંગી વિસ્તાર, ને વિચારપૂર્વક યોજાએલી પ્રાંતીય જરૂરિયાતોની પોષક કેળવણીને અભાવે વર્ષોવર્ષ મૅટ્રિકની કતલમાં ઓરાતા કિશોરોની હજારોની સંખ્યા, ગુજરાતને પોતાની જ યુનિવર્સિટી હોવાની જરૂર આપમેળે સાબિત કરે છે.

અમિતાભ!

મૂળ લેખક : શરદિન્દુ વંદ્યોપાધ્યાય

અનુવાદક
રમણિક મેઘાણી



એમની શ્રેષ્ઠ ગણાએલી વાર્તા 'ચંદનમૂર્તિ' ઘણાને યાદ રહી ગઇ છે. આ વાર્તા તેને મેળુલાવી દેશે

ભલેને એમ તેટલું અસંભવિત કહેતો હોઉં, પણ જો એ સાથે કોઈ મહા વિદ્વાનનું નામ સાંકળી દઉં તો મારી વાત વિષે કોઇ અવિશ્વાસ નહિ કરે. જો હું એમ કહું કે ગઇ રાત્રે અંધારામાં એકલા જતાં માર્ગે મેં ભૂત જોયું, તો સૌ તુરત ખડખડાટ હસી પડીને મારી વાત ઉડાડી મૂકશે ને કહેશે કે 'છોકરો ગંજેરી છે એટલે સૌને ગાંજો પીધેલા માને છે!' છતાં સર ઑલિવર લૉજે જ્યારે અખબારો દ્વારા બહાર પાડ્યું કે 'એકાદ બે અથવા ગણ્યાગાંઠ્યા નહિ, પણ લાખમલાખ ને કોટાનકોટિ ભૂત રાતદિવસ આ પૃથ્વી પર આથડતા ભમતા ફરે છે' ત્યારે સૌએ ભીણવટથી ધ્યાનપૂર્વક એ વાંચ્યું!

આ યુગ જ અવિશ્વાસનો છે; ને છતાંયે લોકોને કોઇ પણ વાત સમજાવવી કેટલી સહેલી છે! માત્ર એકાદ વિદ્વાનનું નામ—એકાદ નાનો મોટો આધુનિક પાશ્ચાત્ય વિદ્વાન જોઇએ. જૂના જમાનાનો હશે તો નહિ ચાલે અને દેશી હશે તો તો બધું જ ધૂળ મળ્યું સમજજો!

એથી જ વિચારતો હતો કે હું જાતિસ્મર* છું એ વાત તમને કઈ રીતે સમજાવું? કોઈક વિદેશી વૈજ્ઞાનિકનું નામ આ વાત સાથે સાંકળીને તમારી શંકા દ્વિધાને દૂર કરું? હું રેલવેમાં કારકુન છું; મૅટ્રિક સુધી ભણ્યો છું; સતત તેર વર્ષ નોકરી કર્યા પછી હવે છોંતેર (૭૬-૦-૦) રૂપિયાનો દરમાયો મેળવતો થયો છું;—એવો હું જાતિસ્મર? હસવા જેવું જ નથી લાગતું શું?

રેલવેનો ખાસ પાસ મેળવી જે વર્ષે હું રાજગીરના ભગ્નાવશેષો જોવા ગયો ને ગાઢ જંગલો વચ્ચે પ્રાચીન પાષાણસ્તૂપ ઉપર ઊભો રહ્યો તે દિવસે મારી આંખો સામેથી પહેલી વાર કાળનો પડદો સરી ગયો. મેં જોએલું એ દૃશ્ય કેટલા સમય પહેલાંનું હતું? બે કે ત્રણ હજાર વર્ષ? બરાબર તો ખબર નથી, પરંતુ યાદ આવે છે કે ત્યારે પૃથ્વી વધુ તરુણ હતી, આકાશ વધુ નીલું હતું, ધરા વધુ હરિયાળી હતી.

હું જાતિસ્મર? છોંતેર રૂપરડીનો પગારદાર અદનો રેલ-કારકુન હું જાતિસ્મર?! ન માની શકાય એવી જ વાત છે ને? છતાં વારંવાર—સેંકડોવાર હું આ ભારતભૂમિમાં જ ફરીફરીને જન્મ્યો છું એમ મને લાગે છે. ક્યારેક દાસ રૂપે જન્મ્યો છું, તો ક્યારેક સમ્રાટ રૂપે સાગરો સાથ આ વિશાળ પૃથ્વી પર મેં શાસન કર્યું છે; શત મહિષી ને સહસ્ર બન્દિનીઓએ મારી સેવા ઉઠાવી છે. વિદ્યુતશિખા જેવી, જ્વલંત અગ્નિ શી રૂપધારિણી એ નારી જાતિ આજે ક્યાં ચાલી ગઇ? એ રૂપ હવે પૃથ્વી પર નથી—એ નારી જાતિ પણ નથી. અત્યારે તો છે વાંદાની જેમ અંધકારમાં જીવી રહેલા જીવ. તે કાળે તો સ્ત્રી હતી સર્પિણી જેવી તીવ્ર ને દુર્જેય. અરણ્ય અશ્વિનીની જેમ એને વશ કરવી પડતી.

અને પુરુષ? અરીસામાં મેં જોઈ મને હસવું આવે છે. એ જ હું—જે શૂરસેનરાજની બે પુત્રીઓને બે બાહુમાં ઉઠાવી, દુર્ગકોટને કાંગરેથી પરિખાના ઊંડા જળમાં કુદકો મારી તરીને જમુનાને પેલે પાર નીકળી ગયો હતો. ને પછી... પણ જવા દો એ વાત. કોઇ માનશે નહિ. માત્ર હસશે. હું યે હસું છું. ઑફિસમાં લખતાંલખતાં ઓચિંતો અટ્ટહાસ કરીને હું યે હસી પડું છું.

છતાં વાત ખરી છે. આવું તો ઘણી વાર બન્યું છે. રાજગીરના ધ્વસ્ત સ્તૂપ પર ઊભાં ઊભાં મનમાં થતું હતું, જાણે આ સ્થળ મારું ચિરપરિચિત છે એક વાર નહિ પણ શત-સહસ્રવાર હું આ સ્થળે જ ઊભો રહ્યો છું. પણ ત્યારે અહીં આ પત્થરોના ટીંબા-ટેકરા નહોતા. હું આજે જ્યાં ઊભો છું તેની ડાબી બાજુએથી એક સાંકડો પણ લાંબો માર્ગ જતો હતો. એ માર્ગની બંને બાજુએ અધિકારીઓ અને શ્રીમંતોનાં મકાનો હતાં. થોડેક દૂર, અહીં જ, મહાશ્રીમંત સુવર્ણદત્તનો દેવદારુનિર્મિત પ્રાસાદ હતો. જે દિવસે રાજગૃહમાં આગ લાગી તે દિવસે સુવર્ણદત્ત આસવપાન કરી, વિવશ બની, પોતાના ખંડનાં બારણાં બંધ કરી સૂતો હતો. એની સાથે હતી ચાર રૂપગર્વિની નગરનારીઓ. નગર ભસ્મિભૂત થયા પછી ગામલોકોએ તેમનાં શબ બહાર કાઢ્યાં, ને જોયું તો શ્રેષ્ઠી મૃત્યુ પામ્યા હોવા છતાં તેના શરીર પર ક્યાંયે બળ્યાની લેશમાત્ર નિશાની નહોતી.—એ માત્ર બફાઈ રંધાઇ ગયું હતું. થોડા સમય પહેલાં એ બાલીદ્વીપમાંથી એક અષ્ટોત્તર-સહસ્રનાલ ઇન્દ્રછંદ માળા લાવ્યા હતા. એ જાતનો મુક્તાહારનો જોટો આખા મગધમાં નહોતો. સૌએ જોયું તો એના ગળા ફરતી એ ઇન્દ્રછંદની મુક્તાભસ્મ ચોંટી હતી....

પણ ધીરેધીરે હું ભાન ભૂલતો જાઉં છું. શૂરસેન સાથે મગધ ને અગ્નિ સાથે રાજકન્યા-હરણને મેં ભેળવી માર્યાં. આમ કેમ ચાલશે?

ફરી મૂળ વાત પર આવું. હું જાતિસ્મર છું. સંગ્રહસ્થાનમાં સચવાએલો એક શિલાલેખ જોઈ મારા હૃદયના ધબકારા વધી જાય છે; મારો કંઠ રૂંધાઇ જાય છે. આ શિલાલેખ તો મારો કોતરેલો-કંડારેલો! આસમુદ્રકરગ્રાહી સમ્રાટ કનિષ્કના જમાનામાં જ્યારે સદ્ધર્મનું પુનરુત્થાન થએલું, ત્યારે વિહારની શોભા માટે મેં જ આ શિલાલેખ કોતર્યો હતો. ત્યારે મારું નામ પુંડરીક હતું. હું મુખ્ય શિલ્પી—રાજભાસ્કર હતો. એ પુંડરીક-જીવનનો પ્રત્યેક પ્રસંગ મારા સ્મરણપટ પર હજુ યે તાજો જ છે. આ શિલાલેખની વચ્ચે જે વિનમ્ર યક્ષિણી-મૂર્તિ દેખાય છે, તેનું પ્રતીક કોણ હતું, જાણો છો? એ હતી સિતાંશુકા, તક્ષશિલાની વડી રૂપગર્વિની, સર્વશ્રેષ્ઠ પુર-વારાંગના. સૌ જાણતાં કે એ રાજ-બીજે જન્મેલી છે. એ સિતાંશુકાને નિરંશુકા—નવસ્ત્રી કરી, સન્મુખ ઊભી રાખી, પાષાણી છીણી વડે શિલાને કંડારીકંડારીને મેં આ યક્ષિણી-મૂર્તિ ઘડી હતી. પુંડરીક સિવાય બીજું કોણ એ મૂર્તિ ઘડી શકત? ને છતાં મનો મન થાય છે, જાણે એ અપાર્થિવ લાવણ્ય આ કઠણ પત્થર પર બરાબર નથી ઉપસ્યું. આજે પણ—આ કારકુન જીવનમાં યે—સિતાંશુકાનું મેં દીઠેલું એ લાવણ્ય એવું ને એવું જ મારા માનસમાં અંકાએલું પડ્યું છે.

ને પછી ઝેરી ધૂમ્ર દ્વારા સિતાંશુકાએ કઈ રીતે મારો પ્રાણ લીધેલો એ પણ હું નથી ભૂલ્યો. સુરમ્ય વિશાળ ખંડ છે. ચારે ખૂણે આરસના ગોખલામાં પુન્નાગચમ્પક તેલના સુગંધી દીપકો બળી રહ્યા છે. વચ્ચે એક વિચિત્ર ચીની-રેશમી વસ્ત્રથી આચ્છાદિત પલંગ-શય્યા છે. ઓશીકા પાસે ધૂપ મઘમઘતો જલી રહ્યો છે. એ ધૂપની સૌરભે

*પોતાના પૂર્વજન્મ જાણી શકનાર માણસ

બૌદ્ધકાલીન વાતાવરણમાં બોળેલી એક ઈતિહાસરંગી કલ્પનાકથા

ધીરેધીરે મારૂં શરીર અવશ બની રહ્યું છે. દૂર-સુદૂરથી આવતો કો વાદ્યનો કરુણ સૂર મારી સર્વ ઇન્દ્રિયોને તંદ્રાચ્છન્ન કરી રહ્યો છે. અને એ પછી મારી એ મોહનિદ્રા આ જન્મમાં ફરી ન જ ઊડી.

આમ કેટલા યે જીવનનાં, કેટકેટલા યે ઘુંટાઇવાયા પ્રસંગો છે. સુદૂર અતીતમાં એવી ઘણી યે વસ્તુઓ હતી, જે સંપૂર્ણપણે એ યુગની જ હતી. આ યુગ સાથે તેને જરા યે સંબંધ નથી વિચારૂં છું ત્યારે લાગે છે કે ત્યારે માનવી વધુ નિષ્ઠુર હતો. જીવનનું મૂલ્ય ત્યારે બહુ નહોતું. તદ્દન નજીવા કારણે લોકો એકબીજાનું ખૂન કરતા, ને એથી જ ત્યારે લોકોમાં મૃત્યુનો ભય પણ ઓછો હતો. ત્યારે માનવીમાં ક્રૂરતા હતી. ચાતુરી ને કુટિલતા યે હતી. પણ ક્ષુદ્રતા કે લઘુતા નહોતી. આજ-ના માનવી જાણે બધી વાતે વામણો બન્યો છે. શરીર, મન ને હૃદય-ધર્મની એ વિશાળતા આજે જાણે નથી રહી. જાણે માનવી ત્યારે જુવાન હતો, આજે એ વૃદ્ધ બની ગયો લાગે છે.

ઘરના એક ખૂણામાં બેઠોબેઠો આ લખી રહ્યો છું. ધુમાડાનાં ગૂંચળાંની જેમ વર્તમાન જગત મારી પાસેથી દૂર સરી જાય છે ને ધીરેધીરે મારી સમીપ ખડું થઈ જાય છે એક માયામય જગત. અઢી હજાર વર્ષ પૂર્વેનું એક સ્વપ્ન હું જોઉં છું. એક પુરુષ, ભારત આજે જેને વિસરી ગયું છે તેનું કરોડો ચંદ્ર જેવું સ્નિગ્ધ, સૌમ્ય, તેજસ્વી મુખ આ બે નશ્વર આંખે હું જોઈ રહું છું. એ જ્યોતિર્મય પુરુષને એક દિવસ મેં સગી બે આંખો વડે જોયા હતા; એમનો કંઠસ્વર સગા કાને સાંભળ્યો હતો. આજે એ જ વાત જન્માન્તરની સ્મૃતિમાંથી અહીં ઉતારૂં છું:

ઉત્તરમાં મોસાળપક્ષ લિચ્છવી અને પશ્ચિમમાં મોસાળપક્ષ કોશલ એ બંને, મગધેશ્વર પરમવૈષ્ણવ શ્રીમન્મહારાજ અજાતશત્રુને ખૂબ જ હેરાન કરી રહ્યા હતા. આ પહેલાંના મહારાજ બિમ્બિસાર શાન્તિ-પ્રિય માનવી હતા, તેથી લિચ્છવી અને કોશલ સાથે અથડામણમાં ન ઊતરતાં અગાઉ એ બંને રાજની ઇચ્છા મુજબ તેમની એકએક પુત્રી સાથે લગ્ન કર્યાં હતાં. પણ અજાતશત્રુ એ પ્રકૃતિનો માનવી ન હતો. લગ્ન કરતાં યુદ્ધ એને વધુ ગમતું. વળી ઈચ્છા હોય તો યે મોસાળ-પક્ષમાં લગ્ન કરવું સંભવિત પણ નહોતું. તેથી પિતાના અકસ્માત અવ-સાન પછી એણે પ્રફુલ્લ ચિત્તે યુદ્ધ આદરી દીધું.

પરંતુ મુશ્કેલી એ હતી કે શત્રુ બંને બાજુ હતા. ઉત્તરના શત્રુને હાંકી કાઢવા જતાં પશ્ચિમ તરફના શત્રુઓ રાજ્યમાં પ્રવેશી જતા. કોશલને કાશીની પેલી બાજુ તગડી મૂકી પાછા ફરતાં જુએ છે તો લિચ્છવીઓ રાજગૃહમાં પ્રવેશવાની તૈયારી કરી રહ્યા છે. મગધ રાજ્યના અન્તપાલ સામંત રાજાઓ સીમાડો ન સાચવી શકતા. કો'ક ભાગીને પાછા રાજધાનીમાં ચાલ્યા આવતા તો કો'ક શત્રુઓ સાથે મળી જતા. રાજ્યમાં અશાન્તિનો પાર નહોતો. લોકોમાંથી કોઇને અજાતશત્રુથી સંતોષ નહોતો. એમના મતે રાજા અજાતશત્રુ વીર હતા, પણ એનામાં બુદ્ધિશુદ્ધિ બહુ નહોતી. પરંતુ લોકોની સમજણમાં ભૂલ હતી. અજાતશત્રુમાં બુદ્ધિનો અભાવ જરા યે નહોતો. એની તલવાર અને બુદ્ધિની તીવ્રતા લગભગ સમાન તીક્ષ્ણ હતી.

વર્ષાકાળની શરૂઆતમાં યુદ્ધ સ્થગિત હતું. એવે એક દિવસ અજાત-શત્રુએ મહાઅમાત્ય વર્ષકારને બોલાવવા દૂત મોકલ્યો. નગરના નિર્જન સ્થાનમાં વેણુવન નામનું ઉદ્યાન હતું. રાજા બિમ્બિસારે એ બુદ્ધદેવને અર્પણ કર્યું હતું. પરંતુ અજાતશત્રુએ ગાદી પર આવતાં તુરત એ પાછું લઇ લીધું હતું. એ ઉદ્યાનમાં જૂના મંત્રી ને નવા મહારાજા વચ્ચે ખૂબ ખાનગીમાં કંઈક વાતચિત થઇ. ગુપ્તચરોનો ભય એ સમયે ખૂબ જ રહેતો. સંન્યાસી, ભિક્ષુક, જ્યોતિષી, વારાંગના, નટ, ગાયક, ચારણ-ભાટ આ બધાંમાં કોણ ગુપ્તચર નહિ હોય એ કહેવું મુશ્કેલ હતું.

તાજેતરમાં નગરમાં વૈશાલીથી જઘનચપલા નામક એક વારાં-ગના આવી હતી. એને જોતાં જ નગરનાં સૌ તો ભાન ભૂલ્યાં જ હતાં, પરંતુ એ સાથે સ્વયં મહારાજા અજાતશત્રુ પણ ચંચળ થઇ ઊઠયા હતા; પણ જઘનચપલા કોશલની કે વૃજ્જિની ગુપ્તચર છે કે નહિ તે નક્કીપણે નહોતું જાણ્યું ત્યાં સુધી એ પોતાને કાબુમાં રાખી રહ્યા હતા. આ જાતના ગુપ્તચર સર્વત્ર ફરતા હોય એટલે ખાનગી મંત્રણા ખૂબ સાવધ રહીને કરવી પડતી હતી,—એટલે સુધી કે દર વેળા બધી જ વાતો ખુદ બધા જ મંત્રીઓને સુદ્ધાં કહેવામાં નહોતી આવતી.

ઘણીવાર સુધી ખાનગીમાં વાતો કર્યા બાદ મહામંત્રી ઘેર પાછા ફર્યા. ઉદ્યાનને દરવાજે દ્વારપાળે જોયું કે વૃદ્ધ મંત્રીના શુષ્ક નીરસ મોં પર હાસ્ય ને એની અધમીંચી આંખોમાં એક તેજ ચમકી રહ્યું છે.

એક પહોર રાત વીત્યા બાદ વાળુ કરીને આરામ કરતો આડો પડ્યો હતો; થોડીક ઊંઘ પણ આવી હતી; એવામાં દાસીએ આવી ખબર આપ્યા કે 'પરિવ્રાજિકા તમને મળવા માગે છે.'

તંદ્રા ઊડી ગઇ. ચમકીને પથારીમાંથી ઊભા થતાં મેં પૂછ્યું, 'પરિવ્રાજિકા ? આટલી રાત્રે ?'

રાજ-સન્માનિતા આ મહાશક્તિશાળી નારી શા પ્રયોજને, આમ આવા સમયે મને મળવા માગતી હશે ? ઉતાવળે ડગલે બહાર જઈ, આદરપૂર્વક એને અંદર લઇ આવી, આસન પર બેસાડી, દંડવત્ પ્રણામ કરી મેં પૂછ્યું, 'દેવી, શા કારણે દાસ પર કૃપા થઈ છે ?'

પરિવ્રાજિકા યૌવનને વટાવી ગઈ હતી, છતાં એનું મોં હજુ યે સુંદર અને આદરભાવ ઉપજાવે તેવું હતું. એનાં પરિધાનમાં પટ્ટ-વસ્ત્રો હતાં. લલાટમાં કુંકુમતિલક અને હાથમાં દાંડી સાથેની એક મોટી કમળકળી હતી. હસતાં હસતાં એ બોલી, 'વત્સ, આજે સાંજ પછી હું આ કમળ-કળીઓ વડે રાજકુમારીની પૂજા કરતી હતી, ત્યાં અચિન્તી આ કળી કુમારીના ચરણપરથી મારાખોળામાંઆવી પડી.'

કંઇ જ ન સમજવા છતાં મેં પૂછ્યું, 'પછી ?'



અને આમ, નરબલિના ભોગને બદલે નરોત્તમના આશીર્વાદ વડે એ

પરિવ્રાજિકા બોલી, 'કુમારીનો આદેશ ન સમજાતાં હું ધ્યાનસ્થ બની, ને ત્યારે દેવીએ મારા કાનમાં કહ્યું કે આ કળી શ્રેણીનાયક કુમારદત્તને આપજે. આને બળે એ સર્વત્ર વિચરી શકશે.'

હું હતબુદ્ધિ શો એની સામે જોઇ રહ્યો.

એણે ઓરડામાં ચારે બાજુ નજર દોડાવી ધીમેધીમે કહ્યું, 'આ કમળ-કળી લો. એમાં સંદેશો છે. કાર્ય સિદ્ધ થતાં એનો નાશ કરજો. ધ્યાનમાં રાખજો કે આને બળે રાજમંદિરમાં પણ તમે વિના વાંધા-વિરોધે આ-જા કરી શકશો.' આટલું કહી, મારા હાથમાં કમળકળી મૂકી એણે વિદાય લીધી. હું ગમારની જેમ બેઠો રહ્યો. એને વિદાય-પ્રણામ કરવાનું સુધ્ધાં હું વિસરી ગયો

હું એક સાધારણ માણસ—કુલિ મજૂરોનો મુકાદમ, રળીને રોટલો ખાનાર, રાજગૃહનો સ્થપતિ-સૂત્રધાર-સંપ્રદાયનો શ્રેણીનાયક. મારા પર આ રાજ-પ્રધાનોની દૃષ્ટિ ક્યાંથી પડી? ને જો પડી તો આમ રહસ્યમયરીતે શાને પડી? રાજાના અંતઃપુરની પરિવ્રાજિકાએ મારા જેવા રંકની ઝૂંપડીએ શીદ પગલાં પાડ્યાં? કુમારીએ મારા ઉપર સહૃદયતા બતાવી હું સર્વત્ર વિના વાંધા-વિરોધે વિચરી શકું એવી ગોઠવણ કેમ કરી? હું પહેલાં કદીયે રાજકાજમાં પડ્યો નહોતો, એટલે આવી અનેકવિધ ચિંતાએ મારું મન બાવરું બની ગયું.

રાતનો બીજો પહોર વીતવા આવ્યો હતો. દાસી દ્વાર પાસે મારી રાહ જોતી ઊભી હતી. આજે એ ક્યાંક અભિસારે જવાની હોય એમ લાગતું હતું. આજની એની વેશભૂષામાં ઠીકઠીક કલા-ચાતુરી દેખાતી હતી. વેણીમાં ચમેલી-માલતીનાં ફૂલો સોહી રહ્યાં હતાં. કાંચળી તસતસાવીને બાંધી હતી. દેખાવમાં યે એ કંઈ જેવીતેવી ન હતી. મોટીમોટી બે આંખો, મોં પર મીઠું હાસ્ય ને ફાટફાટ થતું યૌવન. મેં એને કહ્યું, 'વનલતિકે, તું સુખેથી ગૃહે સિધાવ. રાત ઘણી વહી ગઇ છે' ને એ હસતીહસતી મને પ્રણામ કરી વિદાય થઈ ગઇ.

કમળ-કળી હાથમાં લઈ હું શયનખંડમાં ગયો. દીવો સમીપ એને ધરી રાખી ઘણીવાર સુધી નિહાળીનિહાળીને જોઈ રહ્યો. કળી હજુ મુદ્રિત હતી, ધીરેધીરે એક પછી એક પાંખડી ઉઘાડી જોવા લાગ્યો. જોતાંજોતાં એની નાભિ સમીપના એક કોમળ પલ્લવ પર કંઈક અસ્પષ્ટ ચિહ્નો નજરે પડ્યાં. કાળજીપૂર્વક એ પલ્લવને જુદું પાડી જોયું તો કાજળ વડે લખ્યું હતું કે 'આજે રાત્રે તું એકલો મહામંત્રીને દ્વારે ઉપસ્થિત થજે. સંકેતમંત્ર: "કલિકા".' નીચે મગધેશ્વરની મુદ્રા હતી.

આટલી વારે વાત સ્પષ્ટ થઈ પરિવ્રાજિકાની ગૂઢ વાતો, કુમારીની પૂજા વગેરે બધું જ સમજાયું. મારે ગુપ્તપણે મહામંત્રીને ત્યાં જવાનું હતું. મારા જેવા એક તદ્દન સામાન્ય નાગરિકનું મહામંત્રીને શું કામ હશે? ડોસો ગજબનો શકરો છે. અજાણતાં કંઇ અપરાધ થયો હશે તો કદાચ શૂળીએ ચડાવી દેશે. અથવા કદાચ ગુપ્તપણે ક્યાંક સ્નાનાગાર નિર્માણ કરવાનો યે હોય.

ઉદ્વેગ, આશંકા ને ઉત્તેજનામાં બીજી પણ થોડીક પળો વીતી ગઈ. રાજાજ્ઞા ઉથાપવાનો કંઇ અર્થ નહોતો. આખરે એક ઉત્તરીય વીંટાળી હું નીકળી પડ્યો.

હું નગરની ઉત્તરે રહેતો ને મહામંત્રી રહેતા નગરની વચ્ચોવચ્ચ. પથ જનશૂન્ય હતો. માર્ગની બંને બાજુનાં મકાનોમાં પણ દીવા ઓલવાઇ ગયા હતા. દૂર દૂર એક સાંકડા રસ્તા પાસે પાષાણ-નિર્મિત વનદેવીના હસ્તમાં આરસનો દીવડો જલી રહ્યો હતો. તેથી મધ્યરાત્રિના ગાઢ અંધકારમાં આછું અજવાળું દેખાતું હતું.

મહામંત્રીના વિશાળ પ્રાસાદ પાસે આવી ઊભો રહ્યો. બહાર અંધારું હતું. પ્રહરી પણ ન હતો. છતાં દ્વાર ઉઘાડાં હતાં. જરાક અચકાઇને, હિંમત કરીને હું અંદર પ્રવેશવા ગયો કે તુરત એક તીક્ષ્ણ ભાલાની અણી મારા કંઠને સ્પર્શી. અંધકારમાં અદૃશ્ય રહીને એના પકડનારે ધીમે સાદે પૂછ્યું, 'કોણ?'

અકસ્માત આમ અટવાઇ જતાં મારી વાણી જાણે રૂંધાઈ ગઈ. ભાલાની અણી મારા કંઠને સ્પર્શેલી જ હતી. પળવાર મૂર્તિવત્ રહી મેં પેલી કમળ-કળી આગળ ધરીને બતાવી.

સામેથી ફરી પ્રશ્ન આવ્યો, 'એ શું છે? નામ કહે.'

મેં કહ્યું, 'અદંડ કમળ.'

સંદિગ્ધ સ્વરે ફરી પ્રશ્ન થયો, 'શું નામ કહ્યું?'

હું સમજ્યો. આ પ્રહરી છે. પેલા સંદેશમાંનો સંકેતમંત્ર અહીં કહેવો જોઇએ. મેં કહ્યું, 'કલિકા.' ને ભાલું પાછું ખેંચાઈ ગયું. અંધારામાં પ્રહરી મને હાથ ઝાલીને પ્રાસાદ તરફ દોરી જતો હતો. ગાઢ અંધારામાં થોડે દૂર ગયા બાદ બીજા એક પ્રહરીએ મારો હાથ ઝાલ્યો. થોડે વધુ દૂર જતાં ફરી એક બીજાએ મારો હાથ ઝાલ્યો. આમ પાંચ છ દ્વારપાળ, પ્રહરી ને પ્રતિહારીઓના હાથ ઝાલતો આખરે હું જ્યાં દીવો બળતો હતો એવા એક નાનકડા ખંડમાં આવી પહોંચ્યો.

એ ખંડની વચ્ચે કાળિયારનું મૃગચર્મ બિછાવેલા આસન પર, સામે ઢગલોએક ભૂર્જપત્ર-તાલપત્ર લઇને બેઠેલા વૃદ્ધ મહામંત્રી મગ્ન ચિત્તે તે વાંચી રહ્યા હતા. અન્ય કોઈ જ ત્યાં નહોતું.

મેં એમને પ્રણિપાત કર્યા. મહાઅમાત્યે સામેનું આસન બતાવી કહ્યું, 'ઉપવિષ્ટ થા. (બેસ).' હું આસન પર બેઠો. મહાઅમાત્યે પૂછ્યું, 'પરિવ્રાજિકા દ્વારા જે લિપિ મળી તે ક્યાં છે?'

મેં પદ્મદલ બહાર કાઢી એમના હાથમાં મૂક્યું. એમણે એ પર એક વાર નજર ફેરવી જઈ મને તે પાછું આપતાં કહ્યું, 'ખાઈ જા.'

કંઇ જ ન સમજાતાં હું એમના મોં સામે મૂઢપણે જોઇ રહ્યો. 'ખાઈ જાઉં? શું ખાઇ જાઉં?'

મહામંત્રી ફરી બોલ્યા, 'આ લિપિ ખાઇ જા.' હજી પણ હું કાંઈ સમજ્યો નહિ. મંત્રીના હોઠ જરા સંકોચાયા. એમણે જરા વધુ ધીમા સાદે કહ્યું, 'ચારે બાજુ ગુપ્તચરો ફરે છે એથી જ આમ સાવચેત રહેવું પડે છે. લિપિ—સંદેશો કંઈ સુસ્વાદુ છે એ ખાતર તે ખાઈ જવા નથી કહેતો.' આ ખુલાસો જાણી હું તે કોમળ પદ્મપલ્લવ ખાઈ ગયો.

એ પછી થોડી વાર તદ્દન નીરવતા રહી. મહાઅમાત્યનું મોં તદ્દન ભાવ-વિહોણું હતું. પ્રદીપ-શિખા શાંતપણે જલી રહી હતી. હું આતુર થઈ રાહ જોતો બેઠો હતો કે હવે શું થશે?

ઓચિન્તો પ્રશ્ન થયો, 'તું જઘનચપલાને ત્યાં આવજા કરે છે?'

અણધાર્યો પ્રશ્ન સાંભળી પળવાર હું મૂઢ બની ગયો! જઘનચપલા વેશ્યા છે એને ત્યાં હું જાઉં છું કે નહિ એની સાથે મહામંત્રીને શી લેવાદેવા? છતાં ખુલાસો કર્યા વિના છૂટકો ન હતો. પૂરી તપાસ વિના આમ પૂછે એવો આ ડોસો નહોતો. કુંઠિત સ્વરે મેં કહ્યું, 'હા; માત્ર એક વાર ગયો છું પરંતુ એ સ્થળ મારા જેવા ક્ષુદ્ર માનવી માટે નથી. એટલે ફરીને નથી ગયો,—નથી જતો.'

મંત્રી બોલ્યા, 'સારું કર્યું. એ લિચ્છવીઓની ગુપ્તચર છે.'

ફરી થોડીવાર નીરવ શાંતિ રહી. મહામંત્રી ધ્યાનમગ્નની જેમ બેઠા હતા. હું એક બીજા પ્રશ્નની રાહ જોતો બેઠો.

'તારી નીચે કેટલા માણસો કામ કરે છે?

મહાનગરીનું નિર્માણ થયું: એ પુરાણપુર પાટલિપુત્ર—આજનું પટણા

જે ઐશ્વર્ય ને સંસ્કારસમૃદ્ધિના તાણાવાણા વડે અઢી હજાર વર્ષનો બહુરંગી જીવનપટ વણતું આવ્યું છે



'બધા મળીને લગભગ દસ સહસ્ર હશે.'

'સ્થપતિ કેટલા ?'

'છ હજાર.'

'સૂત્રધાર ?'

'ત્રણ હજારથી થોડા વધુ.'

'તક્ષક (સરાણિયા)ને શિલ્પી ?'

'એ ઓછા છે. પાંચસોથી વધુ નહિ હોય'

જોતજોતાંમાં મહામંત્રીનું ભાવહીન જણાતું શરીર જાણે મંત્રબળે સજીવન થઇ ઊઠ્યું. તેજ-વિહોણી એમની આંખોમાં યુવાનીનું તેજ ચમકવા લાગ્યું. મારા તરફ તર્જની ઊંચી કરી એ બોલવા લાગ્યા, 'જો, સાંભળ; અત્યારે વર્ષાઋતુ છે. શરદ ઋતુ આવતાં જ માર્ગો સુકાઇ જતાં પુનઃ યુદ્ધ શરૂ થઇ જશે. બંને બાજુથી થત શત્રુ-આક્રમણોને કારણે દેશ હતો ન હતો થઇ રહ્યો છે. એ કારણે આ વખતે યુદ્ધ શરૂ થાય એ પહેલાં જ આપણે ભાગીરથી અને હિરણ્યબાહુના સંગમ પર એક ઔદક* દુર્ગ તૈયાર કરવો પડશે. એવો દુર્ગ બનાવવો પડશે કે જેમાં પચાસ હજાર યોદ્ધાઓ વસી શકે. શરદ ઋતુ શરૂ થવાને હજુ ત્રણ માસ છે. આ ત્રણ મહિનામાં જ દુર્ગ પૂરેપૂરો તૈયાર થઈ જવો જોઈએ. શરદ બેસતાંમાં કોશલ અને વૃજિ જ્યારે નદી વટાવી અહીં આવે ત્યારે તેઓ મગધનું ગગનભેદી દુર્ગ-શિખર નિહાળે એમ થવું જોઇએ !'

જળમાંનાં માછલાં માછીમારની જાળમાંથી પાણીમાં પાછાં ફરતાં જેવો આનંદ પામે તેવો આનંદ હું યે પામ્યો. મેં કહ્યું, 'દસ હજાર માણસો દ્વારા ત્રણ મહિનામાં એવો દુર્ગ હું તૈયાર કરી આપી શકું; પણ વર્ષાના આ દિવસોમાં માર્ગ અતિ દુર્ગમ હોઈ સર-સામાન ભેગો કરવાનું શક્ય નથી.'

'એની જવાબદારી મારા ઉપર. તારે ફક્ત દુર્ગ તૈયાર કરી આપવાનો. સર સામાન હું ભેગો કરી આપીશ. રાજ્યના તમામ રણ-હસ્તી પાષાણાદિ વહી લાવશે. એ માટે તું ચિંતા કરીશ નહિ.'

'તો હું ત્રણ મહિનામાં દુર્ગ ઊભો કરી આપીશ.'

'ને ન કરી શકે તો ?' મંત્રીએ પૂછ્યું.

'મારૂં માથું હોડમાં મૂકું છું. કામ ક્યારે શરૂ કરવું છે ?'

જરા વિચારીને મંત્રીએ કહ્યું, 'રવિ હજુ યે સ્થિર રાશિમાં છે. આજથી ચોથે દિવસે ગુરુવારે ચંદ્ર પણ સ્વાતિ નક્ષત્રમાં વિચરશે. એટલે તે દિવસે કાર્યારંભ થવો જોઇએ.' હું સાંભળી રહ્યો.

થોડી વાર રહીને મહામંત્રી આગળ બોલ્યા, 'હવે જે કહું છું તે ધ્યાનપૂર્વક સાંભળજે. આ અત્યંત ગૂઢ કામનો તમામ ભાર તારા પર મૂકવામાં આવે છે. સદા યાદ રાખજે કે જો ભૂલેચૂકે પણ શત્રુઓને આ વાતની ગંધ પહોંચી જશે તો તેઓ કોઈ પણ રીતે દુર્ગ પૂરો બંધાવા નહિ દે. પગલેપગલે વિઘ્નો ઊભાં થશે. ગુપ્તચરો અત્યારે ચોતરફ ફર્યા જ કરે છે. તેઓ જો મગધરાજનો હેતુ જાણી ગયા તો એક અઠવાડિયામાં જ કોશલપતિ અને લિચ્છવી કુલપતિઓને આ સમાચાર પહોંચી જશે. માટે ખૂબ જ સચેત રહેવાનું છે. તું તારા દસ હજાર કામદારોને લઈ કાલે અહીંથી ગંગા-શોણ સંગમની યાત્રા શરૂ કરી દે. યાત્રા એ રીતે કરવી કે કોઇને જરા યે સંદેહ ન આવે. એક વાર ત્યાં પહોંચી જાઓ પછી કોઇનો યે ભય નથી, કારણ એ સ્થળ જંગલોમાં; જનવિહોણું છે. છતાં ત્યાં પહોંચતાં પહેલાં જો કોઈ પણ વ્યક્તિ ઉપર ગુપ્તચરની શંકા સરખી યે આવે તો તત્કાળ એને પૂરી કરતાં અચકાતો ના. ત્યાં પહોંચીને મગધના મુદ્રાંકિત પત્રની રાહ જોજે. એ પત્રમાં દુર્ગનિર્માણનો નિર્દેશ અને ચિત્ર લિપિબદ્ધ હશે. યથા સમયે તે મુજબ દુર્ગનો શુભારંભ કરજે. યાદ રાખજે કે આ કાર્યનો નિયામક તું છે. કંઈ વિઘ્ન ઊભું થતાં એની પૂરેપૂરી જવાબદારી પણ તારી જ ગણાશે.'

મેં કહ્યું, 'જેવી આજ્ઞા. પરંતુ આ દસ સહસ્ર લોકો માટે સીધું સામાન ક્યાંથી મળશે ?'

'ગંગા-શોણના સંગમ પાસે પાટલિ નામનું નાનું ગામ છે. એક સાંજ માટે એ ગામનું આતિથ્ય સ્વીકારજો. બીજે દિવસે તમારે માટે જરૂરી બધો સામાન ત્યાં પહોંચી જાય એવી ગોઠવણ હું કરીશ.

પછી ઉષઃકાળ નજીક જાણી મહામંત્રીએ મને વિદાય આપી. વિદાય વેળાએ એ બોલ્યા, 'ધ્યાન રાખજે. હમણાં હમણાં બૌદ્ધ નામક એક નાસ્તિક ધર્મસંપ્રદાય ઊભો થયો છે. એ બૌદ્ધો અતિ ચતુર છે ને બ્રાહ્મણધર્મના વિરોધી છે. શાક્યવંશનો એક રાજભ્રષ્ટ યુવરાજ એનો નાયક છે. એ યુવરાજ ધૂર્ત, કપટી ને પરસ્વલુબ્ધ છે. માયાજાળ વિસ્તારી મહારાજ બિમ્બિસારને વશીભૂત કરી એ મગધમાં પોતાનો પ્રભાવ જમાવવા ખૂબ મથ્યો હતો. અજાતશત્રુ દ્વારા

* ઔદક દુર્ગ—નદીના મુખ પાસેનો યા ચોતરફ ખાઇવાળો કિલ્લો.

પ્રેમનું સોનું

મૂળ લેખક : રવીન્દ્રનાથ ઠાકુર



રવિદાસ ચમાર ધૂળ વાળતો. ભર્યોભર્યો રસ્તો એની આગળ ખાલીખમ બની જતા. રસ્તે જનારાં લોક એને ન અડી જવાય એવી રીતે ચાલતાં.

ગુરુ રામાનંદ પ્રાતઃસ્નાન પતાવીને દેવમંદિરને રસ્તે જતા હતા, ત્યાં દૂરથી ધૂળમાં માથું ઢાળીને રવિદાસે પ્રણામ કર્યા.

રામાનંદે પૂછ્યું, 'ભાઇ, કોણ છે તું?'

ઉત્તર મળ્યો, 'હું તો છું કોરી ધૂળ, પ્રભુ; ને તમે છો આકાશી મેઘ. એમાંથી જો પ્રેમની ધારા ઝરે તો મૂંગી આ ધૂળમાં ઊઠે રંગબેરંગી ફૂલોનાં ગીત.'

રામાનંદે તેનેછાતીએ ચાંપ્યો ને તેને દીધો પ્રેમ. એટલે રવિદાસના પ્રાણના કુંજવનમાં વસંતના ગીતની હવા લાગી.

(૨)

ચિતોડની રાણી. ઝાલી હતું તેનું નામ. તેને કાને એ ગીત પહોંચ્યું. તેનું મન ઉદાસ થઈ ગયું. કામકાજ કરતાં પણ કોઇકોઈ વાર તેની બંને આંખોમાંથી પાણી વહેતાં. કોણ જાણે તેનું મન ક્યાં ય ઊડતું ચાલ્યું.

રવિદાસ ચમાર પાસે રાજરાણીએ હરિપ્રેમની દીક્ષા લીધી.

રાજમહેલના બુઢ્ઢા પુરોહિત સ્મૃતિશિરોમણિએ રાણી પર ફિટકાર વરસાવ્યો: 'ધિક્! મહારાણી, ધિક્! રવિદાસ જેવો અંત્યજ, જે રસ્તેરસ્તે ફરીને ધૂળ વાળે છે, તેને તમે ગુરુ કહી પ્રણામ કર્યા? તમારા રાજ્યમાં બ્રાહ્મણનું નાક કપાયું.'

રાણી કહે, 'મહારાજ, હવે સાંભળો. આચારના વિધિ ને નિયમોની હજાર હજાર ગાંઠો વાળ્યાથી રાતદિવસ માત્ર બંધન જ સખત થાય. પ્રેમનું સોનું એમાંથી કોણ જાણે ક્યારે સરી પડયું તેની મેં ખબરે ય ન પડી.

મારા ધૂળિયા ગુરુ મને તો ધૂળમાંથી જ ક્યાંક મળી આવ્યા. અર્થહીણા બંધનના અભિમાનમાં, મહારાજ, તમે તો એ ગાંઠ જેવા સખત જ થઇને હવે રહો. મેં તો સોનાથી કંગાળ એવી ધૂળનું દાન માથે લીધું છે.'

('પુનશ્ચ'માંથી) **વિનોદ કોઠારી**

અને હાંકી કાઢ્યાં છે. એ બૌદ્ધોનો કદિ ય વિશ્વાસ ન કરશો. તેઓ મગધના ઘોર શત્રુ છે. દુર્ગ સમીપે જો એને જોવા પામો તો તત્ક્ષણ નૃશંસપણે એમને હણી નાખજો.'

એથી જ વિચારું છું કે કાળની કેવી કુટિલ ગતિ છે! અઢી હજાર વર્ષો પછી આજે એ પાટલિપુત્ર રચયિતા, મગધના પરાક્રાન્ત મહામંત્રી વર્ષકારનું નામ કોઇએ સાંભળ્યું છે ખરું? પણ શાક્યવંશના એ રાજ્યભ્રષ્ટ યુવરાજ? આજે અર્ધું એશિયા એને જાણે છે. સાગરો સહિત આ પૃથ્વીને જેમણે વારાંગનાની જેમ માણી છે તેઓનું નામ આજે એ જ ભુંજિતા ધરતીની ધૂળમાં મળી ગયું છે, જ્યારે જે નિરાધાર રાજ-ભિખારીની એકમાત્ર સંપદ નિર્વાણપદ હતું તે શાક્યસિંહનું નામ વણઝંખાની જ્યોતની જેમ, આજના અંધારામાં આથડતા માનવીને જ્યોતિનો માર્ગ દાખવી રહ્યું છે.

વર્ષાકાલે સ્થપતિ-સૂત્રધાર-સંપ્રદાય લગભગ બેઠાબેઠ જ હોય છે. તેથી શ્રેણિબદ્ધ શ્રમિકોને ભેગા કરતાં મને બહુ વાર ન લાગી. યોગ્ય સમયે મારા દસ હજાર શિલ્પીઓ નગરના જુદાજુદા દરવાજેથી બહાર નીકળી પડયા, જેથી સામાન્ય નાગરિકોનું લક્ષ તેમના તરફ ન ખેંચાયું. લગભગ બપોરે ત્રીજા પહોરે નગરની ઉત્તરે ત્રણ કોશ જેટલે દૂર અમે સૌ ભેગા મળ્યા.

ત્યાંથી ગંગા શોણનો સંગમ લગભગ પંદરેક કોશ હશે. વિચારણાને અંતે નક્કી થયું કે સાંજ સુધીમાં જેટલે દૂર પહોંચાય એટલે દૂર જવું. રસ્તાની બાજુએ રાતવાસો કરી વહેલી સવારે પાટલીગ્રામ પહોંચી જવું.

ને પછી અમે સૌ યુદ્ધમાં જતા સૈનિકોની જેમ શ્રેણીબદ્ધ ભાવે ચાલવા લાગ્યા. આકાશમાં પ્રબળ મેઘાડમ્બર હતો. શીતળ સમીરના સુસવાટા વીંઝી રહ્યા હતા. રાત્રે નક્કી વર્ષા આવશે એમ લાગતું હતું. છતાં એ માટે કોઇને ચિંતા નહોતી. સામે પડેલા કાર્યના ઉલ્લાસે બધા મહા આનન્દે ગીતો ગાતા આગળવધ્યે જતા હતા.

મગધ રાજ્યની રાજનગરી ગણાતા તે કાળના રાજગૃહથી ઉત્તર દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ ચારે તરફ વિભિન્ન રાજ્યો તરફ જવાના રસ્તાઓ હતા. વળી નગરમાંથી બીજાં નગરોમાં જવાના માર્ગ પણ હતા. રાજકોષમાંથી આવા માર્ગો માટે પુષ્કળ નાણું ખર્ચાતું. જરૂર મુજબ માર્ગ પર કાંકરીઓ નાખી રસ્તા પાકા બનાવવામાં આવતા. પથિકની સગવડ અર્થે માર્ગની બંને બાજુએ કુવા ખોદાવવામાં આવતા ને માર્ગ પર છાંયો કરવા વડ, અશ્વત્થ, શાલ્મલી વગેરે વૃક્ષો રોપાવવામાં આવતાં. વચ્ચે આવતી નદી પર પુલ બંધાવવામાં આવતા યા નૌકાની સગવડ રાખવામાં આવતી.

આ બધા માર્ગે ટોળાબંધ વિદેશી વણિકો ઘોડાં, ગધેડાં ને ઊંટ પર પોતાની કિંમતી પોઠ લાદી વણજાર કરતા, નગરેનગર પોતાનો માલ વેચતા ને સ્થાનિક નવો માલ ખરીદતા ફરતા. નટ-બજાણિયા ને ભાટ-ચારણો, ગવૈયાઓ ને બજવૈયાઓ પોતપોતાની કળા-નિપુણતા દેખાડતા ફરતા. રાજદૂત મારતે ઘોડે વાયુ વેગે ગુપ્ત સંદેશ વહી જતા. ક્યારેક રાતને ટાણે આ માર્ગો પર ચોર-લુટારાઓનો ભય પણ સંભળાતો. પરંતુ માર્ગની નિકટ જ પ્રહરીઓનો વાસ હોઈ તેઓ વધુ ત્રાસ રૂપ ન બની શકતા. રાજમાર્ગ શક્ય એટલો નિરાપદ જ હતો.

ઉત્તરમાં ભાગિરથીતટ સુધી મગધની સીમા હતી. રસ્તો ત્યાં સુધી ગયો હતો. અમે એ માર્ગે જ નીકળ્યા. ધીમેધીમે સંધ્યાનું અંધારું ઘેરાવા લાગ્યું. વાયુ સ્તબ્ધ હતો. આકાશમાં વાદળાં વરસવાની તૈયારી કરી રહ્યાં હતાં. રાત પડી જાણી અમે માર્ગની બાજુએ જ એક વિશાળ જગ્યામાં આશરો લીધો.

સૌની સાથે એક સાંજ પૂરતું સીધું હતું. પણ વર્ષાઋતુમાં ઉઘાડામાં રસોઇ કરવાની સગવડ નહોતી. માંડમાંડ જો ચૂલો પેટાવી શકાય, તો વર્ષા આવતાં જ એ બુઝાઈ જવાની શક્યતા પણ રહેતી જ. છતાં ઘણા સુકાઈ ગએલાં ઝાડનાં લાકડાં ભેગા કરી જવ-ઘઉંના આટાની રોટી-પરોંઠા શેકવા લાગ્યા. જેઓ એટલો પરિશ્રમ કરવા તૈયાર નહોતા તેઓ પાણીમાં પૌંઆ પલાળી દૂધ સાકર નાખી એના ભોજનની તૈયારીમાં પડયા.

ચોતરફથી દસ હજાર માનવીનો કલરવ, ગુંજન, ગાન ને બૂમ-

રાણ સંભળાય છે. દૂરદૂર ધીખતી ધૂણીની જેમ અગ્નિ જલી રહ્યો છે. અંધારામાં એની આસપાસ જ લોકોની છાયામૂર્તિઓ ફરે છે. ક્યારેક ક્યારેક અગ્નિમાં ઘૃત હોમવાને અંગે અગ્નિ અતિ ઉજ્જ્વલ શિખા રૂપે પ્રગટી ઊઠે છે ને એ પ્રકાશમાં ચારે બાજુ બેઠેલાં માનવીઓનાં મોં પળવાર માટે સ્પષ્ટ થઈ ઊઠે છે. જાણે સહસા ઉજ્જડ વેરાન જંગલમાં એક ભૌતિક ઉત્સવ મંડાઈ ગયો છે.

મારી સાથે, કેળાં, કાકડીઓં, આંબા ઈત્યાદિ ફળ, ડુંક મૃગ-માંસ અને એક દ્રાણ લોધ્રરેણુ ચિત્રક આદિથી સુરભિત હિંગોળ-વર્ણો અતિ ઉત્કૃષ્ટ આસવ હતો. મેં એ વડે જ રાત્રિભોજન પતાવ્યું.

ધીરે ધીરે રાત્રિ ગાઢ થવા લાગી. એક વિશાળ વૃક્ષ નીચે પથારી કરી હું સૂવાની તૈયારીમાં હતો ત્યાં અંધારામાં બે જણ મારી સન્મુખ આવીને ખડા થયા. મેં પૂછ્યું, 'કોણ ?'

એકે જવાબ આપ્યો, 'નાયક, એ તો હું, આ છાવણીનો રક્ષક. આ અજાણ વ્યક્તિ કૂવા સમીપ બેઠી હતી એટલે એને પકડી લાવ્યો છું.'

મેં કહ્યું, 'મશાલ લેતાવ !'

મશાલ જલાવી જોયું તો પ્રહરીની સાથે એક ઊંચો, દીર્ઘાકૃતિ, લગભગ નગ્ન એવો, મોટાં દાઢીમૂછ ને જટાધારી એક પુરુષ ઊભો છે. એનું નાક પોપટની ચાંચ જેવું વાંકું છે ને આંખો અત્યંત વેધક છે. મેં એને પૂછ્યું, 'તું કૂવા પાસે શું કરતો હતો ?'

એકી ટશે મારા તરફ જોઇ રહીને એ બોલ્યો, 'તું રાષ્ટ્રપતિ થઈશ. તારા લલાટમાં રાજદંડ દેખાય છે.'

છળથી બની જાઉં એટલો નાદાન હું નહોતો. વળી મહામંત્રીએ સંચારેલો સંદેહ આ જટિલ સંન્યાસીને જોતાં જ મારા મનમાં જાગ્રત થઇ ઊઠ્યો. મેં કહ્યું, 'તમે તો જ્યોતિર્વિદ જણાઓ છો; બેસો.'

નીચે બેસતાં એ જટાધારી બોલ્યો, 'હું શૈવ સંન્યાસી છું. રુદ્રની કૃપાએ મારું ત્રીજું લોચન ખુલી ગયું છે. ત્રિકાળને હું મારા નખ-દર્પણમાં જોઈ શકું છું. તું બહુ નિકટના ભાવીમાં મહાલોકપાલ રૂપે રાજદંડ ધારણ કરીશ તારી યશોદીપ્તિ પાસે આગલા રાજાઓની કીર્તિપ્રભા ઝાંખી પડશે.'

ખૂબ જ શ્રદ્ધા બતાવી મેં એને કહ્યું, 'તમે તો મહાજ્ઞાની છો. હું એક દુષ્કર કાર્યે જઈ રહ્યો છું. તેમાં હું સફળ થઈશ કે નહિ ?'

એ ત્રિકાળદર્શી ભ્રૂકુટિ નમાવી થોડીવાર આંખો મીંચી રહ્યો. ને પછી એ બોલ્યો, 'કહે, તું ક્યાં જાય છે ?'

મેં હસીને કહ્યું, 'આપ જ કહો.'

ને પછી એણે ભૂમિ પર એક રાશિચક્ર આંક્યું. મેં હસીને પૂછ્યું, 'આ શું ? તમારું નખદર્પણ ક્યાં ગયું ?'

મારી તરફ તીવ્ર દૃષ્ટિ ફેંકી એણે કહ્યું, 'આવી સૂક્ષ્મ ગણના માટે આ નખદર્પણ નથી. જ્યોતિષશાસ્ત્રથી અજાણ તું એમાં નહિ સમજે.'

હું નમ્રભાવે ચૂપ રહ્યો. સંન્યાસી ઊંડા ધ્યાનપૂર્વક રાશિચક્રમાં આંકડા મૂકવા લાગ્યો. ઘણી વાર સુધી આંકડા માંડી પછી મોં ઊંચું કરી એ બોલ્યો, 'તમે કોક ગુપ્ત રાજકાર્યે પરરાજ્યમાં જઇ રહ્યા છો. શનિ અને મંગળ દૃષ્ટિવિનિમય કરી રહ્યા છે એથી લાગે છે કે તમે યુદ્ધ અંગેના કોઈ ગૂઢ કાર્યમાં પરોવાએલા છો.' આટલું બોલી પ્રશ્નાત્મક દૃષ્ટિએ એ મારી સામે જોઇ રહ્યો.


હું વિસ્મય પામતો હોઉં એમ બોલ્યો, 'તમે સાચે જ ભવિષ્ય-વેત્તા છો. તમારાથી છૂપું કંઈ જ નથી. રાજાજ્ઞાએ હું લિચ્છવી બાજુ જઈ રહ્યો છું. શા ઉદ્દેશે જાઉં છું એ તમારાથી છૂપું નહિ જ હોય. હવે કૃપા કરી મારા એક સુહૃદનું ભાગ્ય જોઈ આપો.' કહી મેં પ્રહરીને જા-

મૂર્તિશાસ્ત્ર-પરિચય

[૪] પ્રતિમાઓનાં આસનો

દેવમૂર્તિની પૂજાનો એક હેતુ ઉપાસકને ઈશ્વરપ્રાપ્તિ માટે યોગ અને ઉપાસનાના માર્ગે જવામાં સહાયભૂત થવાનો છે. આથી, દેવમૂર્તિઓને યોગની ભિન્નભિન્ન મુદ્રાઓ, આસનો ઇત્યાદિનાં સ્વ-રૂપો આપવામાં આવે છે. મુદ્રાઓનો સાધારણ પરિચય અગાઉ બીજા હપતામાં અપાઇ ગયો છે. હવે આસનો લઇએ.

હઠયોગમાં આસનો અનેક છે. શિવનાં ૮૪ આસનો હોવાનું કહેવાય છે, પણ તેમાં ૩૨ મુખ્ય છે. વળી એ ૩૨માંનાં પણ થોડાંક જ પ્રતિમાઓમાં જોવામાં આવે છે. એ આસનો નીચે પ્રમાણે છે:



૧ સુખાસન, ૨ સમપાદ(સમપાદ-સ્થાનક), ૩ આલીઢા, ૪ ઉત્કટિક, ૫ પદ્માસન અને ૬ યોગાસન. એ બધાંનાં ચિત્રો ઉપર આપેલાં છે.

આ ઉપરાંત જૈન પ્રતિમાઓમાં કાયોત્સર્ગ, પર્યંક, અર્ધપર્યંક, વેર ઇત્યાદિ બીજાં પણ આસનો છે. તેમની વિગત જૈન પ્રતિમાઓ સંબંધે-ના લેખોમાં આવશે. એમાંના પર્યંક ને અર્ધપર્યંક આસનો કવચિત હિંદુ પ્રતિમાઓમાં પણ નજરે પડે છે. (ચાલુ) **અમૃતલાલ વ. પંડયા**

મ્બુવૃક્ષ નીચે આરામ કરતા કુલિક[1] મિહિરમિત્રને સાદ પાડવા કહ્યું.

કુલિક મિહિરમિત્ર મારી નીચેનો મુખ્ય શિલ્પી અને મારો પ્રાણોપમ મિત્ર હતો ભારકર્યોમાં એ જેવો નિપુણ હતો તેવી જ પારદર્શિતા એ જ્યોતિષશાસ્ત્રમાં પણ ધરાવતો. ભૃગુ, પરાશર, જૈમિની એને મોઢે હતા. એ આવીને બેઠો એટલે સંન્યાસી તરફ નજર કરીને મેં એને કહ્યું, 'આ જ્યોતિષશાસ્ત્રના મહાપંડિત છે. તારું ભાવિ એ કહી આપશે.'

મિહિર સંન્યાસી તરફ ફરીને બેઠો. સંન્યાસીને પગથી માથા સુધી બરાબર નિહાળીને પોતાની હથેળી આગળ ધરતાં એણે પૂછ્યું, 'કહો, મારો જન્મ કયા લગ્નમાં છે ?'

સંન્યાસીના અંગ-પ્રત્યંગમાં સહજ ચંચળતા ને અધીરતાનાં લક્ષણો દેખાયાં. એણે મિહિરના હાથ તરફ જોયા વિના જ કહ્યું, 'તારું અકાળ મૃત્યુ થશે.'

'ભલે થયું; પણ મારો જન્મ કયા લગ્નમાં છે તે કહોને !'

'વૃષ લગ્ને.' સંન્યાસીએ અચકાતાં અચકાતાં ઉત્તર આપ્યો.

'વૃષ લગ્ને ?' મિહિર હસ્યો, 'ઉત્તમ. ને ચંદ્ર ક્યાં છે ?'

'તુલા રાશિમાં.' (અનુસંધાન આગળ પાન ૧૭૭ ઉપર)

1 કુલિક=શિલ્પી અને મજૂરોમાં અગ્ર-મુખ્ય વ્યક્તિ.

રાજેન્દ્રલાલ મિત્ર

વિધાતાએ એમને ઉપરાઉપર ઠોકરો માર્યા કરી અને એ, દર વખતે તેની સામે માથું ઉચકી ઊભા થતા ગયા. .

જીવનમાં કદિ યે હાર ન સ્વીકારનાર અટલ પુરુષાર્થ અને પ્રકાંડ પાંડિત્યની મૂર્તિ સમા હિંદના તેજસ્વી પુરાવિદ્

અત્યંત ગરીબ કુટુંબમાં જન્મી, ડગલે ને પગલે ઊભી પ્રતિકુળતાનો યે પરામર્શ કરી હિંદના પુરાતત્ત્વદર્શનમાં મહત્ત્વનો ફાળો નોંધાવી જનાર રાજેન્દ્રલાલ મિત્રનું જીવન માત્ર સમર્થ અભ્યાસી તરીકે જ નથી વીત્યું; એક પ્રબળ પુરુષાર્થીની ગૌરવગાથા પણ તેમાં સભર ભરી છે. ઈ. ૧૮૨૪માં બંગાળમાં સુર નામના ગામડામાં મોટા પરિવારવાળા પણ નિર્ધન પિતાને ત્યાં તેમનો જન્મ થયો. ખાવાનું પૂરું ન મળે ત્યાં શિક્ષણની તો વાત શી? પણ રાજેન્દ્રના પિતા જનમેજયને કલકત્તામાં એક વિધવા બહેન હતાં. તેણે રાજેન્દ્રના શિક્ષણનો ભાર ઉપાડી લીધો. પરંતુ થોડા વખતમાં જ એ અવસાન પામ્યાં ને નિરાશ વદને રાજેન્દ્રને પોતાના ગામડાનો મારગ લેવો પડયો.

પણ રાજેન્દ્રને જેમ અભ્યાસની લગની લાગી હતી તેમ પિતાને યે એ પ્રતિભાશાળી બાળકને આગળ વધારવાનો આગ્રહ હતો. વૈદ્યકીય કૉલેજમાં ત્યારે શિક્ષણ ઓછા ખર્ચે ને મળતાં મળતું. ૧૮૩૯માં રાજેન્દ્ર એવી એક કૉલેજમાં 'કામ કરીને ભણતા વિદ્યાર્થી' તરીકે દાખલ થયા. તેમની તેજસ્વી બુદ્ધિ ને અભ્યાસશીલતાએ ત્યાં ઊંડી છાપ પાડી. બાબુ દ્વારકાનાથ ટાગોર તો આ વિદ્યાર્થીની વિચક્ષણ પ્રતિભાથી એટલા પ્રભાવિત થયા કે તેને અભ્યાસ પૂરો કરવા ઇંગ્લંડ મોકલવાનો તેમણે વિચાર કર્યો. પણ કુટુંબ જ્ઞાતિબહિષ્કારની સજા માટે તૈયાર નહોતું તેથી એ વિચાર પડતો મુકાયો.

આમ, વિકાસની આ ખીલતી પળે આ એક તક ગઈ તેમ બીજી બાજુ પણ કમનસીબી રાજેન્દ્રની વાટ જોઈને જ ખડી હતી. કેટલાક વિદ્યાર્થીઓએ તોફાન કર્યું, ને પોતે તેમાં કશો ભાગ ન લીધેલો છતાં તેમનાં નામ ન આપવાથી રાજેન્દ્રને કૉલેજમાંથી રજા આપવામાં આવી. વૈદકનાં બારણાં બંધ થતાં રાજેન્દ્રલાલે કાયદાના અભ્યાસ તરફ દૃષ્ટિ દોડાવી. ખૂબ મહેનત કરી તેમણે તેની પરીક્ષા પણ આપી ને સફળતાના સમાચારની રાહ જોતા હતા ત્યાં ખબર મળ્યા કે પ્રશ્નપત્રો બહાર પડી જવાથી પરીક્ષા રદ કરવામાં આવી છે! રાજેન્દ્રની તૈયારી ને તત્પરતા પૂર્ણ છતાં પળ પાકી વેળાએ જ વિધાતાના એક આઘાતે તે દૂર ઊડી જવા ને ભાંગી જવા જાણે સર્જાઈ હતી.

વૈદક અને કાયદો એ બંને ક્ષેત્રમાંથી ફેંકાઈ ગએલા રાજેન્દ્રલાલના પુરુષાર્થે કાંઈ હારી ખાધું નહિ. એણે ત્રીજામાં ઝંપલાવ્યું. બાવીસ વર્ષની ઉમરમાં તેમણે હિન્દની ઘણીખરી પ્રાન્તીય ભાષાઓ, સંસ્કૃત, ફારસી, લૅટિન, અને તે ઉપરાંત ફ્રેન્ચ, જર્મન ને ગ્રીકમાં યે પ્રવીણતા મેળવી લીધી હતી. તેમની એ શક્તિ ને સિદ્ધિને પ્રીછી તેનું સંમાન કરવાનું બંગાળની એશિયાટિક સોસાએટીને સૂઝ્યું ને તેણે આસિસ્ટંટ સેક્રેટરી અને લાયબ્રેરિયન તરીકે તેમને રાખી લીધા. આવી સંસ્થાના તંત્રવાહનમાં વિદ્વત્તા ને કાર્યક્ષમતા ઉપરાંત સંશોધનની અનેકદેશીય પદ્ધતિઓનું પણ જ્ઞાન આવશ્યક હતું. રાજેન્દ્રલાલના અદમ્ય સંકલ્પબળ પાસે એ મુશ્કેલ માર્ગ પણ સરળ બનતો ગયો અને તેમનાં વૈજ્ઞાનિક તથા તલસ્પર્શી લખાણોથી એ સંસ્થાના પ્રતિષ્ઠાવંત મુખપત્ર 'એશિયાટિક જર્નલ'નાં પાનાં ચમકવા લાગ્યાં.

૪૦ વરસ કરતાં યે વધારે સમય સુધી વિવિધ વિષયોને સ્પર્શતાં લખાણો એ તેમાં આપતા રહ્યા. તેમાંથી મહત્ત્વના ૧૧૪ લેખોનો સંગ્રહ પણ પ્રસિદ્ધ થયો છે. એવામાં અણધારી રીતે તેમના સામર્થ્યને ઝેબ આપતું કાર્ય તેમને હાથ આવી મળ્યું. રૉયલ સોસાએટી ઑવ આર્ટ્સે હિન્દના પુરાતન શિલ્પના નમૂનાઓના સંશોધન માટે સરકારને મોટી રકમ અર્પણ કરી હતી. રાજેન્દ્રલાલે હિન્દુ શિલ્પના આભરણ સમી કૃતિઓથી સભર ઓરિસ્સાના ભુવનેશ્વરના પ્રાચીન સ્થળના સંશોધનની સૂચના કરી. સરકારે તે માન્ય રાખી, એટલું જ નહિ પણ એમને જ તે કાર્ય સોંપ્યું. તેના ફળ સ્વરૂપે, ચિત્રો, નકશાઓ, ફોટોગ્રાફો વગેરેથી ભરપૂર 'ઍન્ટીક્વીટીઝ ઑવ ઓરિસ્સા' નામના પુસ્તકના સમૃદ્ધ, અને આજે પણ પ્રમાણભૂત મણાતા બે ખંડો બહાર પડ્યા. પણ સૌથી વધારે આકર્ષક તો છે હિંદુ કળાના ગૌરવ માટે તેમણે અંગ્રેજી વિવેચકો સાથે ચલાવેલી લડત. હિંદની કળા સ્વતંત્રરીતે ને સ્વાભાવિકપણે આ જ ધરતીમાંથી ઊગેલી છે એ તેમણે જલદ ભાષામાં ફર્ગ્યુસન સાથેની ચર્ચામાં સ્પષ્ટ સાબિત કર્યું છે. ડૉ. ભાંડારકર ને પીઅર્સનની જેમ અનેક સ્થળે ફરી જૂનાં હસ્તલિખિત પુસ્તકોના સંગ્રહ કરવામાં પણ તેમણે મોટો ફાળો આપેલો. બંગાળની એશિયાટિક સોસાએટી દ્વારા પ્રકાશિત ઇતિહાસ ને ધર્મ પરના સંસ્કૃત, ફારસી, અરબી કે ઉર્દુમાં લખાએલા શ્રેષ્ઠ ને પ્રતિષ્ઠિત ગ્રંથોનો પરિચય કરાવતી 'બીબ્લીઓથેકા ઇન્ડિકા'ની પુસ્તકમાળામાં એમનો ફાળો મહત્ત્વનો છે. કેટલાંક બૌદ્ધ પુસ્તકો પણ તેમણે સંપાદિત કર્યાં ને 'લલિત વિસ્તર'ના મુખ્ય ભાગનો અંગ્રેજીમાં અનુવાદ પણ કરી નાખ્યો. આ હજુ પૂરતું ન હોય તેમ, ભીતરના કોઈ અખૂટ સ્ફૂર્તિપ્રવાહથી તેમણે 'વિવિધાર્થ સંગ્રહ' નામનું બંગાળી સચિત્ર સામયિક શરૂ કર્યું અને લગભગ સાત વર્ષ સુધી ચલાવ્યું.

થોડાઘણા અપવાદ બાદ કરતાં સરકાર અને પ્રજા બંને તરફથી રાજેન્દ્રલાલનું બહુમાન થયું છે. સરકારે તેમને સી. આઈ. ઈ.ના ઇલકાબથી નવાજ્યા, તો કલકત્તા યુનિવર્સિટીએ તેમને ડી. એલ. (ડૉક્ટર ઑવ લિટરેચર)ની માનભરી પદવી આપી. રાષ્ટ્રીય મહાસભાના બીજા અધિવેશનના એ સ્વાગતપ્રમુખ થએલા.

રાજેન્દ્રલાલનું મનોઘડતર હરેક પળે કાર્યમગ્ન રહેવા ઝંખતા કર્મવીરનું હતું. જીવનના છેલ્લા ગાળામાં પણ પોતાના મિત્ર ક્રિસ્તોદાસના અવસાન પછી 'ધ હિન્દુ પેટ્રિયટ'નું સંચાલન તેમણે પોતાના હાથમાં લીધું અને સઘળી મિલકત ને શક્તિ તેને અર્પણ કરી. પોતાના સ્વાસ્થ્યની યે અવગણના કરી કાર્યના વહેણ વચ્ચે તેમણે જાતને ઘસી નાખી. અંતે ૧૮૯૧માં થોડા સમય પક્ષઘાતની બીમારી ભોગવી તેમણે અનંત નિદ્રા લીધી.

કેસરી સ્વાર સ્વભાવે ઉગ્ર ને આવેશમય છતાં જ્ઞાનની ચારે સીમાને આવરી લેતા ઊંડા અભ્યાસની હંડી તાકાત ને ધગશભરી કાર્યશીલતાનો સંયોગ સાધતા, જીવનમાં કદી પરાજય ન સ્વીકારનાર, ને વેધક દૃષ્ટિથી વસ્તુના હાર્દને પામી જનાર આ સમર્થ પુરાવિદ્નું સ્થાન આપણા ચિરસ્મરણીય મહાપુરુષોની પ્રથમ પંક્તિમાં છે— પ્રકાશબિંદુ ને પ્રેરણાદાયી.

માનવજાતની મોટામાં મોટી શોધ—જેણે જ્ઞાન ને સંસ્કારને સંસારવ્યાપી કર્યાં

લેખનકળા

તેનો ઉદ્ગમ અને વિકાસ

જ્ઞાનપ્રાપ્તિ અને જ્ઞાનપ્રસારનું મુખ્ય અને મહત્ત્વનું સાધન તે લેખનકળા. સંસ્કૃતિના વિકાસ ને પ્રગતિમાં મોટામાં મોટો ફાળો કદાચ લેખનકળાનો છે. તેમાં ય લેખનકળાને મુદ્રણકળાનો સાથ મળ્યા પછી તો જ્ઞાનવિકાસના ક્ષેત્રમાં એક નવા જ યુગનો આરંભ થયો ગણાય; કારણકે તે પછી એટલું બધું સાહિત્ય નિર્માણ થયું છે, કે તેણે વિદ્યાકળાનો પ્રસાર જગતવ્યાપી કરી નાખ્યો છે.


જે વખતે લેખનકળાનો પ્રસાર બહુ થયો ન હતો તે વખતે વિદ્વાન માણસને 'બહુશ્રુત' કહેતા. બહુશ્રુત એટલે જેણે ઘણું સાંભળ્યું છે (સાંભળીસાંભળીને જ્ઞાન મેળવ્યું છે) તેવો માણસ. લેખનકળાની શોધ પછી જ્ઞાન ગ્રંથસ્થ થવા લાગ્યું, અને વાચનથી જ્ઞાનનો વિસ્તાર વેગીલો ને બહોળો થયો. આ લેખમાં એ લેખનકળાની શરૂઆતથી માંડીને લિપિ કેવી રીતે ઉત્પન્ન થઈ તેનો ઇતિહાસ ટુંકાણમાં જોઈશું.

(૧) ભાષા, (૨) બોલી અને (૩) લિપિ એ ત્રણ સંજ્ઞાઓ આપણે સારીરીતે જાણવી જોઇએ. 'ગુજરાતી' એ ભાષા છે. અમદાવાદમાં ગુજરાતી બોલાય છે અને સુરતમાં પણ ગુજરાતી બોલાય છે. છતાં, 'બાર ગાઉએ બોલી બદલાય' એ કહેવત પ્રમાણે ઉપરનાં બંને શહેરોમાં બોલાતી ભાષામાં ફેર પડે છે. અમદાવાદમાં રૂઢ થએલા 'પતંગ' શબ્દને સુરતમાં 'કનકવો' કહે છે. અમદાવાદમાં વપરાતા છોકરો ને છોકરી એ શબ્દો પોરો-પોરી તરીકે સુરતમાં રૂઢ થયા છે. કાઠિયાવાડમાં બોલાતી 'ગુજરાતી', ગુજરાત પ્રાંતમાં બોલાતી 'ગુજરાતી'થી કાંઈક જુદી છે. ૬ પાઈનાં બનેલા 'પૈસા'ને કાઠિયાવાડમાં 'કાવડિયું' કહે છે—કેટલેક ઠેકાણે 'ઢબિયું' પણ કહે છે. આમ, 'ગુજરાતી' એ ભાષા છે; પણ 'કચ્છી' એ બોલી છે. પૂનામાં બોલાતી મરાઠી ભાષા કોંકણમાં બોલાતી ભાષાથી જુદી છે. ત્યાં 'મરાઠી' એ ભાષા છે, 'કોંકણી' એ બોલી છે, ને એ બંને જેમાં લખાય છે તે 'દેવનાગરી' એ લિપિ છે. ગુજરાતીમાં ભાષા અને લિપિને માટે એક જ નામ (ગુજરાતી) છે.

કેટલીક વાર લખવા માટેની લિપિ ને વાંચવા માટેની લિપિ જુદી હોય છે. અંગ્રેજીમાં એવું છે. મરાઠીમાં વાંચવાની લિપિને 'દેવનાગરી' કહે છે ને લખવાની લિપિને 'મોડી' કહે છે. આ મોડી, એ અંગ્રેજીની લખવાની લિપિ (ત્રીજી-ચોથી એ. બી. સી. ડી.)ના જેવું જ 'દેવનાગરી'નું સ્વરૂપ છે ને તેના જેટલી જ ઝડપથી લખી શકાય છે.

લેખનકળાનો આરંભ ઇતિહાસ-પૂર્વ-કાળમાં થયો. શરૂમાં તો જંગલી માનવ પશુ તુલ્ય જ હતો, એટલે તેને કોઈ પણ કળાનું ભાગ્યે જ જ્ઞાન હોય. પરંતુ જેમજેમ તેની પ્રગતિ થતી ગઈ તેમતેમ તેની જરૂરિયાતો વધતી ગઈ; અને 'જરૂરિયાતને લીધે જ સંશોધન થાય છે' એ કહેવત પ્રમાણે એવી જરૂરતમાંથી જ લેખનકળાનો જન્મ થયો.

જંગલી માણસને પણ પોતાના વિચારો વ્યક્ત કરવાની જરૂર પડે જ છે. તે માટે તે બોલે છે અથવા તો વાંકીચૂંકી લીટીઓ વડે દોરેલી નિશાનીઓનો ઉપયોગ કરે છે. વળી જંગલી માણસ ઝગડાખોર ને યુદ્ધપ્રિય હોય છે. શત્રુઓ પરના વિજય પછી પોતાનાં પરાક્રમોની યાદગીરી રાખવાની વૃત્તિ છેક ગુફામાં રહેનાર જંગલી માણસોમાં પણ જણાતી હતી. તે માટે તેઓ હાડકાં કે હાથીદાંત પર માણસો ને પશુ-પક્ષીઓનાં ચિત્રો દોરતા. એવાં અનેક ચિત્રો ઇતિહાસ-સંશોધકોને મળી આવ્યાં છે. લેખનકળાની આ સાવ પ્રારંભની અવસ્થા છે. આ પ્રકારની લેખનકળા ઘણાં વર્ષ સુધી ચાલુ રહી.



ઇજિપ્તની ચિત્રલિપિમાંથી આજની અંગ્રેજી લખાતી રોમન લિપિનો ક્રમવિકાસ દર્શાવતો એક નમૂનો. અનુક્રમે : (૧) ઇજિપ્શ્યન ચિત્રાક્ષર હાયેરોગ્લિફ, (૨-૩) તે પરથી થએલી ઇજિપ્શ્યન લિપિ હાયેરેટિક, (૪) તે પરથી નીપજેલી ફીનીશિયન લિપિ, (૫) તે પરથી થએલો ગ્રીક અક્ષર, (૬) તે પરથી થએલો રોમન ને (૭) આધુનિક અક્ષર A.

પછી માણસ જેમજેમ સુધરતો ગયો તેમતેમ તેને પોતાનાં દૂરનાં સગાંવહાલાંને, બીજો કોઈપણ માણસ ન જાણે તેવી રીતે, ગુપ્ત સંદેશો મોકલવાની જરૂર જણાવા લાગી. તેવો સંદેશ મોકલવાને માટે તેણે કાંઈક જુદાં ને વધારે સારાં ચિત્રોનો ઉપયોગ કર્યો. આ પ્રકારની ચિત્રાલેખન પદ્ધતિમાંથી (Hieroglyphic writing અથવા Picture writing) નામની લેખનકળાનો જન્મ થયો.

શરૂઆતની એ લેખનકળાનું સ્વરૂપ ઘણું મર્યાદિત હતું. તેનાથી બહુ ઓછા પદાર્થ દર્શાવી શકાતા. 'મનુષ્ય' દર્શાવવા માટે તેઓ એક મોટી ઊભી રેખા કાઢી, બે હાથને માટે બે નાની લીટીઓ, ને બે પગને માટે બે મોટી લીટીઓ દોરી, માણસનું ચિહ્ન કાઢતા. સૂર્યની કલ્પના વ્યક્ત કરવા માટે એક વર્તુળ દોરી તેમાં એક ટપકું મૂકતા. પણ આવી ચિત્રાલેખન પદ્ધતિથી તે કેટલીક કલ્પના વ્યક્ત કરી શકાય?



આના પછીની લેખનકળાની પ્રગતિ એટલે, ચિત્રોની મદદથી પ્રાણીઓની વિશિષ્ટતા દર્શાવવાનો પ્રયત્ન. દાખલા તરીકે શરૂઆતમાં જે સિંહનું ચિત્ર સિંહ પ્રાણી માટે વપરાતું હતું તે જ ચિત્ર પછીની અવસ્થામાં અસામાન્ય શક્તિ, ચપળતા, પરાક્રમ વગેરે સિંહના વિશિષ્ટ ગુણો કોઈમાં રહેલા હોય તે બતાવવા માટે દોરાવા લાગ્યું. આ લેખનપદ્ધતિમાં મુખ્ય ચિત્ર કરતાં તે દ્વારા વ્યક્ત કરાતા વિચારોનું વધારે મહત્ત્વ હોવાને લીધે તેને 'કલ્પનાલેખન પદ્ધતિ' (Ideographic writing) કહે છે. ચિત્રાલેખન પદ્ધતિ કરતાં આ લેખનપદ્ધતિ વધારે સુધરેલી ગણાય. છતાં તે પણ ઘણી રીતે અધૂરી છે.

કલ્પનાલેખન પદ્ધતિ ઘણાં વર્ષ સુધી ચાલુ રહ્યા પછી ધ્વનિલેખન પદ્ધતિ(Phonographic writing)નો જન્મ થયો. માણસની પ્રગતિ જેમજેમ થઈ તેમતેમ તેને લાગ્યું કે માણસના મુખમાંથી બોલતી વખત હ્રસ્વ, દીર્ઘ, મૃદુ, કઠોર, ઉચ્ચ, નીચ એવા અસંખ્ય ધ્વનિ બહાર પડવા છતાં 'તદ્દન સ્વતંત્ર' ધ્વનિઓની સંખ્યા તો ઘણી થોડી અને મર્યાદિત જ છે. આવા પૃથક્ ધ્વનિઓની સંખ્યા પાંચ-છ સો છે એમ નિશ્ચિત કર્યાં પછી, એ દરેક સ્વતંત્ર ધ્વનિ માટે કાંઈક સ્વતંત્ર ચિહ્ન વાપરવાની કલ્પના તેને સૂઝે એ સ્વાભાવિક છે. આવાં ધ્વનિ-સૂચક ચિહ્નોની કલ્પના સૂઝ્યા પહેલાં ઉપરની બન્ને લેખનપદ્ધતિઓ અનેક સૈકા સુધી ચાલુ રહી હશે. આ વિવેચન ઉપરથી ચોક્કસ જણાશે કે ચિત્રાલેખન પદ્ધતિમાંથી કલ્પનાલેખન પદ્ધતિ ઉત્પન્ન થઈ, અને કલ્પનાલેખન પદ્ધતિમાંથી ધ્વનિલેખન પદ્ધતિનો જન્મ થયો.

દુનિયાની પ્રાચીનમાં પ્રાચીન ગણાતી ત્રણ લિપિઓનો અભ્યાસ કરવાની જરૂર છે. (૧) ઇજિપ્શનની (અનુ૦ આગળ પાને ૧૩[illegible])

ઇથર જે ઈશ્વર જેટલું સર્વવ્યાપી છે એમ આ વાંચીને તમને ઘડીભર લાગશે

આ વિશ્વ શામાંથી ઉદ્ભવ્યું તે વિષે કશું જાણી શકાયું નથી, પણ પદાર્થોના ગુણધર્મ પરથી વિશ્વના પ્રાકૃતિક રૂપ વિષે આપણે કંઈક ક્યાસ બાંધી શકીએ તેમ છીએ. વિશ્વમાં પદાર્થો ઉપરાંત બીજી વસ્તુઓ પણ છેઃ મૅગ્નેટીઝમ, વિદ્યુત, પ્રકાશ, ઇથર વગેરે.

એકેએક પદાર્થ અણુ-પરમાણુઓનો બનેલો છે. એક પરમાણુનું કદ રેતીના દાણાના બે હજારમા ભાગનું માનવામાં આવે છે. આવા સૂક્ષ્મતમ પરમાણુમાં વીજળીના અણુઓ વેગીલું ભ્રમણ કરી રહેલાં હોય છે. તેમની ગતિ પણ ગજબની હોય છે,—એક સેકંડે આડ લાખ સાઠ હજાર માઇલની !

પદાર્થના પરમાણુઓને તમે ગમે તેટલા કચરો, ખૂબ જોરથી દબાવો, છતાં તેમની વચ્ચે જગ્યા તો રહેવાની જ. આ જગ્યા પોલી હોય તેમ પણ નથી. તે ઈથરથી ભરાએલી હોય છે. પદાર્થમાત્ર પ્રાદેશિક અને ક્ષણિક હોય છે, જ્યારે ઈથર સાર્વત્રિક અને શાશ્વત છે. આમ, પદાર્થમાત્ર ઇથરનું સ્વરૂપ છે, ઇથરમાંથી બનેલો છે ને જ્યારે તે આપણી નજરમાંથી અદૃશ્ય થાય છે ત્યારે ઈથરમાં ભળી જાય છે.

ત્યારે આ ઈથર છે શું ? પૃથ્વી પરના જલના મહાસાગરો અને હવાના સાગર વિષે આપણે જાણતા હોઇએ છીએ. પણ વિશ્વમંડળને આવરી રહેલો એક જે ત્રીજો મહાસાગર છે તે આ ઈથર. પૃથ્વીની ચોમેર વીંટળાઇને તેને આવરી રહેલો હવાનો સાગર ઊંચે વાતાવરણમાં બસો માઈલ પર્યંત હોય છે, પણ તે પછીનો અવકાશનો લાખોના લાખો માઈલનો વિસ્તાર આ ઇથરથી ભરાએલો હોય છે.

આપણી પૃથ્વી હવા રૂપી કંબલ ઓઢી ઈથરના એ સાગરમાં એક મિનિટના એક હજાર માઇલની ઝડપે સૂર્યની પ્રદક્ષિણા કરે છે. દોડતી ટ્રેનને જેમ હવાના અવરોધ(Resistance)નો સામનો કરવાનો હોય છે તેમ મિનિટના હજાર માઈલની ઝડપે દોડતી પૃથ્વીને ઈથરનો અવરોધ સહેવો પડતો હોય તેવું જણાતું નથી. ઈથર સર્વવ્યાપી છે છતાં તેના અસ્તિત્વની આપણને જરા યે જાણ થતી નથી હોતી.

હવાના સાગરમાં આપણા અવાજનાં મોજાં ઉત્પન્ન થતાં હોય છે અને આ મોજાંનાં આંદોલનો કાનના પડદા ઉપર અથડાવાથી આપણને 'અવાજ'નું ઇન્દ્રિયજન્ય જ્ઞાન થાય છે. આમ, અવાજનું વાહન જેમ હવા છે તેમ પ્રકાશનું વાહન ઇથર છે. પ્રકાશ એ કંઇ તેજકણો નથી, પણ ઈથરમાં વહેતાં ગતિભર્યાં મોજાં કે તરંગો છે. આવાં મોજાં કે તરંગ ઈથરમાં ઉત્પન્ન કરનાર કોઈ પ્રકારનું આંદોલન તો હોવું જ જોઇએ. ખૂબીની વાત તો એ છે કે ઈથરમાં પસાર થતું કોઈપણ દ્રવ્ય, કે ભ્રમણ કરતી કોઈપણ વસ્તુ તેમાં આંદોલન નથી જગાવી શકતી, પણ વિદ્યુતના તણખા આંદોલનો જગાવી શકે છે.

ઈથરમાં આવા તરંગો ઉત્પન્ન કરનાર શેષ વિદ્યુત (Negative Electricity)ના કણ હોય છે. આને ઇલેક્ટ્રોન્સ કહેવામાં આવે છે. સૂર્યમાં આવા—અબજોના અબજ વિદ્યુત્‌અણુઓ ભ્રમણ કરતા હોય છે અને એને પરિણામે દેખી શકાય તેવો પ્રકાશ, અલ્ટ્રા વાયોલેટ ને ઇન્ફ્રારેડ કિરણોનાં મોજાં કે તરંગો પેદા થાય છે આ મોજાં ઈથરને ભેદી, નેવું લાખ માઈલનું અંતર કાપી, પૃથ્વી પર ઊતરી પ્રકાશ ને ગરમી આપે છે. દૂરાતિદૂર આવેલા તારાઓનાં મોજાં એ રીતે કરોડો માઈલના પ્રવાસ ખેડી પૃથ્વી પર તેજ રૂપે આવે છે.

પદાર્થમાત્રમાં ઇલેક્ટ્રોન્સ કે વિદ્યુત-અણુઓનું સ્પંદન (Vibrations) થયા કરતું હોય છે. આ લેખ વાંચો છો તે કાગળના ઇલેક્ટ્રોન્સનું પણ સ્પંદન ચાલુ જ છે. જો એ સ્પંદન ચાલુ ના હોત તો આ કાગળ સફેદને બદલે કાળો દેખાત ને તમે કશું વાંચી ના શકત.

સૂર્યના કે દીવાના પ્રકાશના ઇથરનાં મોજાં આ કાગળ ઉપર પડે છે અને તે કાગળના ઇલેક્ટ્રોન્સમાં કમ્પન ઉત્પન્ન કરે છે. આથી આ વિદ્યુત-અણુઓ પ્રકાશના જેવા જ પ્રકાશનાં ઈથરનાં મોજાં પેદા કરે છે. અને આ તરંગો આપણી આંખમાં જઈ (Vision) દૃષ્ટિનું—'જોવાનું' ઇન્દ્રિયજન્ય જ્ઞાન કે ભાન પેદા કરે છે.

ઇથરનાં મોજાં નોખીનોખી ગતિ કે કમ્પસંખ્યામાં (Rate or Frequencyમાં) વહેતાં હોય છે. એ જુદીજુદી કમ્પસંખ્યાવાળાં મોજાંમાં આપણામાં રંગોનું ભાન ઉત્પન્ન કરવાની શક્તિ હોય છે. સેકંડના ૪૦૦ મહાપદ્મ (Billions)ની કમ્પસંખ્યામાં વહેતાં મોજાં આપણામાં લાલ રંગની સંવેદના (Sensation) જગાવે છે; અને ઉત્તરોત્તર એથી વધુ કમ્પસંખ્યાવાળાં મોજાં પીળો, લીલો, ભૂરો, જાંબુડીઓ, કેસરી વગેરે રંગોની સંવેદના જગાવનારાં હોય છે.

ઇથરનો સાગર આપણે જોઈ શકતા નથી, એટલે તેના તરંગોથી ઉત્પન્ન થતો પ્રકાશ પણ, અલખ, અગોચર હોવો જ જોઇએ. સૂર્યપ્રકાશનો એક જ રંગપટ (Spectrum) આપણે જોઈ શકીએ છીએ. આ રંગપટના લાલ રંગની પારનાં ઇન્ફ્રારેડ કિરણો કે જે ગરમીવાહક હોય છે તે, જાંબુડિયા રંગની પારનાં અલ્ટ્રા વાયોલેટ કિરણો, તેમજ એક્સ રે વગેરે પ્રકાશ આપણે જોઈ શકતા નથી આ સર્વ પ્રકાશનાં કિરણોનાં મોજાં એક જ પ્રકારનાં હોય છે. ફેર માત્ર એટલો જ હોય છે કે કેટલાંક કિરણો બીજાં કરતાં ઘણાં ટૂંકાં હોય છે.

પદાર્થમાત્રને રંગ હોતો નથી તેમજ ઇથરનાં મોજાં પણ રંગીન નથી હોતાં. તે તો અદૃશ્ય હોય છે. તો પછી પ્રશ્ન થાય છે પદાર્થોના રંગો આવ્યા ક્યાંથી ?

લાલ રંગના પદાર્થનાં ઇલેક્ટ્રોન્સ કે વિદ્યુત-અણુઓ, ઇથરનાં મોજાંના લાલ રંગ ઉત્પાદક મોજાં સાથે સંવાદી (Responding) નીવડે એવાં હોય છે એટલે તે પદાર્થ લાલ રંગી લાગે છે. સૂર્યપ્રકાશ કે દીવાના પ્રકાશના લાલ રંગ ઉત્પાદક મોજાં પદાર્થ ઉપર પડે છે, પદાર્થના ઇલેક્ટ્રોન્સ મોજાં સાથે સંવાદી (Responding) નીવડી પોતે પણ લાલ રંગનાં મોજાં વહેવડાવવાં શરૂ કરે છે અને આથી આપણામાં લાલ રંગનું ઇન્દ્રિયજન્ય જ્ઞાન (Sensation) ઉત્તેજના પામે છે અને તે પદાર્થ આપણને લાલ રંગનો દેખાય છે.

ઇથરનો મહાસાગર સચરાચર વ્યાપેલો છે. તેમાં ઘણાં ગૂઢ રહસ્યભર્યાં કાર્યો થયા કરતાં હોય છે. ગુલાબ ભૌતિક પદાર્થ છે,—માણસ કે સ્ટીમ રોલરના જેવા જ અણુપરમાણુઓનો બનેલો. પણ તેમાં વસેલું જીવતત્ત્વ કંઇ પદાર્થ નથી. તે એવી કંઈક વસ્તુ છે કે જે પદાર્થ દ્વારા પોતાના વ્યક્તિત્વને વ્યક્ત કરતી હોય છે. આપણી ઈચ્છાઓ કે ભાવો વ્યક્ત કરવા આપણે આપણો દેહ જ વાપરતા હોઇએ છીએ. આપણું વ્યક્તિત્વ તે કંઈ પદાર્થ નથી; તે અણુપરમાણુઓનું બનેલું નથી. તે ઈથર હોઈ શકે.

ત્યારે આ ઇથર છે શું? તેનું રહસ્ય ઉકેલવા આપણી વાણી અસમર્થ નીવડે તેમ છે. તેને અણુપરમાણુઓ નથી. તે વજ્ર કરતાં પણ સખ્ત છે. તેની દ્વારા પ્રકાશ આવે છે અને આપણા સંદેશાઓનું સંવાહન પણ તેની જ દ્વારા થાય છે. પદાર્થ માત્રના અણુપરમાણુઓને બાંધી રાખી, તેનું બંધારણ ઘડનાર એ છે સ્થળેસ્થળમાં તે વ્યાપક છે, છતાં તેના વિષે આપણે કશું પણ જાણતા નથી !

—ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

—આ પત્ર મેળવનાર: હરિપ્રસાદ ર. મહેતા, હોળીચકલા, સાણંદ—

પ્રિય હરિપ્રસાદ,

જાન્યુઆરી ૧૫, ૧૯૪૫

ગયે અઠવાડિયે તમારું ત્રીસમી નવેમ્બરનું પત્તું મળતાં મને જેટલું આશ્ચર્ય થયું તેટલું આગાઉ કદિ, કોઈ ટપાલ મેળવતાં થયું હોય એમ યાદ નથી. તમને ભૂલી ગયો હતો એમ તો નહિ કહું, મિત્ર; પણ તમારા તરફથી ફરી કાંઇ ખબરખત મળવાની આશા મને નહોતી. અને તમને છેલ્લી વેળા લખ્યા પછી એટલા બધા બનાવ બની ગયા છે કે ક્યાંથી શરૂ કરવું એની જ ખબર નથી પડતી. કેમ, આપણા છેલ્લા પત્રવિનિમયને ઓછામાં ઓછાં છ વરસ તો થઈ ગયાં!

ખેર. તમને ખબર હશે કે ત્યારે હું હાઇસ્કૂલમાં હતો ને કૉલેજ-માં જવાની તૈયારી કરતો હતો. ૧૯૪૦માં મેં હાઇસ્કૂલનું શિક્ષણ પૂરું કર્યું તે જ અરસામાં અમારું કુટુંબ ન્યૂ જર્સી પરગણામાંથી વાસ બદલીને ન્યૂ યૉર્ક પરગણામાં રહેવા ગયું. ૧૯૪૦ના સપ્ટેમ્બરમાં હું ક્વીન્સ કૉલેજમાં દાખલ થયો, ને પહેલે જ દિવસે એક સુંદર મજાની છોકરીની મુલાકાત થઇ! પણ એના વિષે વધારે હવે પછી.

અભ્યાસમાં તો મારે કેમિસ્ટ્રી લઇને બી. એસસી. થવું હતું. બે વર્ષ કેમિસ્ટ્રીનાં (એલીમેન્ટરી ઇનઑર્ગેનિક, એલિમેન્ટરી ફિઝિ-કલ અને ક્વૉલિટેટિવ ઍનૅલિસિસ) બે વર્ષ ગણિતનાં (જેમાં કૅલ્ક્યુ-લસનો પણ સમાવેશ ખરો), ત્રણ ફ્રેન્ચનાં, ચાર અંગ્રેજી સાહિત્યનાં, દાક્તરિ ફિઝિક્સ માટે ને એક સાયન્ટિફિક જર્મન, સંગીત અને શારી-રિક કેળવણી માટે મેં રાખેલાં. ૧૯૪૨ના સપ્ટેમ્બરમાં, મને કૉલે-જમાં પહેલે જ દિવસે મળેલી છોકરીએ મારી સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું. અમે ત્યારે હજુ વિદ્યાલયમાં જ હતાં અને અમારું લગ્ન અમારાં માતાપિતાથી પણ અમે છાનું રાખ્યું હતું.

પણ અમારા જીવનમાં દખલ કરનારું મહાયુદ્ધ શરૂ થયું ને ૧૯૪૩ના ફેબ્રુઆરીમાં હું અમેરિકાના હવાઇ દળમાં ભરતી થયો. મેં ઘર છોડ્યું તે પહેલાં અમે બધાંને અમારાં લગ્ન વિષે વાકેફ કરી દીધાં. ૧૯૪૩ના જુલાઇમાં મારી પત્નીએ એક સુંદર બાળકને જન્મ આપ્યો. અમે તેનું નામ પાડયું છે પીટર એડવર્ડ હૉરૉવિટ્ઝ.

૧૯૪૪ના મે મહીનામાં હું હવાઇ દળમાં અફસર થયો. તમે બી. ૨૯ બૉમ્બરનું નામ તો સાંભળ્યું જ હશે. એવું એક જંગી વિમાન હું ચલાવું છું. તેનું ચિત્ર આ કાગળને મથાળે છાપેલું છે.

મને અત્યારે બાવીસમું વર્ષ ચાલે છે—જો બરાબર યાદ હોય તો! તમે તો મારા કરતાં મોટા છો, ખરું?

જગતમાં ખરેખર પરિવર્તન થઈ ગયું છે. અને આપણા છેલ્લા પત્ર પછી આપણાં જીવન પણ પલટાઈ ગયાં છે, નહિ હરિપ્રસાદ? તમે ડૉક્ટર થવાને તમારે માર્ગે છો, જ્યારે હું એક લશ્કરી વિમાની છું. છ વર્ષ પહેલાં કોને આનો સ્વપ્ને ય ખ્યાલ હશે? અને યુદ્ધને અંગે કદાચ હું તમને કોઈ દિવસ મળી પણ શકું! તમે બનતાં સુધી જાણતા હશો કે અમેરિકન સૈન્ય બી. ૨૯ વિમાનોને હિંદમાં પણ મોકલે છે. કદાચ મને ત્યાં મોકલવામાં આવે અને તમે બી. ૨૯ના ઉતરાણ-મથકથી બહુ દૂર નહિ રહેતા હો તો આપણે કોઇ વખત મળી પણ શકીએ. ત્રણ કે ચાર માસમાં મારે દરિયાપાર જવાનું થશે,—કદાચ હિંદમાં, કદાચ પાસિફિકના બેટો તરફ.

તમે કલકત્તાથી દૂર રહો છો? રખે આ પ્રશ્નથી મુંઝાતા! કારણ કે અબઘડી મેં હિંદુસ્તાનનો નકશો જોયો તો તેમાં કલકત્તાથી અમ-દાવાદ આશરે હજાર માઈલ દૂર લાગે છે. હં, ત્યારે તમે મુંબાઇની નજીક રહો છો. નકશામાં મેં અમદાવાદ તો શોધી કાઢ્યું છે, પણ સાણંદનો પત્તો નથી લાગતો.

તમારા મહાન ને વસતિભર દેશ વિષે તમારી કનેથી ખૂબખૂબ વસ્તુઓ જાણવા ચાહું છું. પણ હું જો તમને કાંઈક ગૂંચવણિયું કે મૂર્ખાઈભર્યું પૂછી બેસું તો એ મારી અમેરિકન બાઘાઇનો દોષ ગણી સવાલને બાજુએ મૂકી દેજો.

પહેલું તો, તમે હિન્દુ છો કે મુસલમાન? તમે મિ. ગાંધીના અહિંસાના સિદ્ધાન્તોમાં માનો છો? તમને લાગે છે કે હિંદુસ્તાનના લોકો સંપ સાધી શકશે? તમે કોઈ નાતના સભ્ય ખરા? જ્ઞાતિ-પદ્ધતિમાં તમે માનો છો? હિંદના લોકોને અમેરિકનો ગમે છે? તેમને જાપાનનો ડર લાગે છે? કે તેઓ અમારી અમેરિકનોની જેમ તેમને તથા તેમની વિચારપદ્ધતિને ધિક્કારે છે? આમાં જો મેં તમને કોઈ પણ માથાફોડિયો સવાલ પૂછ્યો હોય તો કૃપા કરી તેને બાતલ કરશો. હું સમજી જઈશ.

અમેરિકા વિષે તમે બેલાશક કાંઇ પણ પૂછી શકો છો. તેનો જવાબ આપવા હું યથાશક્તિ પ્રયત્ન કરીશ.

તમે હજુ પણ ટિકિટો સંઘરો છો ખરા? મેં તો તે હજી ય ચાલુ રાખ્યું છે. પણ એ તો મારા પુત્રને, એ મોટો થાય ત્યારે આ-પવા માટે. હું આ સાથે થોડી અમેરિકન ટિકિટો, મારો તાજેતરમાં પડાવેલો ફોટો ને થોડા અમેરિકન સિક્કા મોકલું છું.


હું મોકલી શકું એવી નાનીસરખી ભેટની વસ્તુઓ માટે તમે વિના-સંકોચે લખશો. બની શકશે તો તમને ગમતી ચીજ હું મોકલ્યા વગર નહિ રહું. જોકે લડાઈને અંગે ઘડિયાળ કે કૅમેરા જેવી જણસો મળવી મુશ્કેલ છે. તમારા દેશમાં ચાલતો મુખ્ય સિક્કો મને જરૂર ગમશે.

ત્યારે દોસ્ત! ઘડીભર માટે છેલ્લા સલામ. મારા પત્રનો જવાબ સત્વર લખવાનું ન ભૂલતા. આપણો પત્રવ્યવહાર ચાલુ રાખવાની દરેક તકને હું આવકારતો રહીશ—કોઈક વેળા આપણે મળી જશું ત્યાં સુધી. હું અહીંથી ઊપડી ગયો હોઈશ તોપણ તમારો કાગળ મને પાછળપાછળ મળી રહેશે.

તમારો અમેરિકન મિત્ર
Norman S. Horowitz

નવા પત્રમિત્રો

(૧) આદમઅલી અબ્દુલકાદર, પો. ઑ. ૫૧, દારેસ્સલામ (આફ્રિકા) અમેરિકાની International Students Society તથા United Matchonionsના પૂર્વ આફ્રિકાના પ્રતિનિધિ છે તેમજ એવી ઘણી મિત્રમંડળીઓના સભ્ય છે. હિંદી યુવકોને અમેરિકન પત્રમિત્રો તથા એવાં મંડળોનાં સરનામાં મોકલશે, તેમજ પોતાના નામ-સરનામાં ઉમર પોતાનાં શૉખ વગેરે લખી મોકલનારને 'ઈન્ટર નૅશનલ સ્ટુ-ડન્ટસ સોસાઇટી (જેની કોઈ પણ જાતની ફી નથી)માં સભ્ય થવું હશે તો સહાય કરશે (૨) છગનલાલ કે. પટેલ, પો. ઑ. ૬૮, ઝાંઝીબાર (બ્રિ. ઈ. આફ્રિકા) હિંદના કોઈ પણ પ્રાંતના પત્રમિત્રો ચાહે છે; પોતે આફ્રિકા અને અમેરિકાનાં પત્રમિત્રોનાં સરનામાં મોકલશે; ટિકિટો, જૂના સિક્કા, ચિત્રોનાં કાર્ડ વગેરે સંઘરવાનો શૉખ છે. (૩) કે. આર બારમેડા, પો. ઑ. ૫૫૨, નાઇરોબી (આફ્રિકા)–હિંદના પત્રમિત્રો ચાહે છે.




બ્રાહ્મી લિપિમાં ગિરનાર ઉપરનો અશોકનો પહેલો શિલાલેખ (ઈ. સ. પૂર્વે ત્રીજો સૈકો). ઉપરની લીટીઓમાં પહેલી પંક્તિ બ્રાહ્મી લિપિની છે, તેની નીચે બીજી પંક્તિમાં તેનો ઉચ્ચાર દેવનાગરી લિપિમાં દર્શાવ્યો છે, ને ત્રીજી પંક્તિમાં તેનો અર્થ ગુજરાતી લિપિમાં આપ્યો છે.

(અનુસંધાન પાન ૧૩૨થી) લિપિ, (૨) બૅબિલોનિયા દેશની બૅબિલોનિયન લિપિ ને (૩) ફીનીશિયા દેશની ફીનીશિયન લિપિ. લેખનપદ્ધતિની ત્રણે અવસ્થાઓનો વિકાસ તેમાં સ્પષ્ટ દેખાય છે. ઇજિપ્ત દેશની લિપિ એટલે ચિત્રાલેખન પદ્ધતિના અવશેષ, કલ્પનાલેખન પદ્ધતિ, અને બહુ જ થોડાં ધ્વનિલેખન પદ્ધતિનાં ચિહ્નો મળીને થએલી લિપિ. ઇજિપ્તના પ્રાચીન લેખો જોઇએ તો તેમાં માછલાં, સિંહ, બાજપક્ષી વગેરેનાં ચિત્ર મળી આવે છે. ચિત્રલિપિની પ્રારંભિક અવસ્થામાં આ ચિત્રો તે તે પ્રાણીઓને દર્શાવવા માટે દોરેલાં હશે. પણ પછીથી તે તે પ્રાણીઓના વિશિષ્ટ ગુણો બતાવવા માટે દોરવામાં આવ્યાં હશે. આમ, અનેક પ્રાણીઓ ને પદાર્થોની વિશિષ્ટતા તથા લાક્ષણિકતા શોધી કાઢવા માટે આ લિપિ પ્રખ્યાત છે.

આજના સીરિયા દેશને પ્રાચીન ગ્રીક-રોમન લોકો ફીનીશિયા કહેતા. ત્યાંની લિપિ ઉપરની બંને લિપિ કરતાં વધારે અગત્યની છે, કારણ કે પાશ્ચાત્ય વિદ્વાનો માને છે કે આજનાં બધાં સુધરેલાં રાષ્ટ્રોની લિપિઓ એ જ લિપિમાંથી નીકળી છે ફીનીશિયન લિપિમાં ૨૦-૨૧ વર્ણ છે. અને સેમેટિક લિપિના દરેક વ્યંજનને માટે એક સ્વતંત્ર વ્યંજનની યોજના તેમાં કરેલી છે ફીનીશિયા દેશ બહુ સમૃદ્ધ ગણાતો અને તેનો વેપાર દૂરદૂરના દેશો સાથે ચાલતો; એટલે પોતાના વેપારની સાથોસાથ ફીનીશિયાના લોકોએ આખી દુનિયામાં ફીનીશિયન લિપિનો પ્રચાર કર્યો એમ યુરોપીય વિદ્વાનો માને છે.

હિંદુસ્તાનની બધી લિપિઓ બ્રાહ્મી લિપિમાંથી નીકળેલી છે એમ આપણી પ્રાચીન પરંપરા કહે છે બ્રહ્મદેવે શોધી કાઢેલી એટલે બ્રાહ્મી. પ્રાચીન હિંદુ અને બૌદ્ધ ધર્મગ્રંથોમાં તેનો ઉલ્લેખ મળી આવે છે. પરદેશથી આવેલા ઘણા મુસાફરોએ પણ બ્રાહ્મી લિપિનો ઉલ્લેખ કર્યો છે. હ્યુ-એન-ત્સંગ નામનો ચીની પ્રવાસી (ઇ. સ ૬૨૯-૬૪૫) કહે છે કે બ્રહ્મદેવે હિંદુસ્તાનની વર્ણમાલાની શોધ કરી અને તે જ આજે ચાલુ છે. પ્રસિદ્ધ અરબી મુસાફર અલબેરૂની (ઇ. સ ૧૦૩૦) કહે છે કે એક વખત હિંદના લોકો તેમની વર્ણમાલા તદ્દન ભૂલી ગયા



ખરોષ્ઠી લિપિમાં અશોકનો શાહબાઝગરીનો શિલાલેખ. એ લિપિ ઉર્દુની માફક જમણેથી ડાબે વાંચવાની છે. પહેલી પંક્તિ ખરોષ્ઠીમાં; નીચે દેવનાગરીમાં ઉચ્ચાર આપ્યો છે.

હતા, જે તેમને પરાશર-પુત્ર વ્યાસના દૈવી સામર્થ્યથી કલિયુગની શરૂઆતમાં ફરીને પ્રાપ્ત થઇ. પરાશર-પુત્ર વ્યાસનો કાળ ઈ. સ. પૂર્વે ૩૧૦૧ વર્ષ છે. આપણી લેખનકળાની શરૂઆત ત્યારથી થઈ.

જૈનોનાં 'સમવાયાંગ' અને 'પન્નવણા' નામનાં સૂત્રો (ઈ. સ. પૂર્વેના ૩જા અને ૨જા શતક)માં ૧૮ લિપિઓનો ઉલ્લેખ છે. બૌદ્ધોના 'લલિતવિસ્તર' ગ્રંથ (ઇ. સ. પૂર્વે ૧લું શતક)માં ૬૪ લિપિઓ વિષે ઉલ્લેખ છે, જેમાં બ્રાહ્મી, ખરોષ્ઠી અને દ્રવીડી એ ત્રણ મહત્ત્વની ગણાવી છે. બ્રાહ્મી લિપિ ગુજરાતી લિપિની માફક ડાબી બાજુથી જમણી બાજુ લખાતી ખરોષ્ઠી લિપિ ફારસી માફક જમણેથી ડાબી તરફ લખાતી. ખરોષ્ઠ નામના ઋષિએ શોધી કાઢેલી એટલે ખરોષ્ઠી નામ પડ્યું. આ ખરોષ્ઠી લિપિને પાશ્ચાત્ય વિદ્વાનો બૅક્ટ્રિયન, ઇન્ડો-બૅક્ટ્રિયન, બૅક્ટ્રો-પાલી, આરીઅન્તો-પાલી વગેરે નામ આપે છે.

'આપસ્તંબીય ધર્મસૂત્ર'માં 'પુષ્કરસાદી' નામની એક લિપિનો ઉલ્લેખ આવે છે. કેટલાક જૈન ગ્રંથોમાં 'યવનાનીય' નામની લિપિનો પણ ઉલ્લેખ છે. આ બધાં ઉપરથી એક વાત સિદ્ધ થાય છે, કે ઇ. સ.ના પહેલાથી ત્રીજા સૈકાના અરસામાં હિંદુસ્તાનમાં ઘણી લિપિઓ પ્રસિદ્ધ હતી. તેમની સંખ્યા કેટલેક ઠેકાણે તો ૩, ૧૮ અથવા ૧૦૮ જેટલી પણ મળી આવે છે.

યુરોપના વિદ્વાનોના મત પ્રમાણે તો આપણા પૂર્વજોને લેખનકળાનું જ્ઞાન જ ન હતું, એટલે તેમને તે કળા પરદેશથી લાવવી પડી! તેમનું કહેવું એવું છે કે 'ઋગ્વેદકાળમાં લેખનકળાનું જ્ઞાન ન હતું. તેમ હોત તો ઋગ્વેદ મુખોદ્ગત કરવાની શી જરૂર હોત? ગુરુ મંત્ર બોલે અને શિષ્ય તે મોઢે કરે એવી પરંપરા અનાદિ કાળથી ચાલુ રહેવાનું કારણ લેખનકળાનો અભાવ. લેખનકળા અસ્તિત્વમાં હોત તો વેદો મોઢે કરવાની તકલિફ કોણ ઉઠાવત? વળી, ઘણાખરા ગ્રંથો પદ્યમાં અને ટૂંકી સૂત્રમય ભાષામાં લખવાનું કારણ પણ લેખનકળાના પ્રચારનો અભાવ જ લાગે છે.'

'South Indian Palaeography' નામના પુસ્તકમાં, બર્નેલ, કસ્ટર્ડપ્સન વગેરે વિદ્વાનોના લખવા પ્રમાણે બ્રાહ્મી લિપિ ફીનીશિયન લિપિમાંથી નીકળી છે. મૂલર, પ્રિન્સેપ અને સેનાર્ટ નામના વિદ્વાનો ગ્રીક લિપિને બ્રાહ્મી લિપિની જનની બનાવે છે. વિલ્સન કહે છે કે ગ્રીક અથવા ફીનીશિયન લિપિમાંથી બ્રાહ્મી લિપિ નીકળી હશે. ડૉ. હાલેવેલના મત પ્રમાણે બ્રાહ્મી લિપિના કેટલાક અક્ષર ગ્રીક, કેટલાક ખરોષ્ઠી અને કેટલાક અરેમાઇક લિપિમાંથી નીકળ્યા છે! ડૉ. બુલ્હરે ઇ. ૧૮૯૫માં 'બ્રાહ્મી લિપિની ઉત્પત્તિ' નામનું નાનું પુસ્તક લખી સેમેટિક વર્ણોમાંથી બ્રાહ્મી નીકળી હોવાનું સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે. એક વખત આ મત બધે પ્રચલિત પણ હતો.


તે કહે છે: ઉત્તર સેમેટિક લિપિ જમણી બાજુથી ડાબી તરફ લખાતી તેમાં ૨૦થી ૨૨ વર્ણ હતા. હિંદના લોકોએ તેમાંથી પચાસ વર્ણોની લિપિ ઊભી કરી ડાબી બાજુથી જમણી બાજુ તરફ લખવાની

પ્રથા શરૂ કરી. ફક્ત સેમેટિક લિપિનો કાળ ઇ. સ. પૂર્વે ૮૦૦નો છે. હિંદુ લોકોએ સેમેટિક લિપિમાં બ્રાહ્મી લિપિ તૈયાર કરવાને લગભગ ૩૦૦ વર્ષ લીધાં, એટલે ઈ. સ. પૂર્વે ૫૦૦ના અરસામાં બ્રાહ્મી લિપિના બધા વર્ણ તૈયાર થયા. આ વિધાનને પુષ્ટિ આપવા માટે કહેવાય છે કે હિંદુ લોકો ઘણા પ્રાચીન કાળથી જલપર્યટન માટે પ્રસિદ્ધ છે. બૌદ્ધોના 'બાવરુ જાતક'માં હિંદુ વણિગુ બૅબિલોનિયાના લોકોને માલ મોકલતા હતા એવું વર્ણન છે. બીજા જાતક ગ્રંથોમાં ભૃગુકચ્છ (ભરૂચ), શર્પારક (સોપારા–મુંબઇ ઇલાકાના થાણા જિલ્લામાં) વગેરે બંદરોનાં નામ મળી આવે છે. ગૌતમે પરદેશમાંથી આવેલા માલ ઉપર રાજાઓ જકાત લેતા હતા એમ કહ્યું છે. આ ઉપરથી એમ ચોક્કસ જણાય છે કે ઇ. સ. પૂ. ૮માથી ૬ઠ્ઠા સૈકા સુધી હિંદુસ્તાનનો પરદેશ સાથે જહોજલાલીભર્યો વેપાર ચાલતો હતો, એટલું જ નહિ, પણ હિંદુ-સંસ્કૃતિના આદ્ય ગ્રંથ ઋગ્વેદમાં અશ્વિની દેવોની નાવ જ્યારે અફાટ દરિયામાં ડૂબતી હતી ત્યારે ભુજ્યુએ તેનું રક્ષણ કર્યું એવી કથા છે. આ બધી વિગતો ઉપરથી ડૉ. બુલ્હરે એવો નિષ્કર્ષ કાઢ્યો કે હિંદુ લોકોએ ખૂબ વેપારનો પ્રસાર કર્યો અને લેખનકળાની આયાત સેમેટિક લોકો પાસેથી કરી.'

પણ ૧૯મા સૈકાનો ડૉ. બુલ્હરનો આ મત હવે ગ્રાહ્ય ગણાતો નથી. તે પછી દક્ષિણ હૈદરાબાદ, હરપ્પા, મોહેં-જો-ડેરો વગેરે ઠેકાણે થએલાં સંશોધનો ઉપરથી બ્રાહ્મી લિપિની ઉત્પત્તિ હિંદુસ્તાનમાં જ છે એમ સિદ્ધ થયું છે. ડૉ. કે. પી. જયસ્વાલે (જર્નલ ઑફ બિહાર ઑરીઅન્ટલ રીસર્ચ સોસાએટી ૧૯૨૦માં) ડૉ. બુલ્હરનો ઉપરના મતનો પ્રચંડ વિરોધ કરી સપ્રમાણ સિદ્ધ કર્યું છે કે હિંદુઓએ તેમના પરદેશી વેપારના બહોળા ફેલાવા સાથે બ્રાહ્મી લિપિનો પણ પ્રચાર આખી પૃથ્વી ઉપર (ને મુખ્યત્વે મેસોપોટેમિયા વગેરે દેશમાં) કર્યો, એટલું જ નહિ પણ બ્રાહ્મી અને સેમેટિક વચ્ચેના સામ્યનું કારણ બ્રાહ્મી લિપિમાંથી જ સેમેટિક લિપિની ઉત્પત્તિ થઈ છે એ છે.

મોહેં-જો-ડેરોની મુદ્રાઓનો સૂક્ષ્મ અભ્યાસ કરી ડૉ. લંગ્ડન કહે છે: 'સેમેટિક લિપિમાંથી બ્રાહ્મી લિપિના અક્ષરો નીકળ્યા છે એમ કહેવું સાવ નિષ્ફળ છે.' આપણી લેખનકળા ઋગ્વેદ જેટલી જ જૂની છે. ઋગ્વેદમાં 'લિખ્' ધાતુ વાપર્યો નથી, પણ 'અક્ષર' શબ્દ પુષ્કળ ઠેકાણે વાપર્યો છે. ઋગ્વેદમાં ૧૦મા મંડળની એક ઋચા ઘણી મહત્વની છે. 'उत त्वः पश्यन्न ददर्श वाचं । उत त्वः श्रृण्वन्न श्रृणोत्येनाम् ।' (જે વાણીને જોવા છતાં જોતો નથી અને સાંભળવા છતાં સાંભળતો નથી.) એટલે કે 'અક્ષરશત્રુ માણસને લખેલો લેખ સાવ નકામો છે' એમ કહ્યું છે. પછીના વૈદિક સાહિત્યમાં આવેલા અક્ષર, કાંડ, પટલ, ગ્રંથ વગેરે શબ્દો લેખનકળાની સર્વોપરી પ્રગતિની જ સાક્ષી આપે છે. 'વસિષ્ટ ધર્મસૂત્ર' (ઈ. સ. પૂ. ૮૦૦)માં પુરાવા તરીકે દસ્તાવેજનો ઉલ્લેખ કર્યો છે. પાણિનિ વ્યાકરણમાં યવનાનીય અને પુષ્કરસાદી લિપિ સિવાય લિપિકર અને લિબિકર એવા સમાસો છે. પુરાણોમાં તેમજ રામાયણ-મહાભારતાદિ ગ્રંથોમાં લેખનકળા અને લેખન સાહિત્યના ઘણા ઉલ્લેખો છે. આ સિવાય પણ ઘણી પ્રકારે માહિતી આપી શકાય, પણ અહીં આટલું જ બસ છે.

દત્તાત્રેય પાં. નંદુરબારકર



સંસારનાં શહેરો

૪૮–ટ્રીએસ્ટે

માર્શલ ટીટોએ અણધારીરીતે જેનો કબજો લઈ વિશ્વશાંતિના ભંગની વેળાએ જ નવી ચિનગારી ચેતાવી એ, ઇટાલીના આડ્રિયાટિક સમુદ્રને કાંઠે મહત્વનું સ્થાન ભોગવતા ટ્રીએસ્ટેની જીવનકહાણી બહુરંગી છે. ઇ. ૬૧માં જન્મેલા રોમન ઇતિહાસકાર પ્લીનીના સમયમાં—ત્યારે એનું નામ હતું ટરજેસ્ટ—એ રોમન કબજા નીચે હતું. પછી એ સ્વતંત્ર પ્રજાસત્તાકનું મુખ્ય નગર પણ બન્યું. અને વિવિધ પલટા લેતાં ૧૩૮૨માં ઑસ્ટ્રિયાની હકૂમત નીચે તે આવ્યું ત્યાં વેપારના કેન્દ્ર તરીકે વિકસતા એના બંદરે નેપોલિયનનું ધ્યાન ખેંચ્યું અને ૧૮૦૯માં ફ્રેન્ચોએ તેનો કબજો લીધો. પાંચ વર્ષ પછી તે પાછું ઑસ્ટ્રિયાના હાથમાં આવ્યું. પણ ગયા મહાયુદ્ધને અંતે ઇટાલીને તે સુપરત થયું. આજે યુગોસ્લાવિયાની સરકારે તેને પોતીકું બનાવવા પ્રયત્ન કર્યો છે.

વેનીસની ઇશાને ૭૦ માઈલ પર આવેલું, આ બંદર લેવા માટે યુગોસ્લાવિયા શા માટે આતુર હોય એ તો, ઇટાલીના સામા કિનારા પર તોળાઈ રહેલી એની વિશિષ્ટ ભૌગોલિક સ્થિતિ સ્પષ્ટ દર્શાવી રહે છે. (જુઓ નકશો.) ઈટાલીના વેનેઝુલા ગુલિયા પરગણાનું સાડા ત્રણ લાખની વસતિવાળું આ પાટનગર પુરાણી ને નવી સંસ્કૃતિના સંગમ સમું છે. સાંકડી, સીધી ને અવ્યવસ્થિત શેરીઓવાળું જૂનું શહેર—જેના ઉપર એક કિલ્લો પણ આવેલો છે—ટેકરી પર વસેલું છે. અને નવા શહેરની બાંધણી અર્ધચન્દ્રાકારે પથરાએલા અખાતને કિનારે ને સમુદ્રને પૂરીને વસાવેલી થોડી જમીન પર થએલી છે. એ બંને વિભાગને શહેરનો સૌથી વધારે પ્રવૃત્તિભર્યો, વિશાળ ને સુંદર માર્ગ વાયા ડેલ કૉર્સો સાંકળી લે છે. ત્યાંનાં સંગ્રહસ્થાનો રોમન અવશેષોથી સભર છે, ને ચૌદમા સૈકામાં બાંધવામાં આવેલું સાન ગ્યુસ્ટોનું મઝાનું દેવળ પણ ત્યાં આવેલું છે. શહેરથી પાંચ માઇલને અંતરે કમનસીબ રાજા મૅક્સિમિલિયન માટે બાંધવામાં આવેલો મીરામેરનો કિલ્લો, પોતાની નિર્બંધ સત્તાથી માનવતાને રોળતા ને તેના ફળ તરીકે કોપિત પ્રજાને હાથે પોતાનો નાશ નોતરતા સત્તાધીશની કરુણ યાદ આપે છે.



પહેલેથી જ વહાણવટા માટે મશહૂર આ બંદરની દરિયાખેડને સત્તાની ગદલ-બદલો વચ્ચે યે કશી આંચ નથી આવી. દારૂ, તેલ, તમાકુ, ફળ, મીણ, અનાજ ને જીનનો તેનો ધીકતો વેપાર ચાલે છે. સામ્રાજ્યોના અસ્તોદયની ટ્રીએસ્ટેના આયુમાં જાણે કશી પડી નથી: નિરવધિ કાળ અને વિશાળ પૃથ્વીની વચ્ચે, આડ્રિયાટિકના ઘૂઘવતા સમદર પર તેના જળઘોડા ફરતા રહે એટલે પત્યું, ટ્રીએસ્ટે એમ જ જીવતું આવ્યું છે ને જીવશે.

જે પુણ્યશ્લોકનો પ્રભાવ અનંત કાળને ભેદીને પણ પ્રકાશ પાડતો

અમિતાભ!

(અનુસંધાન પાછળના પાન ૧૩૦થી)

'તુલા રાશિમાં? વારુ. કયા નક્ષત્રમાં?'

સંન્યાસી ચૂપ રહ્યો. વ્યાકુળ આંખે એણે એક વાર ચોતરફ જોયું. ભાગી છૂટવાનો માર્ગ નહોતો. જ્યોતિષીનું નામ સાંભળી કૌતુક કામદારો એક પછી એક કરતાં ચારે બાજુ વીંટળાઈ વળ્યા હતા.

ગિહિરે અવાજ તીખો કરી ફરી પૂછયું, 'ચંદ્ર કયા નક્ષત્રમાં છે?'

સુકાઈ ગએલા હોઠને જીભ વડે ભીના કરતો થોથરાતા અવાજે સંન્યાસી બોલ્યો, 'ચંદ્ર મૃગશીર્ષ નક્ષત્રમાં છે.'

હવે ગિહિરમિત્રે મારી તરફ જોઇ જરા હસીને કહ્યું, 'આ માણસ શઠ છે. જ્યોતિષશાસ્ત્રની એને કશી યે ગતાગમ નથી.'

ને તરત સંન્યાસીએ ઝડપથી ઊભા થઇ કામદારોની મેદનીને ભેદીને ભાગી જવાની મથામણ કરી. એ અસાધારણ બળવાન હતો. પરંતુ વીસ-પચીસ માણસ સામે એ એકલો શું કરે? થોડી જ વારમાં સૌએ એને પકડી નીચે પછાડયો ને દોરડાં વડે એના હાથપગ બાંધી લીધા. તે પછી સંન્યાસી બોલ્યો, 'મહાશય, મને નાહકનો આમ બાંધ્યો છે. હું એક ગરીબ ભિક્ષુક માત્ર છું. થોડુંક વધુ કમાવા જ્યોતિષીનો ઢોંગ કરી જોયો, પણ તમે જ્ઞાની મારૂં કપટ જાણી ગયા. હવે દયા કરી મને મુક્ત કરો. મને પૂરતી સજા થઇ ચૂકી છે.'

મેં કહ્યું, 'લુચ્ચા સંન્યાસી, તું કોશલ યા વૃજિરાજનો ગુપ્તચર છે. મને ભોળવી વાત કઢાવવાની તું મહેનત કરતો હતો.'

ભયથી ચીસો પાડતો એ બોલ્યો, 'કુમારીના સોગન. જયંતના સોગન. હું ગુપ્તચર નથી, ભિક્ષુક છું. મને છોડી દો. ફરી કદી યે આવું નહિ કરૂં. કદિ યે નહિ કરૂં. આ .... મને બહુ તરસ લાગી છે. થોડુંક પાણી—' કહી એ ઓચિન્તો અટકી ગયો.

મેં એક પ્રહરીને કહ્યું કે 'કૂવામાંથી પાણી લાવીને આને આપ.'

પ્રહરી પાણી લાવ્યો. પાત્ર સંન્યાસીના મોં આગળ ધરવામાં આવ્યું. પણ એ નિશ્ચેષ્ટ હતો. પાણી પીવાની કંઈ ઈચ્છા ન જણાઈ.

પ્રહરીએ કહ્યું, 'પાણી લાવ્યો છું. લ્યો, પીઓ.'

સંન્યાસી નીરવ-નિસ્પંદિત પડયો રહ્યો. કંઈ જ બોલ્યો પણ નહિ. મેં તેની પાસે જઇ કહ્યું, 'તરસ લાગી છે એમ કહેતો હતો ને? હવે કેમ પાણી નથી પીતો?'

એણે ક્ષીણ સાદે કહ્યું, 'હું પાણી નહિ પીઉં.'

જે પ્રહરી પાણી લાવ્યો હતો તે એકાએક પાણીનું પાત્ર ફેંકી દઈ પીડાતો પીડાતો નીચે ઢળી પડયો. 'શું થયું? શું થયું?' કહેતાં સૌએ એને ઝાલી લીધો ને જોયું તો થોડીવારમાં જ એના મોંના વર્ણમાં અદ્‌ભુત પરિવર્તન આવ્યું. એનું મોં તામ્રવર્ણ થઇ ગયું ને આંખો અસ્વાભાવિક શ્વેત બની ગઇ. એ સર્વાંગે થરથર ધ્રુજવા લાગ્યો. ધીરેધીરે મોંમાંથી ફીણ નીકળવા લાગ્યાં. જવાબ હવે પૂરેપૂરો સમજાઇ ગયો. 'શું થયું છે? આમ કેમ થયું?' આવા અનેક પ્રશ્નોના ઉત્તરમાં એ કેવળ જમીન પર પડેલા પેલા જળપાત્ર તરફ આંગળી ચીંધતો હતો.

ત્યાર બાદ અર્ધ દંડમાં, (દંડ=કલાક) વેદનાથી પીડાતો, હાથપગ પછાડતો એ પ્રહરી આ લોકનો ત્યાગ કરી ગયો. વિષથી વિધ્વસ્ત બનેલો એનો દેહ મૃત્યુના કરસ્પર્શે શાન્તિ પામ્યા પછી, ભેગા મળેલા સૌની નજર પેલા વેશધારી સંન્યાસી પર પડી. ક્રોધાંધ બનેલા લોકોની, મોતનો બદલો મોત માગતી એ હિંસક, ભયંકર નિષ્ઠુર દૃષ્ટિની આગથી સંન્યાસી બળીને ભડથું થઇ ગયો.

એક પળ વધુ મોડું થયું હોત તો દુર્દમ રોષિત બનેલા લોકોએ એના દેહના ટુકડે ટુકડા કરી નાખ્યા હોત. પરંતુ એ જ પળે સૌને ભેદીને કામદારોમાંનો મુખ્ય, વિશાળકાય દિંગ્નાગ ત્યાં આવી ઊભો. નીચે પડેલા સંન્યાસીને દાઢી પકડી ઊભો કરી, સૌ તરફ ફરી એણે ધીરગંભીરપણે કહ્યું, 'ભાઇઓ, આ ઢોંગી સાધુ શત્રુઓનો ગુપ્તચર છે. આપણા સૌના મૃત્યુની ઈચ્છાએ એણે કૂવાના પાણીમાં વિષ ભેળવ્યું છે. એને યોગ્ય એકમાત્ર સજા મૃત્યુ જ છે. એટલે આપણે એને એ સજા જ કરીશું; પરંતુ હમણાં નહિ, તમે સૌ જાણો છો કે જે કામ માટે આપણે જઇ રહ્યા છીએ, તેમાં નર બલિની જરૂર છે. ભૈરવને સંતોષ્યા વિના આપણું કામ સુસંપન્ન નહિ થાય. માટે હમણાં તમે કોઇ આના ઉપર હાથ ઉપાડશો નહિ. યોગ્ય સમયે ગંગાકિનારે આપણે એને જીવતોજીવત સમાધિ આપીશું. આ પાપાત્માની પ્રેતમૂર્તિ અનન્તકાળ સુધી આપણા દુર્ગને પહેરો ભરતી રહેશે.'

દિગ્નાગની વાતે સૌ શાંત થયા. ત્યાર બાદ મૃત પ્રહરીના દેહને સૌએ મળી કૂવા નજીકના એક વૃક્ષ તળે સમાધિ દીધી ને સંન્યાસીને વૃક્ષની ડાળી પર હાથપગ બાંધીને કોઇ વાઘની જેમ ઝુલાવી દીધો.

બીજે દિવસે સવારે ફરી પાછા અમે આગળ વધ્યા ને લગભગ ત્રીજે પહોરે પાટલિગ્રામ પહોંચ્યા. ગંગાકિનારે જંગલ વચ્ચે એ એક નાનું જનપદ હતું. બધાં મળીને માંડ પચાસેક ગરીબ કુટુંબો ત્યાં વસતાં હશે. ગ્રામજનો વધુ ભાગે શિકારી યા માછીમાર હતા. જંગલમાં પશુઓનો શિકાર કરીને યા નદીમાંથી માછલાં પકડીને એ લોકો જીવનનિર્વાહ કરતા. જવ, ઘઉં, ચણા વગેરે પણ ખેતર ખેડીને ઉપજાવતા. અમને ટોળાબંધ આવેલા જોઇ તેઓ અમને લુટારા માની ગામ છોડી વેરાન જંગલમાં ભાગવા લાગ્યા. અમે એમને ઘણાં યે સમજાવ્યા, પરંતુ કોઇએ કંઈ જ ન સાંભળ્યું. પારધીની બીકે હરણાંનાં ટોળાં ભાગે તેમ તેઓ ગાઢ જંગલમાં અદૃશ્ય થઇ ગયા.

ને ત્યારે અમને જ્યાંથી જે ખાવાનું મળ્યું તે લઈને અમે પેટનો ખાડો પૂર્યો. ગામનું વરસ આખાનું ભેગું કરેલું ખાદ્ય અમારા એક સાંજના ભોજનમાં જ લગભગ બધું ખલાસ થઈ ગયું.

એ દિવસે બીજું કંઈ જ કામ ન થયું. થાક્યાપાક્યા શ્રમિકોનાં ટોળાંએ જ્યાં જગ્યા મળી ત્યાં આરામ કરતાં રાત્રિ વીતાવી દીધી.

બીજે દિવસે સવારથી કામની ધમાલ ભોલી ગઈ. રણહાથીના પીઠ પર ઢગલેઢગલા ખાદ્યવસ્ત્રાદિ જરૂરી વસ્તુઓ આવવા લાગી. છાવણી નાખવામાં, પત્થર વગેરે યોગ્ય સ્થાને ગોઠવવા વગેરે કામોમાં આખો યે દિવસ કોઈને શ્વાસ હેઠો મૂકવાની વેળા ન રહી.

દૂત દ્વારા મહામંત્રીએ દુર્ગનો નકશો મોકલ્યો હતો, તે લઇને મિહિરમિત્ર અને દિંગનાગ સાથે હું દુર્ગનું સ્થાન નક્કી કરવા સંગમ ઉપર ગયો. વર્ષામાં કિનારાને ધોઈ નાખતી આ બંને મહા નદી ફીણાંળાં મોજાંઓથી ધૂઘવતી ઘોર નાદે ગાજતી જાણે દોડી જતી હતી. ગંગા ધૂંધળી રાખોડી હતી, ને શોણ સોનેરી જણાતી હતી. બેઉ પ્રવાહ જ્યાં મળતા હતા ત્યાં ઘુમરીઓ લેતાં પાણી ફીણથી પુષ્પગુચ્છ જેવાં બની ઊઠયાં હતાં.

સંગમની દક્ષિણ બાજુએ ઊભા રહીને અમે જોયું કે શોણ અને ગંગાના ભેગા મળતા પ્રવાહના સંગમ-સ્થળે એક વિશાળ ત્રિભુજ સર્જાઈ ગઈ છે. જાણે બંને નદી સામસામા બાહુ પહોળાવી દક્ષિણ કિનારાને ભેટવા મથી રહી છે. ખૂબ નિહાળી નિહાળીને જોયા બાદ વિચારો કર્યા પછી નક્કી કર્યું કે એ ત્રિભુજની વચ્ચે જ દુર્ગ નિર્માણ કરવો પડશે, કારણ તેમ કરવાથી દુર્ગ બંને બાજુએ નદી દ્વારા

રહે છે એ મહાભાગનું મિલન આલેખતી જન્માંતરની એક સ્મૃતિકથા

ઘેરાએલો રહેશે ને ખાઈ ખોદવાની જરૂર નહિ રહે.

ત્યાર બાદ ત્યાંનું જંગલ સાફ કરવામાં લોકો કામે લાગી ગયા. મોટા મોટા જૂનાં વૃક્ષો કાપી નાખી ભૂમિ સપાટ કરવા માંડી. નીચે પડેલા લાકડકુટ હાથીઓ ઉપાડીઉપાડીને નદીમાં નાંખવા લાગ્યા. મોટાં તોતીંગ વૃક્ષો તૂટી પડવાની કડેડાટીએ, કામદારોના કોલાહલે, હાથીઘોડાના નિનાદે દિશાઓ પ્રકંપિત થઇ ઊઠી. જાણે યુગયુગોની નિદ્રા પછી એ અરણ્ય કોઈ દૈત્યના વિજયનાદે ચમકી ઊઠ્યું.

દિવસ આખાના સતત પરિશ્રમ પછી રાત્રે આહારાદિ પતાવી હું સૂવાની તૈયારી કરતો હતો, ત્યાં દિગ્નાગ મારી સામે આવી ઊભો. એ બોલ્યો, 'નાયક, રાતનો બીજો પહોર થવાને હવે બહુ વાર નથી; આજે દુર્ગારંભ પહેલાં દેવકાર્ય પૂરૂં થવું જોઈએ.'

મેં પૂછ્યું, કયું દેવકાર્ય ?'

દિગ્નાગ બોલ્યો, 'આટલી વારમાં જ ભૂલી ગયા ? પેલા વેશધારી તપસ્વીને—આજે એને જીવતોજીવત ચણી નાખવો પડશે !'

'ખરૂં, ખરૂં. હું તો ભૂલી જ ગયો હતો. બરાબર છે. એને જ્યારે મારી જ નાખવાનો છે, તો એક કાંકરે બે અર્થ સરશે. શત્રુને યે હણાશે, ને દેવતાને પણ સંતોષાશે. પરંતુ એનાં બધાં દૈવ કર્મોમાં શું શું જોઈએ તે તને ખબર છે ? '

દિગ્નાગ બોલ્યો, 'બીજું કંઈ નહિ. બલિને સુરાપાન કરાવી જ્યારે એ બેભાન થઈ જાય ત્યારે એના કાનમાં બોલવાનું કે 'તું પ્રેતદેહે સદા આ દુર્ગની રક્ષા કરતો રહેજે.' આટલું કહી એને જીવતો દીવાલમાં ચણી લેવો.'

'તેં આ બધી વિધિ ક્યાંથી જાણી ?' મેં વિસ્મય પામી પૂછ્યું.

એણે હસીને ઉત્તર આપ્યો, 'આ કામ મેં અગાઉ પણ કર્યું છે. ધનશ્રી શ્રેષ્ઠીએ ભૂગર્ભમાં ગુપ્ત-રત્નાગાર બંધાવેલો ત્યારે કુલિક હું જ હતો. એ વખતે જંગલમાંથી એક વાઘરીને પકડી લાવીને શ્રેષ્ઠીએ નર-ભોગ સંપૂર્ણ કર્યો હતો, ત્યારે હું હાજર હતો.'

'તો આ કામ પણ તું જ કર.' મેં કહ્યું.

'ભલે, પણ તમારે ત્યાં હાજર રહેવું પડશે. એટલી જ વિધિ છે.'

'ભલે રહીશ.' મેં કહ્યુ.

દિગ્નાગ ચાલ્યો જતાં હું અનેકવિધ વિચારોમાં મગ્ન થઈને બેઠો હતો, તેવામાં એણે દોડતાદોડતા પાછા આવીને કહ્યું, 'નાયક, સર્વનાશ ! પેલાએ આપણને દગો દીધો !'

'દગો દીધો ?'

'એણે વિષપાન કર્યું છે. એના કવચમાં વિષ છુપાવેલું હતું. જીવતા ચણાવવાની બીકે એણે એ ખાધું છે ને પોતાનો અંત આણ્યો છે. હવે શું કરવું ? શો ઉપાય ?'

'શાનો ?'

'માનતા માની છે. બલિ નહિ આપીએ તો સર્વનાશ થશે. રુદ્ર કોપશે.' ને દિગ્નાગ નીચે બેસી ગયો.

વાત ચિંતાજનક હતી. અત્યારે બીજો બલિ ક્યાંથી મેળવવો ?

વધુ ચિન્તામાં પડી વિચાર કરતો હતો ત્યાં શિબિરના પ્રહરીએ આવી કેટલાક મુંડિત મસ્તકવાળા ભિખારીઓ છાવણીમાં આશરો શોધતા આવ્યા હતા તેમને પોતે પકડી રાખ્યા છે એવી ખબર આપી અને આજ્ઞા હોય તો અહીં હાજર આવું એમ પૂછ્યું.

દિગ્નાગ કુદકો મારી મહા આનંદે મોટેથી બોલી ઊઠ્યો, 'જય રુદ્રેશ્વર ! જય ભૈરવ !. . .નાયક ! દેવતાએ પોતે જ ભોગ પાઠવ્યો છે !'

આટલી સરળતાપૂર્વક બલિ-સમસ્યા પતી જશે એમ નહોતું ધાર્યું. ને ભિખારી સિવાય બીજો સારો બલિ બીજે ક્યાં મળી શકે ? દિગનાગે સાચું જ કહ્યું હતું કે સ્વયં દેવતાએ જ બલિને મોકલ્યો હતો.

બધા મળીને ચારપાંચ ભિક્ષુક હતા. પરિધાનમાં કૌપિન, સંઘાટિ[1] અને ઉત્તરીય. હાથમાં ભિક્ષાપાત્ર. એમને અમારી સન્મુખ રજૂ કરવામાં આવ્યા. એ બધા જ યુવાન હતા,—એક સિવાય. એક વૃદ્ધ હતો. લગભગ સિત્તેરેક વર્ષ એ વટાવી ગયો હશે. સ્મિત કરતાં એ બોલ્યો, 'મંગલ થજો !'

એ વૃદ્ધ તરફ જોતાં જ મારો સમસ્ત અંતરાત્મા જાણે વિદ્યુત્‌સ્પર્શે જાગી ઊઠ્યો. હું કોણ છું, ક્યાં છું એ બધું પલવારમાં હું ભૂલી ગયો. માત્ર હૃદયમાં એક અદૃશ્ય ઊર્મિ જાગી ઊઠી. રહીરહીને મન જાણે પૂછતું હતું કે 'આ કોણ છે ?' એવું સુંદર, એવું મધુર, એવું કરુણાભીંજ્યું મોં માનવીઓમાં તો ક્યારે યે જોયું નથી ! દેવતાઓના મોં ઉપર જે જ્યોતિર્મંડળની કલ્પના કરી હતી, તે આજે આ વૃદ્ધના મોં પર પહેલી વાર પ્રત્યક્ષપણે જોયું. આ જ્યોતિની સ્ફુરણા બહાર અતિ અલ્પ હતી, પણ આંખોની અંદર દૃષ્ટિ કરતાં મનમાં થતું જાણે અપરંપાર તેજસ્વી સ્થિર સૌદામિની એમાં સળગે છે. પરંતુ એ સૌદામિનીમાં જ્વાળા નથી. એ અતિ સ્નિગ્ધ, અતિ શીતળ છે. જાણે હિમનિર્ઝરિણીનું ઝરેલું જળબિન્દુ.

એ મૂર્તિ તરફ નિહાળીનિહાળીને જોતાં મારા હૃદયમાં માત્ર એક ભાવ, એક જ શબ્દ વારંવાર રણકવા લાગ્યો: 'અમિતાભ ! અમિતાભ !'



મેં એમના ચરણે સાષ્ટાંગ પ્રણામ કર્યાં

૧ સંઘાટિ=ભિક્ષુકે પહેરવાના કપડાના ત્રણ કટકામાંનો એક-કટિવસ્ત્ર

મને મૌન બેસી રહેલો જોઈ એ ફરી હસ્યા. અપૂર્વ પ્રભાએ એ મોં ફરી પ્રકાશી ઊઠ્યું. એ બોલ્યા, 'વત્સ, અમે પ્રવાસી-પરિવ્રાજક-ભિખ્ખુ છીએ. કુશીનગર જવાનું નિર્માણ છે. આજ રાત માટે તારો આશરો માગીએ છીએ.'

મેં ભરાએલા કંઠે પૂછ્યું, 'તમે કોણ છો ?'

એમના એક સહચારીએ ઉત્તર આપ્યો, 'શાક્યસિંહ ગૌતમનું નામ કદી સાંભળ્યું નથી ?'

શાક્યસિંહ ? ! આ જ શું પેલા શાક્યવંશી રાજભ્રષ્ટ યુવરાજ ?' મહામંત્રી વર્ષકારના શબ્દો મને યાદ આવ્યા. આમને માટે જ એમણે કહ્યું હતું કે ''ધૂર્ત, કપટી, પરસ્વલુબ્ધ ?''' અહાહા ! કોણ ધૂર્ત ને કપટી ? માણસ તો ઘણા યે જોયા છે, પણ આવો માનવી તો આજે આ પહેલો જ જોયો.

હાય, મહામંત્રી વર્ષકાર, તમે આ નરપુંગવ–આ પુરુષસિંહને જોયા નથી, યા જોવા છતાં તમે આત્માભિમાને અંધ હશો. નહિ તો એના વિષે આવા શબ્દો તમે કદી ન કાઢો.

મારા હૃદયમાંના પ્રબળ રુદનનો ઉચ્છ્વાસ આખા દેહને કંપાયમાન કરવા લાગ્યો. મારા આજ સુધીના વહી ગએલા જીવનની અપરિમેય શૂન્યતા ને અશેષ દૈન્ય જાણે એકીસાથે મારી સામે આવી ઊભાં! શું મળ્યાથી આજ સુધી હું એમને વિસરી ગયો હતો ?

મેં ઊભા થઇ એમના ચરણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા ને કહ્યું, 'અમિતાભ.● હું અંધ છું. મને આંખો આપો. મને પ્રકાશનો પથ બતાવો, હે દેવ !'

ને અમિતાભે મને તેડી લીધો. મારા શિર પર હાથ ફેરવી એ બોલ્યા, 'પુત્ર, આશીર્વાદ આપું છું કે તારા અંતરની આંખો ઉઘડી જાઓ. તું આપમેળે પ્રકાશનો દિવ્ય પથ જોઇ શકીશ.'

હું ફરી એમના પગે બાઝી પડ્યો. મેં કહ્યું, 'ના શ્રીમન, મારા હૃદયમાં અંધકાર છે. આજે પહેલી વાર આપના મોં પર મેં દિવ્ય જ્યોતિનાં દર્શન કર્યાં છે. એ જ્યોતિનો એક કણ મને દાન આપો.'

એક ભિક્ષુએ કહ્યું, 'ગુરુદેવ, આપ આને ત્રિશરણનું× દાન કરો.

વૃદ્ધ બોલ્યા, 'આનંદ, ભલે એમ જ થતું.' ને મારા મસ્તક પર હાથ મૂકી એ બોલ્યા, 'પુત્ર, તું ત્રિશરણ ગ્રહણ કરી ગૃહસ્થનાં અષ્ટ શીલ પાળજે. આશીર્વાદ આપું છું કે તું વાસનામુક્ત થજે . . .'

ને ત્યારે બુદ્ધના ચરણ પાસે બેસી, પ્રાણપણે એમનામાં જ ચિત્ત ચોડી હું ત્રણવાર ત્રિશરણ મંત્ર બોલ્યો.

પાસે જ ઊભેલો દિગ્નાગ—દુર્ઘર્ષ, નિષ્ઠુર, આસુરી પ્રકૃતિનો દિગ્નાગ અશ્રુભીની આંખે રુદન કરવા લાગ્યો. એના વિકૃત કંઠમાંથી શા શા શબ્દો બહાર નીકળતા હતા તે સમજાયું નહિ.

જાણે આ થોડી પળોમાં એક મહા ધરતીકંપે અમારું અતીત જીવન જમીનદોસ્ત થઇ ગયું. અમે પ્રાણી હતા તેમાંથી એક પળમાં અમે માનવી બની ગયા.

બીજે દિવસે સવારે તથાગત અને એમના શિષ્યો કુશીનગર તરફ સિધાવ્યા. હિરણ્યબાહુના સુવર્ણ-કિનારે ઊભા રહી, મારો હાથ ઝાલી એમણે કહ્યું, 'પુત્ર, અમે જઇએ છીએ. આટલું યાદ રાખજે કે હિંસાથી હિંસાનો નાશ નહિ થાય, વૃદ્ધિ જ થશે.'

ગદ્ગદ કંઠે મેં કહ્યું, 'ગુરુદેવ, ફરી ક્યારે દર્શન દેશો ?'

ને એમના મોં પર હિમવિદ્યુત્ જેવું એક હાસ્ય રમી ગયું. એમણે કહ્યું, 'હું કુશીનગરે જાઉં છું. હવે ત્યાંથી પાછો નહિ ફરું.'

ત્યાર બાદ ઘણા લાંબા સમય સુધી એકી ટશે ગંગા-શોણ સંગમની દુર્ગભૂમિ તરફ નિહાળી આખરે સ્વપ્નદ્રષ્ટા કંઠે એ બોલ્યા, 'હું જોઈ શકું છું કે તારી આ કીર્તિ ઘણાં––સહસ્રાં વર્ષો સુધી સ્થાયી રહેશે. આ ક્ષુદ્ર પાટલિગ્રામ અને તારો નિર્મિત આ દુર્ગ એક મહાન નગરીમાં પરિણિત થશે. વાણિજ્યે, ઐશ્વર્યે, કળાએ, ગૃહ-ઉદ્યોગોએ, જ્ઞાન અને વિજ્ઞાને એ નગરી પૃથ્વીમાં અદ્વિતીય સ્થાન પામશે. સદ્ધર્મ અહીં જ દૃઢ પ્રતિષ્ઠા પામશે. તારી કીર્તિ શાશ્વતી બનશે.'

આટલું કહી, ફરીને મને આશીર્વાદ આપી, એ દિવ્યદર્શી પરિનિર્વાણના પંથે પળ્યા.

'સબ બંદરકા વેપારી' જેવો ગામડાનો શિક્ષક



કેળવણી–કાર્ટૂન [૫]

ગયા અંકમાં આપેલાં, આપણા પ્રાથમિક શિક્ષણ પરનાં ચાર વ્યંગ-ચિત્રોના અનુસંધાને એક વધુ ચિત્ર ઉપર આપ્યું છે. તેમાં ગામડાના પ્રાથમિક શિક્ષકને પોતાના રોજિંદા ભણાવવાના કામ ઉપરાંત રાત્રે દફતરનું ઑફિસકામ, સવારસાંજ પ્રૌઢ શિક્ષણ, ગ્રામસુધારણા તથા સહકારી મંડળીઓના ખાતાનું કામ, ગામડાની પોસ્ટ ઑફિસનું કામ, અને ઇન્સ્પેક્ટર આદિ સાહેબો પધારે ત્યારે રસોઈ સુદ્ધાંનું કામ આદિ જે નાનાવિધ ફરજો એક જ દેહે જુદાજુદા અવતાર ધરીને બજાવવી પડે છે તેનું વિશદ આલેખન કર્યું છે.

● અમિતાભ=બુદ્ધ. × ત્રિશરણ='બુદ્ધમ્ શરણમ્ ગચ્છામિ, ધમ્મમ્ શરણમ્ ગચ્છામિ, સંઘમ્ શરણમ્ ગચ્છામિ' એ મંત્ર.

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો—

[૧૫]

લેખક
ડૉ॰ હરિપ્રસાદ વ્ર. દેસાઇ

'**આયર** પાટા ટિફિન' નામની એક જગ્યા નૈનિતાલમાં દક્ષિણ દિશાએ ઊંચામાં ઊંચી ટેકરીઓ પર આવેલી છે. ત્યાં દેવદારુ વૃક્ષોની ઘટામાં લીલુંછમ એક મેદાન છે. રંગબેરંગી પક્ષીઓના મધુર નાદવાળા એ સ્થળની રમણીયતા અને એકાન્ત અલૌકિક છે. ઘણીવાર અમે એ ઉપવનમાં બપોરથી સાંજ સુધીનો સમય, ઉજાણીઓમાં, ગાનતાનમાં, ગાડે હીંચકવામાં ને રમતો રમવામાં ગાળ્યો છે. ધ્યાનને માટે તો એના જેવી બીજી જગ્યા ભાગ્યે મળે. ત્યાંનું સૌન્દર્ય હૃદયને એટલું બધું ઘેરી વળે છે કે બધાં જાણે આંખો વખત આનન્દ ઉત્સવમાં જ મહાલતા હોઇએ એમ લાગે.

ઉપવનની દક્ષિણે ભવ્ય વૃક્ષોથી છવાએલો વાંકોચૂંકો અને ઊંચોનીચો થતો એક મનોહર રસ્તો છે. ત્યાંથી દૂરદૂર ખીણો અને મેદાનો જોયા જ કરીએ! પૂર્વે, નીચાણમાં છેક તળાવ સુધી જવાનો બીજો પહાડી માર્ગ છે. ઉત્તરે જરા ઊંચે ચડીને નીચે ઊતરવાના બે માર્ગો છે, જે બંને પશ્ચિમ અને વાયવ્ય ખૂણે ઊતરે છે. એ બધા રસ્તા અમે ખૂંદી નાખ્યા છે.

ઉત્તરે એક ઊંચામાં ઊંચા શિખર પર બેસીને આખું નૈની સરોવર અમે પેટ ભરીને જોયું છે. એનાં ક્ષણેક્ષણે બદલાતાં રૂપો અગણિત છે. લીલાં ચળકતાં પાણીમાં ધોળા સઢવાળી ચોરસ બોટો સરકતી હોય અને શહેર પણ થોડુંથોડું નજરે પડે.

દૂરદૂર ઉત્તરે, પ્રાતઃકાળના તેજસ્વી રંગોથી દેદિપ્યમાન ધવલગિરિનાં શિખરો, ખુદ સૌંદર્યનારાયણના સાન્નિધ્યમાં લઈ જતાં; અને સાયંકાળના રંગોનાં પ્રતિબિંબ જ્યારે એ બરફના શિખરો પર પડતાં ત્યારે તો રંગોની રમઝટ બોલી રહી હોય એમ શોભતાં. જાણે કોઇ સ્વર્ગીય પ્રદેશમાં આવ્યા હોઇએ એટલું બધું સુખકર આ સઘળું લાગતું. અને આ સુખ શું કંઈ એક વાર ભોગવ્યું છે? અનેકાનેક વાર જ્યારેજ્યારે દિવસ વાદળાં કે ઝાકળ વગરનો હોય ત્યારેત્યારે 'આયર પાટા' પર સવારે, બપોરે કે સાંજે અમે પહોંચી જતા અને 'અંગસુ અંગ મિલાવો! પ્રભુજી' ગાઇને સૌન્દર્યનારાયણની પ્રાર્થના કરતા.

ચાઈનાપીક, લરિયાં કાંટા, સ્નો વ્યૂ, શેરકા દાંડા વગેરે શિખરો પર પણ વારંવાર જતા ને વિવિધ પ્રકારનાં સૃષ્ટિસૌન્દર્યમાં ડૂબી જતા.

નૈની સરોવરને કિનારે ફરવું, નયની દેવીના ઘંટારવ સાંભળવા, નૌકાવિહાર કરવા ને દૂરદૂરને કિનારે આવેલી રુદન કરતાં તરુઓ (weeping willows)ની હાર જોવી એ તો અમારો રોજનો વ્યવસાય હતો. બુધવારે અને શનિવારે નૈની સરોવરને તીરે બૅન્ડ વાગતાં તે વખતે તો એવું જ લાગતું કે આ દુનિયામાં દુઃખ જાણે છે જ નહિ

નૈની સરોવરમાં નૌકાવિહાર કરવો એ તો જીવનની મોંઘી લહાણ છે. મહાત્માજી ત્યાં આવ્યા ત્યારે મહાદેવ દેસાઈ, દેવદાસ અને અમારી મંડળીએ એમને નૌકામાં બેસાડીને ફેરવવાનો એક પેંતરો રચ્યો હતો. પણ એ તો ન જ બેઠા. એ કહે 'સ્વરાજ્ય મળ્યા પછી હું એ સુખ લઈશ; હમણાં તો નહિ.'

નૈનીતાલથી ઉત્તરે સાત માઇલ ભુવાલી કરીને એક ગામ છે. યુક્ત પ્રાંતના વડા પ્રધાન ગોવિંદ વલ્લભ પંતનું એ મૂળ વતન. એ ભુવાલીનું 'કિંગ એડવર્ડ આરોગ્ય ભુવન' ક્ષય રોગના દરદીઓ માટે નવો અવતાર આપનારી જગ્યા ગણાય છે. સ્વ. કમળા નહેરૂ ત્યાં રહ્યાં હતાં અને પંતજીએ પણ અમને એ સ્થળ જોઈ આવવા ખાસ આગ્રહ કર્યો હતો.

આરોગ્યભુવનમાં રંગરંગીન ફૂલોના તો જાણે ગંજ હતા! જેમાંથી ટર્પેન્ટાઈન નીકળે છે તે પાઈન વૃક્ષોની સૌરભ વાતાવરણમાં પ્રસરી રહી હતી. ત્યાંનો વિશાળ બગીચો બહુ સુરુચિથી ગોઠવેલો હતો.

ત્યાંના દાક્તર જેવા વિદ્વાન અને સેવાભાવી તેવા જ સૃષ્ટિસૌન્દર્યના અપ્રતિમ આશક છે. દરદીઓને તપાસવા જવા પોતે ઘોડા પર ફરે છે. પૃથ્વીના ખંડેખંડેથી અને પહાડેપહાડેથી એમણે વૃક્ષો, વેલીઓ અને પુષ્પો મંગાવીને એ આરોગ્ય ભુવનના વિશાળ બગીચામાં રોપ્યાં છે. પોતાના બંગલાની સામે જ, ફૂલોનાં ઝુમખાંથી સુવાસિત અને અલંકૃત થએલા એક મંડપમાં એમણે અમને ફળો, રસ ચા તથા મિઠાઇ પીરસ્યાં ને પોતાના સૌભાગ્યની વાતો કરી. 'અત્રે દરદીઓ આ હવા અને સૌન્દર્યથી જ સાજા થઈ જાય છે. દવાઓમાં તો કૉડ લિવર તેલ અને ચૂનાના શરબત સિવાયહું કંઈ આપતો નથી; પણ અહીંનું વાતાવરણ જ એમને નવજીવન આપે છે.' એમ એમણે અમને કહ્યું.

પછી એમણે પોતાની લાયબ્રેરી બતાવી. એ પણ બહુ જ મોટી અને કિસમકિસમનાં પુસ્તકોથી ભરપૂર હતી. જ્ઞાનમાં દાક્તર સર્વગુણસંપન્ન હતા. અને દરદીઓને દવાઓ પોતાનાં પુસ્તકો પણ આપતા! પગાર થોડે લેતા અને ખડે પગે દરદીઓની સેવા કરતા.

હવા, વૃક્ષો, ફૂલો, શાન્તિ અને પ્રેમનું આવું વાતાવરણ છોડતાં પણ અમને દુઃખ થયું. દાક્તરને અંતઃકરણપૂર્વક પગે લાગીને અમે એ સ્થળ છોડ્યું. (ચાલુ)

કસોટી

નીચેના પ્રશ્નોના ઉત્તરો આની જ નીચે ઉલટાવીને છાપ્યા છે; પણ તે જોવાની ઉતાવળ કર્યા વિના તમારી મેળે કેટલા ઉત્તર શોધી કાઢો છો તેનો પ્રત્યન કરી જુઓ.

(૧) અમુક રૂપિયાના ⅔ ભાગમાં, રૂપિયાની સંખ્યાથી બમણા આનાનો ⅔ ભાગ ઉમેરીએ, અને તે સરવાળામાં મૂળ આનાથી ૫ વધુ પાઇનો ⅙ ભાગ નાખીએ, તો રૂપિયા આના અને પાઈની સંખ્યા સરખી આવે તો તે સંખ્યા કઈ અને ⅔ ભાગના રૂપિયા કેટલા?

(૨) અ અને વ બે પંખી છે. અના પહેલા બે અક્ષરો બે જાણીતા ગુજરાતી કવિઓના પ્રથમાક્ષરો છે; ત્રીજો ને ચોથા અક્ષરો જાણીતા દંપતીના પ્રથમાક્ષરો છે; અને પાંચમો અક્ષર તમને 'ઉપયોગ' માંથી ઉપયોગમાં આવશે. વ પંખીનું નામ ચાર અક્ષરનું છે. તેના પહેલા બે અક્ષરો 'સૂર્ય' અર્થના બે શબ્દોના પ્રથમાક્ષરો છે, ત્રીજો અક્ષર 'દ્વારપાળ' પાસે છે અને ચોથો અક્ષર એક પ્રસિદ્ધ દ્વારપાળ કે ક્રિકેટરનો મધ્યાક્ષર છે. તો એ પંખી ક્યાં?

(૩) જમશેદજીના વાડામાં પેસ્તનજીના મરઘાએ ઈંડું મૂક્યું તો તેનો ખરો માલિક કોણ? જમશેદજી કે પેસ્તનજી?

(૪) થોડા જ સમય પર તમે એ શબ્દ વાંચ્યો હશે અગર વાંચશો. તેની કમર કાપો તો પણ કમર રહે છે, અને તેનું માથું વાઢશો તો તેનું ધડ તમને સોટી ફટકારશે. ત્રણ જ અક્ષરનો એ શબ્દ કયો? (હરીશ સંઘાડિયા).

કસોટીના ઉત્તરો: (૧) ૧૧ અને ૧૬; (૨) અ=કલકલીયો અને વ=ભારદ્વાજ; ખુલાસા: અ=કલાપી; લલિત, કનૈયાલાલ, લીલાવતી, ઉપયોગ; વ=ભાસ્કર, રવિ, દ્વારપાળ, વિજય; (૩) કૂકડો ઈંડું જ ન મૂકે; (૪) કસોટી.



વહી જતી વેગ થકી રાત્રિના
વટાવતી નિર્જલ તપ્ત દેશો,
રણાવતી ઘૂઘરમાળ ડોકમાં
સોહામણી સાંઢણી હોય તેવી–
સુરેખીલા ચંચલ પાય દેતી,
પૂરી કરીને મજલો ય ગ્રીષ્મની
વર્ષા ભણી આ ધપતી ધરિત્રી. —બાલમુકુન્દ

સાહિત્યકાર અવનીન્દ્રનાથ

આવો નૌજવાન કોઇ, સાગરશિરમોર કોઇ
મૂગી ધરતીને વાણીવાઘા પહેરાવો—

નાં સાહિત્ય જગતમાં આદર્શમય ગાન રેલાવનાર અને 'ગીતાંજલિ'-થી વિશ્વભરમાં પ્રસિદ્ધ રવીન્દ્રનાથ ઠાકુરના ભત્રીજા અવનીન્દ્રનાથ ઠાકુરને, ભારતીય કલાના અનુપમ આદર્શ સેવનાર અને તે માર્ગે તેનું નવવિધાન કરનાર કલાચાર્ય તરીકે તો સૌ ઓળખે છે. પણ સાહિત્યિક તરીકેની એમની શક્તિ અલ્પપ્રીછી છે. શ્રી ઈ. બી. હૅવેલે નવી જ રસ્તૂઆતથી ભારતીય ચિત્રકળાના મહિમાનો આપણે ત્યાં પ્રચાર કર્યો તે વખતે ભારતમાં જે થોડી શિક્ષિત વ્યક્તિઓ ચિત્રકલાનું મૂલ્ય સમજીને દેશી શિલ્પપ્રણાલીને એના આદર્શ અનુસાર ચલાવવા આગળ આવી હતી તેમાં અવનીન્દ્રનાથ ઠાકુર મોખરે હતા. અંકનપ્રણાલી અને વર્ણવિન્યાસનું એમનું જ્ઞાન યુરોપી ઢબનું હોવા છતાં એમણે પોતાનાં ચિત્રોના પ્રાણરૂપ ભાવવ્યંજનાનું હાર્દ તો અજંતા આદિ પ્રાચીન તળપદા કલાસ્રોતમાંથી જ પ્રાપ્ત કર્યું; અને પોતે કલકત્તાની સરકારી કલાશાળાના આચાર્ય થયા તે પછી એમણે અને શ્રી નંદલાલબોઝજેવા એમના સમર્થ શિષ્યસમુદાયે ભારતવર્ષમાં નવેસરથી શિલ્પપ્રતિષ્ઠાનો આવિર્ભાવ કર્યો.

આ હકીકત તો સ જાણે છે, પરંતુ મોટે ભાગે ઉત્તમ શિલ્પી હોવા ઉપરાંત આચાર્ય અવનીન્દ્રનાથ પ્રામ્ય શ્રેણીના સાહિત્યકાર પણ છે એ વાત ઘણાખરા જાણતા નથી. એમણે વિદ્વાનો વગેરે માટે કલા સંબંધી પ્રબન્ધાવલી યા ગદ્ય, કવિતા આદિ જે કંઈ લખ્યું છે એમાં તેમની શક્તિમતિનું બહુ ઊંચું નિદર્શન નથી, પરંતુ કિશોર-કિશોરીઓ માટે એમણે જે કવિતાઓ રચી છે તેની જોડ બંગાળી સાહિત્યમાં મળવી મુશ્કેલ છે. રાજપુતાનાના ઇતિહાસમાંથી ઉપાખ્યાન આદિ સંગ્રહીત કરીને એમણે 'રાજ-કાહિની' નામક એક પુસ્તક બે ભાગમાં લખ્યું છે. આ પુસ્તકની ભાષામાં એક એવું સહજ સૌન્દર્ય અને સ્વપ્નાચ્છન્ન રહસ્યમયતાનો સંકેત મળવા પામે છે જે કોઇપણ સાહિત્યમાં મળવો કઠિન છે. આચાર્ય અવનીન્દ્રનાથ પહેલા કલાકાર છે અને પછી સાહિત્યકાર છે, એટલે એમનું સાહિત્ય-સર્જન પણ ચિત્રોની જેમ રંગપ્રધાન બન્યું છે.

કિશોર અને કિશોરીઓનું મન સ્વાભાવિકરીતે વર્ણપ્રિય હોય છે. એમને સાહિત્યની ગંભીર વ્યંજના યા ભાવોના ઐશ્વર્યમાં સમજણ પડતી નથી, પણ વિન્યાસકૌશલનો તેઓ વધુ ઉપયોગ કરે છે. આચાર્ય અવનીન્દ્રનાથનું સાહિત્ય આવા જ પ્રકારનું છે અને તેઓ આવી શૈલીમાં ઘણા જ દક્ષ છે. એક અપ્રતિમ શૈલીથી તેઓ ચિત્ર પર ચિત્ર આલેખતા જાય છે અને કથાવસ્તુને એવી સરસરીતે ઉપસાવે છે કે જાણે રૂપકથાની એક મોહમયી માદકતા વાચક સમક્ષ ખડી થઈ જાય છે અને વાચક વિચારવમળમાં ગરકી પડે છે. એમની એક વધુ પુસ્તિકા 'ખીરની પુતલી' નામની છે.

પ્રમદાચરણ સેન અને ઉપેન્દ્રકિશોરે જો બંગાળી સાહિત્યમાં બાળસાહિત્યનાં મંગળાચરણ કર્યાં અને રાયચૌધરી તથા યોગેન્દ્રનાથ સરકારે જો બાળસાહિત્યમાં મનોરંજન દ્વારા સમૃદ્ધિ આણી છે, તો આચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરે બાળસાહિત્યને સરળ શૈલીમાં અદ્વિતીય આદર્શમય સંસ્કારોના સિંચનથી નવપલ્લવિત કર્યું છે.

પોતાની ઉત્તરાવસ્થામાં કવિવર રવીન્દ્રનાથે નાનાંનાનાં બાળકો માટે '—ને' નામની વાર્તાઓનો જે સંગ્રહ બહાર પાડ્યો હતો તેમાં ઘણોખરો અવનીન્દ્રનાથનો સૂર જ સાંભળવા મળે છે બંગાળી અલંકારોને સ્વચ્છંદ રૂપથી ભાષામાં આણવાનું કામ એ અવનીન્દ્રનાથને જ આભારી છે. એમની આ કુશળતાથી કલકત્તા વિશ્વવિદ્યાલયમાં આચાર્ય અવનીન્દ્રનાથને 'પ્રાચ્ય કલા'ના વિષય પર વ્યાખ્યાનમાલા આપવાનું આમંત્રણ મળતાં એમનાં મનનીય વ્યાખ્યાનોએ ભારતીય શિલ્પની પ્રાણવસ્તુનું વિશ્લેષણ કર્યું હતું જેનાથી શિક્ષિત જનતા એમના પર મુગ્ધ થઇ ગઈ હતી. એમની આ વ્યાખ્યાનમાલા 'બંગવાણી' નામના માસિકમાં પ્રસિદ્ધ થએલી.

અવનીબાબુ આજે તો વૃદ્ધ થયા છે, છતાં તેઓ એ જ અગાઉની નિષ્ઠાપૂર્વક શિલ્પ અને સાહિત્યની સાધના કરી રહ્યા છે. નાના બાળક માટેના 'રંગમસાલા' નામના માસિકમાં હજુ પણ અવનીબાબુની વાર્તા ક્રમશઃ પ્રગટ થયા કરે છે.

(બંગાળી ઉપરથી) —ધર્મેન્દ્ર માસ્તર 'મધુરમ્'

લક્ષ્મીનો પિતા રત્નાકર

સમુદ્રમંથન દ્વારા દેવોએ સમુદ્રમાંથી અમૃત, નવરત્નો અને લક્ષ્મી મેળવેલાં. આજનો વિજ્ઞાની પણ એ સમુદ્રનું મંથન કરી એના વિપુલ ભંડારમાંથી નવાંનવાં રત્નોની ભેટ જગતને આપવા હોંશથી મથી રહ્યા છે.

એમ કહેવાય છે કે પૃથ્વીના પેટાળે આવેલાં દરેક ખનિજદ્રવ્યનો મોટામાં મોટો જથ્થો આખા સમુદ્રના એક નાના વિભાગ માત્રના જળશોધનથી મળી શકે તેમ છે.

આજના યુદ્ધે જેમ કેટલાંક ક્ષેત્રોમાં વિજ્ઞાનને ઘણી જ ગતિ આપી છે તેમ સમુદ્રમંથન–શોધનમાં પણ એણે એટલી જ પ્રગતિ કરાવી છે. આજે અમેરિકનો પોતાના હવાઇ વિમાનો માટે મૅગ્નેશ્યમ ધાતુ સમુદ્રમાંથી જ મેળવી રહ્યા છે. અગ્નિની જડી વર્ષાવતા ઇન્સીન્ડિયરી બૉમ્બોમાં પણ મેગ્નેશ્યમની ઘણી જરૂર પડે છે. તે માટે એ લોકો સમુદ્રના ભંડાર ઉલેચી રહ્યા છે. આમ સમુદ્ર વિનાશક તત્ત્વો આપે છે એ જાણીને કદાચ કેટલાકને આજે દુઃખ થશે. પણ સાથે સાથે એ ય ખરું છે કે યુદ્ધાંત વિશ્વને માટે એ શોધોની ભેટ ઓછી મૂલ્યવાન નહિ હોય.

સમુદ્રમંથનની આ શરૂઆત અમેરિકાએ મિશિગન સરોવરના જળશોધનથી કરી. કાળાંતરોના ફેરફારને લીધે સમુદ્રથી વિખુટું પડેલું આ સરોવરનું જળ સુકાઈ ગએલું અને તેથી ત્યાંના ખડકોમાં મીઠું ભરાઇ રહેલું, જેમાં મૅગ્નેશ્યમનું ઘણું મોટું પ્રમાણ હતું. ગયા વિશ્વયુદ્ધમાં એનો ઉપયોગ કરવો શરૂ કરાયો.

તે પછીનું બીજું પગલું, સમુદ્રના જળનું સીધું શોધન કરવાનું

તો ઘણું મોડું મંડાયું. ૧૯૩૦ સુધી તો તે માત્ર વિજ્ઞાનીઓની કલ્પના જ માત્ર રહેલી. પણ ૧૯૩૩માં 'બ્રોમાઇન એક્સ્ટ્રેશન પ્લૅન્ટ'ની શોધ થઇ. સમુદ્રના જળમાં ફક્ત .૦૦૦૦૬૬ પ્રમાણમાંજ 'બ્રોમાઈન' હોય છે છતાં એક ઘન માઈલ જળમાંથી ૨૬૮૦૦૦ ટન બ્રોમાઇન મેળવી શકાય અને તે એક આખી પ્રજાને પણ 'મોટરો' માટે ઘણા લાંબા સમય સુધી શક્તિ પૂરી પાડી શકે ! તેની પહેલી ઉદ્યોગ-કોઠી નૉર્થ કેરોલીના પ્રાંતમાં નંખાઈ ત્યારથી એ જગતને દરરોજ ૬૦ હજાર રતલ બ્રોમાઇન આપે છે.

પણ એથી કાંઈ વિજ્ઞાનીઓને સંતોષ થયો ન હતો. શેધ વધી જતા સમુદ્રજળમાં મીઠું, એપ્સમ સાલ્ટ, કૅલ્શ્યમ ક્લોરાઇડ, પોટાશ્યમ, મૅગ્નેશ્યમ, લોખંડ, એલ્યુમિનિયમ, ત્રાંબુ, આયોડિન, રૂપું, સોનું, અને સ્ટ્રોન્ટિયમ જેવાં કિંમતી તત્ત્વો ચાલ્યાં જતાં હતાં. પણ એ બધાં કરતાં યે તેમાં ચાલ્યું જતું અમૂલું મૅગ્નેશ્યમ વિજ્ઞાનીઓની આંખમાં કણાની જેમ ખૂંચતુ હતું.

જસત અને એલ્યુમીનમના મિશ્રણથી તૈયાર થતી એ હળવી ધાતુ એલ્યુમિનમ કરતાં વજનમાં અરધી અને છતાં એટલી જ ટકાઉ બને છે. અને તેથી એરોપ્લેન વગેરેમાં એનો ઉપયોગ ઘણો જ કીંમતી થઇ પડે છે.

૧૯૪૦માં મેક્સિકોના અખાતમાં તે માટે એક કોઠી નાખવામાં આવી. દરિયાના પાણીમાંથી તે ધાતુને ખેંચી કાઢવા માટે તેમાં ચૂનાનું પાણી ભેળવી, દ્રાવ્ય મૅગ્નેશ્યમને અદ્રાવ્ય રૂપમાં ફેરવી તેમાંથી 'મિલ્ક ઑવ મૅગ્નેશિયા' નામનો પ્રવાહી તૈયાર કરાય છે. પછી ઍસિડોની રસાયણિક પ્રક્રિયાઓ દ્વારા તેનું મૅગ્નેશ્યમ ક્લોરાઈડ બનાવાય છે. છેવટે એ મૅગ્નેશ્યમ ક્લોરાઈડને વિદ્યુત-પ્રવાહથી ફાડી નાખી તેમાંથી ક્લોરીન ગૅસ અને મૅગ્નેશ્યમ બે જુદાં પાડવામાં આવે છે.

યુદ્ધ પછી આ મૅગ્નેશ્યમનો ઘણો ઉપયોગ થઈ શકશે. હવાઇ જહાજોની રચનામાં તો તેનાથી જબ્બર ક્રાંતિ આવશે, એટલું જ નહિ પણ ઘરગથ્થુ ઉપયોગની ચીજો અને ફર્નિચરમાં પણ એનો ઉપયોગ થતાં આપણે જીવન પલટાતું જોઈશું. મૅગ્નેશ્યમના બનેલા મોટરખટારાના ખોખાંને જૅકથી ઊંચકવો નહિ પડે. પણ એક માણસ તેને ખભે ચઢેલી ઊંચકી શકશે. અને તે દિવસનું ટાઈપરાઈટર માત્ર બે રતલ વજનનું હળવું ફૂલ જેવું હશે !

આ બ્રોમાઈન અને મૅગ્નેશ્યમ ઉપરાંત બીજાં રત્નો પણ રત્નાકર પાસેથી મેળવવાનાં મંથનો હજી ચાલુ જ છે. સમય જતાં લક્ષ્મીના એ પિતાની અતુલ સમૃદ્ધિનો વારસો મેળવી માનવી ખરે જ ભાગ્યશાળી બનશે. (યુ.એસ.એ.)

યુવાન વૃદ્ધની રોજનીશી

હું નાનપણથી જ મજબૂત બાંધાનો નહોતો. ખાવા-પીવા અને જીવન વ્યવહારમાં વિવેક અને નિયમ નહોતાં. મિઠાઈ ખાવાનો શોખ હતો. ખૂબ ઠાંસીને ખાવું, ભૂખ ન હોય તોપણ સ્વાદને માટે ખાવું. પૂરું ચાવીને ખાવું નહિ, જલદીજલદી મોટાં ગલોફાં ભરીને ખાવું, અનિયમિતપણે ખાવુંપીવું, બજારૂ ચીજો પણ ખાઈ લેવી, જલદી દાતણ અને સ્નાન કરી લેવાં, કસરત કરવી નહિ, વારંવાર જુલાબો લઇ પેટ સાફ કરવાની વલણ રાખવી, આવાઆવા ખાવા-પીવા અને રહેણીકરણીના દોષોને લીધે મારું સ્વાસ્થ્ય ખરાબ રહેતું હતું. સંધીવા, તાવ, શરદી, મસ્તકશૂળ વગેરે રોગોથી હું પીડાતો હતો. ડૉક્ટરની કડવી દવા ખૂબ પીધી છે. પરંતુ છેલ્લાં પંદર વરસ થયાં હું નૈસર્ગિક જીવનપદ્ધતિને અનુસરું છું. એનો ખ્યાલ આપવા 'કુમાર'ના વાચકો પાસે મારો દૈનિક કાર્યક્રમ આ નીચે રજૂ કરું છું. છેલ્લાં દસ વરસ થયાં હું નિવૃત્ત જીવન ગુજારું છું. મારી ઉંમર ૬૩ વરસની છે. દાંત, કાન, નાક, આંખો સર્વ ઇન્દ્રિયો નિયમિત કામ આપે છે.

૫-૩૦: બિછાનું છોડી ઊઠવું.

૫-૩૦થી ૫-૪૫: લીલું દાતણ દંતમંજન સાથે ખૂબ ઘસીને મોઢું અને દાંત સાફ કરવા. જીભ નરમ હાથે સાફ કરવી. ગળામાં આંગળાં નાખી ચીકણી લાળો કાઢવી. એક ગ્લાસ લીંબુવાળું પાણી પીવું.

૫-૪૫થી ૬: મળવિસર્જન. (દસ્ત બરાબર સાફ આવે છે.)

૬થી ૬-૧૫: સરસીઆ તેલની શરીરે માલિશ. શરીરના દરેક છિદ્રમાં તેલ લગાડવું. (ઉનાળાના ચાર માસ આ બંધ રાખું છું.)

૬-૧૫ થી ૬-૩૦: શીર્ષાસન—ભીંતના આશ્રય વગર—કરવું. દરમ્યાન દીર્ઘ શ્વાસ લેવાની ટેવ પડી ગઇ છે.

૬-૩૦ થી ૭: પશ્ચિમતાન આસન, હલાસન, વૃક્ષાસન અને બીજાં આસનો કરવાં તથા પેટ, હાથ, પગ, ગરદન, ખભાની બીજી હળવી કસરતો કરવી. ચાલુ ઊંડા શ્વાસ લેવા. જરા પણ થાક જણાતો નથી. કસરતો શરીરસિદ્ધ થઇ ગઇ છે. અનુભવીઓ પાસેથી તેની તાલીમ લીધી છે. કસરત દરમ્યાન દીર્ઘ શ્વાસ લેવાની ટેવ પડી છે.

૭ થી ૭-૩૦: ઉઘાડા પગે, પેની અધ્ધર રાખી, આંગળાંઓ ઉપર ધીમેથી દોડી આશરે બે માઈલ ફરી આવવું. (દસ મિનિટ સુધી ગાંધી બાગના જાહેર લીલા ઘાસના મેદાનમાં દોડવાનો આમાં સમાવેશ થાય છે). દોડતાં દોડતાં સૂકા ટુવાલથી શરીરના દરેક ભાગને સારીરીતે ધીમેધીમે ઘસતો જાઉં છું.

૭-૩૦ થી ૭-૩૫: ગાયનું તાજું દોહેલું ફીણવાળું દૂધ, ૩૦ તોલાના આશરે, ધીમેધીમે પીવું.

૭-૩૦ થી ૭-૪૫: રેડિયોમાં ખબરો સાંભળવી. દરમ્યાન ટુવાલથી અંગઘર્ષણ ચાલુ રહે છે.

૭-૪૫ થી ૮-૧૫: લેખન-વાચન.

૮-૧૫ થી ૮-૩૫: સ્નાન. પ્રથમ ટુવાલને ભીંજવી, નીચોવી, દસ મિનિટ ઘર્ષણસ્નાન કરીને પછી નળ નીચે બેસી જવું. ત્યારબાદ સૂકા ટુવાલથી શરીરને ખૂબ ઘસવું. ગરમ પાણીનો ઉપયોગ કરતો નથી.

૮-૩૫ થી ૮-૪૦: વસ્ત્રો પહેરવાં.

૮-૪૦ થી ૧૧-૧૫: લેખન.

૧૧-૧૫ થી ૧૧-૪૫: ભોજન. ભોજનમાં ઘઉંની ચાર રોટલી, પાંચ જાતની ભાજીઓ, સરગવાની શીંગો અને રીંગણાંનું મિશ્ર શાક, સાથે દહીંનો ૪૦ તોલાનો વાટકો અને જમ્યા બાદ છાશનો એક વાટકો. ભોજન ખૂબ ધીમેધીમે ચાવીને રસ કરીને ખાઉં છું.

૧૧-૪૫ થી ૧૨: બગીચામાં ધીમે પગલે ફરવું.

૧૨ થી ૧૨-૪૦: વર્તમાનપત્રો વાંચવાં.

૧૨-૪૦ થી ૧-૨૫: આરામ.

૧-૨૫ થી ૩: લેખન.

૩ થી ૪: માસિકો અને પુસ્તકોનું વાચન.

૪ થી ૪-૧૫: બે નારંગી ખાવી; ઉપરાંત દાંતેથી છોલીને શેરડી ખાવી, અથવા બીજાં થોડાં મોસમી ફળો ખાવાં.

૪-૧૫ થી ૫-૩૦: લેખન અને વાચન.

૫-૩૦ થી ૬-૧૫: મારા રહેવાના સ્થાનથી અઢી માઇલ દૂર અમારા કુટુંબની વેપારી ઑફિસમાં વાહન મારફતે જવું.

૬-૧૫ થી ૭: કાગળો અને તાજાં વર્તમાનપત્રો ત્યાં વાંચવાં.

૭ થી ૭-૪૫: લાયબ્રેરીઓમાં સમય ગાળવો."

૭-૪૫ થી ૮-૩૦: ઑફિસથી ઘેર અઢી માઈલ પગે ચાલીને આવવું.

૮-૩૦ થી ૮-૪૫: બીજી વખત મલવિસર્જન.

૮-૪૫ થી ૯: રાત્રિભોજન. બપોરનો કરેલો બાજરાનો એક રોટલો, બપોરનું ભાજીઓનું ફરી ગરમ કરેલું શાક. ૨૫ તોલા દૂધ.

૯ થી ૯-૧૫: બગીચામાં ધીમી ચાલે ફરવું

૯-૧૫ થી ૯-૪૫: રેડીઓમાં સમાચાર સાંભળવા.

૯-૪૫ થી ૧૧: ભજનો અને ગીતામનન.

૧૧ થી ૫-૩૦: ખુલ્લા આકાશ નીચે સૂઈ જવું. શિયાળાના કડક ઠંડીના બે માસ અને ચોમાસાના બે માસ માટે ઓરડામાં ફરજિયાત સૂવાનું રાખવું પડે છે. નાક ખુલ્લું રાખી ઓઢીને સૂવાની ટેવ છે. નિદ્રા સારી આવે છે.

આ કાર્યક્રમમાં રવિવાર અપવાદ છે. એ દિવસ મિત્રો સાથે વાર્તાલાપ અને વાચન માટે નિયત કરેલો છે.

નાટક-સીનેમા જોવા જવાની ટેવ નથી સભાઓમાં પણ બનતાં સુધી નથી જતો. બજારની રાંધેલી વસ્તુ ખોરાક તરીકે વાપરતો નથી. હૉટેલના ચા-કૉફીના રેગડા ગળામાં રેડતો નથી. તમાકુના પદાર્થો તરફ અભાવ છે. મરચાં-મસાલાનો ઉપયોગ કરાતો નથી. ભાંગ કે કેફી પદાર્થોનો જીભ વિરોધ કરે છે તેલનો ઉપયોગ મર્દન માટે જ કરું છું. સોપારી, એલચી, પાન વગેરેનું પણ વ્યસન નથી.

મનને સાત્ત્વિક રાખવા તથા આનંદમાં રહેવા માટે સંતોનાં ભજનો અને ગીતામનન ઉપર ચિત્ત ચોંટી રાખવાની ટેવ પાડી છે. આરોગ્ય મેળવવાથી સંધિવા, મસ્તકશૂલ, અપચો અને વાયુ દૂર થયાં છે નિયમિત ભૂખ લાગે છે. હજી ઓછું ખાવાની ટેવ પાડવા ઇચ્છું છું, મિષ્ટાન્ન અને ભજિયાં-કચોરી તરફ હજી ભાવ છે, પરંતુ આરોગ્યને હાનીકારક જાણી ક્વચિત વારપરબે કમને લઉં છું. વ્યસન માત્ર વાચનનું છે. તે વગર ચાલતું નથી. આંખોમાં ઘણાં વરસ થયાં મોતિયા છે તે આ વરસે પાકવાની ક્રિયા થતી ડૉક્ટરોને લાગે છે. પણ મને વાચન-લેખનમાં હજી તકલિફ નથી.

કોઇ વાચકમિત્ર ખુલાસા અથવા સુધારા સૂચવે તો આવકારપાત્ર ગણી પત્રવ્યવહાર ચલાવીશ. —ડુંગરશી ધરમશી સંપટ

વિટામીન 'એચ'

વિટામીન એ. બી. સી. ડી. અને ઈ. વિષે આપણે ઓછુંવત્તું જાણતા થઈ ગયા છીએ. પણ આહારશાસ્ત્રમાં હમણાં નવું વિટામીન 'એચ' ઉમેરાયું છે. એની વિશિષ્ટતા એ છે કે એ બહુ ઓછા પ્રમાણમાં હોય તોપણ શરીર-નિયામક અને સંરક્ષક તરીકે પૂરતું થઈ પડે. એક ઔંસના સોમા ભાગથી યે ઓછું એ વિટામીન તો માનવીની જિંદગી દરમ્યાન પૂરતું થઈ પડે! પણ તેનો અભાવ કે ન્યૂનતા ભયાનક ચિહ્નો પેદા કરે છે. તેની ન્યૂનતાને લીધે માથે તાલ, ચામડીનાં દરદો, શરીર ઉપર ફિકાશ, આળસ, થાક અને શરીરમાં દુખાવા વગેરે ઉપદ્રવો થાય છે.

ચાલીસ વર્ષો પૂર્વે અખતરાઓ વખતે વૈજ્ઞાનિકોના જાણવામાં આવ્યું કે કીટાણુઓના યોગ્ય ઉછેર માટે એક વિશિષ્ટ પ્રકારના પદાર્થની જરૂર રહે છે. આ અણજાણ પદાર્થને તે વખતે બાયોટીન (ગ્રીક શબ્દ 'બાયો' એટલે જીવન ઉપરથી) નામ આપવામાં આવ્યું હતું.

ઈ. ૧૯૨૨માં લીસ્ટર ઇન્સ્ટીટ્યૂટમાં ઉંદર ઉપર ખાદ્ય પદાર્થોના અખતરા કરતાં માલૂમ પડ્યું કે જે ઉંદરોને ફક્ત ઇંડાંની સફેદી પર ઉછેરવામાં આવ્યા તેમના વાળ ખરી પડ્યા અને ચામડીનાં દરદો થઈ આવ્યાં. આના નિવારણ અર્થે ઉંદરોના ખોરાકમાં એક જાતનો પદાર્થ-જેનું નામ વિટામીન 'એચ' આપવામાં આવ્યું-ઉમેરવામાં આવ્યો ને ઉંદરોની દર્દમય સ્થિતિ નાબૂદ થઇ. પછી તપાસ કરતા માલૂમ પડ્યું કે વિટામીન 'એચ' અને બાયોટીન એક જ વસ્તુ છે!

બાયોટીન-વિટામીન 'એચ' મુખ્યત્વે ઈંડાંની જર્દી-પીળા ભાગ-માંથી મળી આવે છે, પરંતુ એક ટન જેટલી જર્દીમાંથી માત્ર થોડું જ બાયોટીન મળી શકે છે. પણ તે ઉપરાંત લીલી શાકભાજી, તાજા લીલા દાણા, યીસ્ટ અને પ્રાણીઓના કલેજામાં તે સંઘરાએલું હોય છે, એટલે રોજિંદા ખોરાકમાં તે મેળવી શકાય. રાંધવાથી તે નાશ નથી પામતું. તેની ખોટ પૂરવા તાજાં ફળ અને લીલાં પાંદડાંવાળાં શાક ખાવાં જોઇએ. —શિવપ્રસાદ ત્રિવેદી

વિટામીન 'સી' આપનારૂં શ્રેષ્ઠ ફળ **આમળાં**

નારંગી, લીંબુ, કેરી, ટમેટાં, લીલાં પાંદડાંવાળાં શાક વગેરે વિટામીન 'સી'ના મુખ્ય ધારકો છે. લીંબુ-નારંગીના કરતાં લંગડા કેરીમાં વિટામીન સી ચાર ગણું ને જામફળમાં તો તે છ ગણું વધારે હોય છે. પરંતુ ઉપરની ચીજોના કરતાં યે તેને વધારે પ્રમાણમાં મેળવવાનું, ને ગ્રામજનતા પણ જે સહજમાં મેળવી શકે તેવું ઉત્તમ સાધન તો આમળાં છે. તાજા આમળાના એક ગ્રામ જેટલા ગરભમાંથી ૫ થી ૭ ગ્રામ જેટલું વિટામીન 'સી' પ્રાપ્ત થાય છે. બે નારંગી ખાઇએ અને જેટલું વિટામીન 'સી' મળે તેટલું સાધારણ કદના એક આમળામાંથી મળી રહે છે. આપણા શરીરની સામાન્ય રોજિંદી જરૂરિયાત પૂરતું વિટામીન 'સી' એક ગ્રામ સૂકા આમળાના ચૂર્ણમાંથી મળી રહે છે. ખૂબી તો એ છે કે આમળાં સૂકાવા છતાં તેમાંનું વિટામીન 'સી' નાશ નથી પામતું, કારણકે તેનામાં સમાએલા કેટલાક ટૅનીન પદાર્થો તેને જાળવી રાખે છે. વળી આમળાંનો રસ ઘણો આમ્લ હોય છે તે પણ તેના સંઘરામાં મદદકર્તા હોય છે.

આયુર્વેદમાં તો આમળાંને જીવનદાયી તરીકે શ્રેષ્ઠ કહ્યાં છે અને 'ચ્યવનપ્રાશ', 'જીવન' આદિ નવચેતનપ્રેરક અવલેહો આમળાંની જ બનાવટો છે એ જાણીતી વાત છે. —શિવપ્રસાદ ત્રિવેદી

૫૯ ભાષાનો જાણકાર કે. અમૃત રાવ

હિન્દુસ્તાનનો કિનારો છોડયા વિના અને વિદ્યાપીઠોમાં રીતસરનો શાસ્ત્રીય અભ્યાસ કર્યા વિના એક-બે નહિ, પાંચ-પચીસ નહિ. પણ ઓછામાં ઓછી ઓગણસાઠ ભાષાનું જ્ઞાન ધરાવનાર હિન્દમાં એક વિદ્વાન છે. એ પાંસઠ વર્ષના શ્રી. કે. અમૃત રાવ 'બૅંગલોર ઈન્સ્ટીટ્યૂટ ઑવ સાયન્સ'ના આજસુધી માનનીય ગ્રન્થપાલ હતા ને સર સી. વી. રામન જેવાએ મુક્તકંઠે એમની પ્રશંસા કરતાં કહ્યું હતું કે પોતે અનેકવિધ માણસોના વર્ગોના પરિચયમાં આવનારા છતાં આવી અનન્ય શક્તિવાળો માણસ તેમના જોયા-જાણ્યામાં આવ્યો નથી. હાલની જીવનસંધ્યાએ પણ તેમણે પૂનાની વાડિયા કૉલેજનું ભાષાશાસ્ત્રનું માનદ અધ્યાપકપદ સ્વીકાર્યું છે ને ત્યાં તેઓ લૅટિન, જર્મન અને ફ્રેન્ચ ભાષાઓ શીખવે છે. બીજી અનેક ભાષાઓમાં સંસ્કૃત, ચીની અને જાપાની સુદ્ધાં તે જાણે છે. આ ભાષાઓ પૈકી કોઈ પણ એકાદ પર પ્રભુત્વ પ્રાપ્ત કરવું એ એક મહાન સાફલ્ય છે, પણ અમૃતરાવે તો અનેક સાફલ્ય પ્રાપ્ત કરેલાં છે અને યુરોપની ભાષાસમૃદ્ધિના જ્ઞાનમાં હજુ ય તેઓ ઉત્તરોત્તર વૃદ્ધિ જ કરતા રહ્યા છે.

ભાષાજ્ઞાનપ્રાપ્તિની આવી આશ્ચર્યજનક શક્તિના મૂળમાં રહેલું રહસ્ય સમજાવતાં તેઓ કહે છે કે તે તો તદ્દન સાદું-સીધું છે. 'બાળક શીખે તેમ ભાષા શીખો; શક્ય હોય તો તો બાળકને જ તમારો શિક્ષક બનાવી તેની પાસેથી ભાષા શીખો.' ('યુગાન્તર')

પોતાના યુગને જે માણસે પીછાન્યો છે તે સર્વ યુગનો સ્વામી છે —ગટે


આ માસ ઈતિહાસમાં

જૂન

તા. ૧ હિંદ પર આધિપત્ય જમાવનાર ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું વિસર્જન, ૧૮૭૪.
તા. ૩ સ્ત્રીઓની પ્રથમ વિદ્યાપીઠના બીજરૂપ કર્વે મહિલા વિદ્યાલયની સ્થાપના, ૧૯૧૬.
તા. ૯ નાદીરશાહનું ખૂન, ૧૭૪૭.
તા. ૧૨ સર્વન્ટસ ઑવ ઇન્ડિયા સોસાઇટીની પૂનામાં સ્થાપના થઈ, ૧૯૦૫.
તા. ૧૭ લોકમાન્ય ટિળકના જોડીદાર ગોપાળરાવ ગણેશ આગરકરનું અવસાન, ૧૮૯૫.
તા. ૨૨ ઈટાલીની આઝાદીના તત્ત્વનિષ્ઠ યોદ્ધા જિસેપ મૅઝિનીનો જન્મ, ૧૮૦૫
તા. ૨૬ હિંદમાં સોનાનું ચલણ શરૂ. ૧૮૯૩.
તા. ૨૯ સિકંદરનું અવસાન. ઈ. પૂર્વ ૩૨૩.

આ માસની વ્યક્તિવિશેષ

માઇકેલ મધુસૂદન દત્ત



'મેઘનાદ વધ' મહાકાવ્યની અપૂર્વ કૃતિથી બંગાળી સાહિત્યમાં અગ્રત્વ પામેલા આ કવિનો જન્મ ઈ. ૧૮૨૪માં સાગરદારી નામે ગામડામાં થયો હતો. હિંદુ કૉલેજમાં ત્યાંના ક્રાન્તિકારી શિક્ષક હેન્રી ડેરોઝિયોની અસર તળે એ આવ્યા ને અંગ્રેજી કાવ્યો લખવાથી સાહિત્યિક જીવન શરૂ થયું. પિતાએ જૂની રૂઢિથી લગ્ન કરવાનું ઠરાવતાં તેના વિરોધમાં ૧૮૪૩ની ૯મી ફેબ્રુઆરીએ તે ખ્રિસ્તી બની ગયા. અભ્યાસ બિશપ કૉલેજમાં ચાલુ રાખ્યો, જ્યાં ગ્રીક, લાટીન ને સંસ્કૃત પર કાબૂ મેળવ્યો. ૧૮૪૮માં મદ્રાસ ગયા ત્યાં તામિલ ને તેલુગુ હાથ કરી લીધી. ત્યાં ગળીનું વાવેતર કરનાર એક અંગ્રેજની પુત્રી જોડે લગ્ન કર્યું, પણ ન ફાવતાં છૂટા થઇ પ્રેસિડેન્સી કૉલેજના અધ્યક્ષની પુત્રી સાથે બીજું લગ્ન કર્યું.

૧૮૫૬માં ત્યાંથી પાછા ફરી કલકત્તાની પોલીસ કોર્ટમાં દુભાષિયાની નોકરીમાં રહ્યા ને ૧૮૬૨માં યુરોપ ગયા, જ્યાં ફ્રેન્ચ, જર્મન ઇટાલિયન અને હિબ્રુ ભાષાઓ પર પ્રભુત્વ મેળવવા ઉપરાંત બૅરિસ્ટર થઈ પાછા આવ્યા. પણ સ્વદેશમાં વકીલાત જરા યે ચાલી નહિ જીવનનાં છેલ્લાં વર્ષો દુઃખ ને ભૂખમરામાં વીત્યાં, જેમાંથી છૂટવા છેલ્લે એમણે દારૂનો આશ્રય લીધેલો. અને અંતે ૧૮૭૩ની ૨૯મી જૂને અલીપોરની ધર્માદા દવાશાળામાં એ મહાસિદ્ધિ ભર્યા જીવનનો કરુણ અંત આવ્યો.

સોરઠા

સ્વાર્થસાધુ સંસાર, સહાય ખાતે એહની
આશા રાખ ઉધાર, જાત એકલીને જમા


પૂજાલાલ

કોઈ છોકરાઓએ મગફળી ખાઇને વર્ગમાં છોડાં વેરેલાં; પણ શિક્ષકે પૂછતાં વર્ગમાં કોઇ જ માન્યું નહિ, એટલે સજા તરીકે શિક્ષકે આખા વર્ગને એ છોડાં વીણી બહાર ફેંકી આવવાની આજ્ઞા કરી. બધા છોકરા ઊઠયા, પણ બલવંત ન ઊઠયો. શિક્ષકે એને ધમકાવતાં એ બોલ્યો 'મેં મગફળી ખાધી નથી, એટલે હું નહિ ફેંકું.' આ અનાદરથી શિક્ષકે સોટી લીધી એટલે બલવંતે દફતર લઈ ચાલવા માંડયું. આ નિશ્ચલાચરણથી દંગ બનેલા શિક્ષકને પાછળથી જ્યારે ખરા મગફળી ખાનારનાં નામની ખબર પડી ત્યારે પોતાની જિદ માટે એ પસ્તાયા. એ સ્વમાન-ટેકી છોકરો તે બાલ ગંગાધર તિલક.

ગણિત ગમ્મત

$$૩ \div ૧ = ૩$$
$$(૪+૫) \div (૧+૨) = ૩$$
$$(૫+૬+૭) \div (૧+૨+૩) = ૩$$
$$(૬+૭+૮+૯) \div (૧+૨+૩+૪) = ૩$$
$$(૭+૮+૯+૧૦+૧૧) \div (૧+૨+૩+૪+૫) = ૩$$

અને એ પ્રમાણે આગળ. (મ. ના. ખત્રી)



ખોટી વાત!


વૉટર્લૂનું યુદ્ધ વૉટર્લૂ મુકામે લડાયું જ નહતું. જર્મનો તેને 'બેલ એલાયન્સ'નું યુદ્ધ કહે છે, અને ફ્રેન્ચો 'મૉન્ત-સેઈન્ત જ્યાં'નું યુદ્ધ કહે છે. વૉટર્લૂ તો ખરા યુદ્ધક્ષેત્રથી ચાર માઈલ દૂરનું એક ગામડું છે, જ્યાં રહીને સેનાપતિ વેલિંગ્ટન પોતાના ખરીતા મોકલતો. એ ખરા યુદ્ધક્ષેત્રની નજીકમાં બેલ્જિયમની સરકારે ૨૦૦ ફૂટ ઊંચો એક ટેકરો ઊભો કર્યો છે. જેને માથાળે વિજયના પ્રતીક તરીકે, યુદ્ધમાં કબજે કરેલી ફ્રેન્ચ તોપોને ગાળીને ઢાળવામાં આવેલી ૨૮ ટન વજનની સિંહની એક મૂર્તિ ઊભી કરવામાં આવી છે (જુઓ ઉપરનું ચિત્ર)



છઠ્ઠી સદીની શરૂમાં ગુર્જર જાતિની ટોળીઓ અહીં ઊતરી આવી. તેમનું મુખ્ય રાજ્ય રાજપુતાનામાં સ્થપાયું. આબુની વાયવ્યે ભિન્નમાલ તેમની રાજધાની હતી, જ્યાં યજ્ઞવેદીમાંથી પરિહાર (પ્રતિહાર) આદિ વંશો પ્રકટ્યાની કથા છે. એ ગુર્જર-પ્રતિહારોએ ઉત્તર હિંદમાં વિસ્તરી મહારાજ્ય જમાવ્યું, જેમાં 'ભોજ' નામે ખ્યાત થએલો કનોજનો મિહિર-પ્રતિહાર (ઈ ૮૪૦થી ૮૯૦) પ્રતાપી થઈ ગયો. એ વિષ્ણુપૂજક હોઇ તેના સિક્કા પર વિષ્ણુના અવતાર 'આદિ-વરાહ' ને લક્ષ્મીની છાપ મળી આવે છે. ઉપરના ચિત્રમાં એક બાજુ વરાહ ઉપરાંત ત્રિશૂલ, સિંહ, સૂર્ય ને ચન્દ્રનાં ચિત્રો છે, બીજી બાજુ 'આદિ-વરાહ' અક્ષરો વગેરે છે. દ્રામ નામે ગ્રીક સિક્કાના અનુકરણ જેવા એ સિક્કા હોવાથી બધા ગુર્જર સિક્કાઓ પાછળથી 'દ્રમ' નામે ઓળખાયા.

કહેવતોના અર્થ: 'કાકા મટીને ભત્રીજા થવું'-ફાયદાકારક અગર ઉપર હાથવાળી અધિકારયુક્ત પરિસ્થિતિમાંથી ફેરવાઇને, ઊતરતી, તાબેદારીની અગર નુકસાનકર્તા સ્થિતિમાં મુકાઈ જવાનો ભાવ દર્શાવતી આ કહેવતને મળતી બીજી એવી જ કહેવતો પણ છે: 'ઘરધણી મટીને પાડોશી થવું', 'શેઠ મટીને વાણોતર થવું', 'દેતાશા દાતણીઆ થયા ને સદાવ્રત લેવાને ગયા' વગેરે.

અનેકાર્થી શબ્દ: **ઉત્તર**=દિશાનું નામ; જવાબ; પાછલું અથવા પછીનું; બાણનું વધવું કે વધારે; ડાબું; ગણિત શ્રેઢીમાં બે સંખ્યાની વચમાંનું અંતર-કૉમન રેશિયો.




જાડા વાંસની એક કાતળીની પોણા તથા પા ભાગની બે ઊભી ફાડ કરી, ઘસી સાફ કરીને, ચિત્ર પ્રમાણે લાકડાના નાજુક પાયા ને ઉપર બોરલ ગાડી દેવાથી દેખાવડી ડાબલી તૈયાર થશે. (પુ. પ્રા. સંઘવી)



સમુદ્ર-તરંગ (રંગીન વૂડકટ ઉપરથી) ચિત્રકાર : જાપાની કલાકાર હોકુસાઇ

જાપાનની લોકભોગ્ય ચિત્રશૈલીના સર્વશ્રેષ્ઠ કલાકાર ગણાતા હોકુસાઇ કાત્સુશુકા (ઈ. ૧૭૬૦ થી ૧૮૪૯)ની ઉત્તમ કૃતિઓ-માંનું એક ગણાતું આ ચિત્ર મૂળ તો એણે, જાપાનીઓના પૂજ્ય ગિરિશિખર ફ્યૂજી યામાનાં સો ચિત્રોની કરેલી માળામાંનું એક છે. (ચિત્રમાં ક્ષિતિજ પર ફ્યૂજી પર્વત જણાય છે.) સમુદ્રના તરંગનાં વેગસૌન્દર્ય અને ભીષણ રમણીયતાને લાક્ષણિકરૂપ આપીને તેણે તેમાં પ્રકટ કર્યાં છે. આ પ્રકારનાં અનેકરંગી વૂડકટ અને બીજાં ચિત્રો ઉપરાંત તેણે સંખ્યાબંધ ગ્રંથો ચિત્રિત કર્યા છે. જેમાં 'માંગ્વા' નામની જાપાની જીવનની જગવિખ્યાત 'પિક્ટોરિયલ એન્સાઇક્લોપીડિયા'ના પંદર મોટા ગ્રંથોનો સમાવેશ થાય છે. ટોકિયો (યેદો) શહેરના નાકાજીમા ઇસ્સાઈ નામના એક ગરીબ દર્પણ બનાવનાર કારીગરનો એ છોકરો. કાઠ-કોતર-કલામાં થોડી તાલીમ લઇ એ ૧૮મે વર્ષે કાત્સુગાવા નામના નામી કલાકારને ત્યાં શીખવા રહ્યો, પણ ગુરુની ચિત્રશૈલી પ્રત્યે આદર ન પ્રકટવાથી તેને ત્યાંથી રૂખસદ મળી; ને તે પછી પોતાની સ્વતંત્ર ચિત્રશૈલી જમાવી તથા ખીલવીને તે એટલો તો લોકપ્રિય બન્યો કે પશ્ચિમી કલાકોવિદોને મતે તો દુનિયાના શ્રેષ્ઠ કલાકારોમાં સ્થાન પામ્યો. છતાં તેનું જીવન આખું સામાન્ય સ્થિતિમાં–ને ક્વચિત તો ગરીબીમાં જ વીત્યું હતું. અને તેને માટે કશા પણ વસવસા વિના તે પોતાને ખેડૂત તરીકે જ ઓળખાવતો.



કાર્ડ-કવર પહેલાંની ચિઠ્ઠીપત્રીઓ

ટપાલની ટિકિટો શરૂ થઈ તે અરસામાં કાર્ડ કે કવરને બદલે લખેલા કાગળની ઘડી વાળી તે પર જ ટિકિટ ચોડી મોકલાતા. તેના બે નમૂના આપ્યા છે. તેમાં ટિકિટો પર જ કરાતાં લખાણ નોંધપાત્ર જણાય છે. આજે તો ટિકિટ પર ભૂલેચૂકે જરા ડાઘ પડી ગયો હોય તો પણ નથી ચાલતી; તેને બદલે ઉપલા નમૂનામાં ટિકિટ પર જ 'રવાને સાહીલે(સાયલા)થી સા. મુળચંદ મલ' એવું લખેલું છે ! આ ઉપરાંત ટિકિટ પર આડાઊભી લીટીઓ વડે જાળી પણ પાડેલી મળી આવે છે. નીચલા ચિત્રમાં પોસ્ટ માસ્તરે હાથેથી તારીખ (૨૯-૯-૬૫) લખેલી છે તે પરથી કલ્પના થાય છે કે ટિકિટોને રદ કરવાના સિક્કા દાખલ થયા અગાઉ ટિકિટો પર જાળી પાડીને અગર લખાણ લખીને તેને રદ કરવામાં આવતી હશે. (હ. ઑ.)